'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર સત્યથી સંસારપાર

॥ ૧૦ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


ઋત-સત્યસંકલ્પી સત્પુરુષો-સચ્ચિદાનંદ-સત્યાગ્રહ-અસત્ય

સત્ય સદા ઉપસ્થિત છે...

ફક્ત તેને ગ્રહણ કરવાની જે વસ્તુની જરૂર છેઃ
વિચારોની શાંતતા તથા ચિત્તવૃત્તિઓની શૂન્યતા.
સત્યનું સર્જન થતું નથી પણ દર્શન થાય છે.
હજારો માઈલની યાત્રા પણ એક જ કદમથી શરૂ અને
એક જ કદમથી પૂરી થાય છે,
માટે સત્યની દિશામાં એક જ કદમ ઉઠાવવાની જરૂર છે.
સત્ય કોઈ સિદ્ધાંત કે શબ્દ નથી - એક અનુભૂતિ છે.
જે છે, તેની સાથે એક થઈ જવું, તે સત્ય છે.
અસત્યની અપેક્ષાએ સત્યનું બળ અધિક છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

## પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર સત્યથી સંસારપાર

॥ ૧૦ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


ઋત-સત્યસંકલ્પી સત્પુરુષો-સચ્ચિદાનંદ-સત્યાગ્રહ-અસત્ય

- **PARAM BHADRANKAR SATYA THI SANSAR PAAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Truth and its impacts by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 10**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




પરમ પૂજ્ય પરમોપકારી અધ્યાત્મ ઉપનિષદ્‌વેત્તા પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી લિખિત 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ગ્રંથોમાંથી વિવિધ વિષયોના ચિંતનોની જે નવી આવૃત્તિઓ પ્રકટ થઈ રહી છે, તેમાં 'સત્ય' વિષયનું ચિંતન તો અત્યંત માર્મિક છે. આવો, એક ચિંતન જોઈએ: ''દેશ-કાલથી અબાધિત એવું પરમ તત્ત્વ 'સત્ય' કહેવાય છે. જૈનધર્મનાં ૪ સ્તંભ (૧) સત્ય (૨) તપ (૩) દયા (૪) દાનમાં સત્ય પ્રથમ સ્તંભ છે. આત્મોપમ્યની ભાવના જ પરમ સત્ય છે, જે ન્યાય, નીતિ અને ધર્મોનું મૂળ છે. ધર્મની અધિક્તા સત્ય છે. સત્ય શોધવાની તીવ્ર ઈચ્છા એ આત્મકૃપા. કૃતજ્ઞતા અને પરોપકારની બે માત્રા ચઢયા વિના સત્ય જૈનપણું સંભવે જ નહીં. સત્યનું સ્વાગત કરવા ધર્મ સદા ઉદ્યત રહીને નમ્રતા અને ઉદારતાને પોષે છે.''

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ બૃહદ્ ભાગમાંથી હવે વિષયક્રમ રૂપે પ્રકાશિત આ ચિંતનોના લઘુસંપુટો સૌને ખૂબ જ ઉપયોગી-ઉપકારક બની રહ્યાં છે, તેનો આનંદ છે.

આવા અનુપમ ચિંતનોનો ખજાનો આપણા સુધી પહોંચાડનાર આપણા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો દસ વર્ષનો જબ્બર પુરૂષાર્થ અને સુશ્રાવિકા માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** પરિવાર એવં તેમના વિનયી સુપુત્રરત્ન **પારસભાઈ**ની આ લઘુભાગો માટેની આર્થિક ઉદારતાનો સંગમ એટલે આપના હાથમાં રહેલ યથાર્થ ચિંતન અને વચનયુક્ત અનુપ્રેક્ષાનું આ ઝરણું - નઝરાણું!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

સત્ય = જે પ્રાણી, પદાર્થ, પ્રકૃતિને હિતકર હોય તે.

'સત્ય' એટલે અનુભવથી અબાધિત તત્ત્વ.

સત્ય = અસ્તિત્વ - અમિત્વ - વાણીથી ભિન્ન.

'સત્ય' એટલે સમાહિત. 'સમાહિત' એટલે આત્મા.

'સમાહિત' એટલે સત્ય અને સ્વનું સર્વ સાથે સમત્વ.

'સત્ય' એટલે ન્યાય અને નીતિ, જે ધર્મનો આધાર છે.

'સત્ય' એટલે એક એવું વિરાટ અસ્તિત્વનું બિન્દુ કે જ્યાં જાણનાર, જાણવાનો વિષય, જાણવાની ક્રિયા - આ ત્રણેય સમાઈ જાય છે.

સતને ટકાવી રાખનાર, રક્ષા કરનાર જે હોય, તે સત્ય.

જેનાથી પરને હિત થાય, તે સત્ય છે.

સત્ય તે મારું, કિન્તુ મારું તે સત્ય નહીં.

°

સત્ય એટલે all and everything.

સત્ય એટલે similarity of substance and sameness of purpose.

## 'સત્ય' એટલે...

સાતત્ય, ધ્રુવ, નિત્ય, શાશ્વત, સનાતન, અખંડ, અનંત.

'સત્ય' એટલે... યથાર્થ ચિન્તન અને વચન, પરન્તુ
સત્યની વ્યાખ્યા શબ્દથી નહીં, મૌનથી જ શક્ય છે.
'સત્ય'નો અર્થ વસ્તુને સર્વ બાજુએથી જોવું, તે છે.
'સત્ય'નો અર્થ જ વર્તમાન કે વિદ્યમાન છે.
જગતમાં જે કંઈ છે, તે વર્તમાન - વિદ્યમાન જ છે.

## 'સત્ય' એટલે...

યથાર્થ[1] કથન, નિયમાનુવર્તન[2], પ્રતિજ્ઞાપાલન[3],
મનવચનને[4] અગોચર તથા આત્માથી[5] જુદું છતાં અભિન્ન.
સમતા, સંતોષ અને અહિંસાની બધી જ
સદ્‌વૃત્તિઓ સત્યમાં જ અંતર્ભાવ પામે છે.
એક સાર્વભૌમ સત્યમાંથી જ બધી
શુભ વૃત્તિઓ અને અશેષ ધર્મસિદ્ધાંતો નીકળે છે.
અંતે સદા નિર્દેશ થાય છે કે...
સત્ય એટલે આત્મા, અંતરાત્મા, પરમાત્મા, વિશ્વાત્મા.

ધર્મો રક્ષતિ રક્ષિતઃ । જે ધર્મને રક્ષે, તેનું રક્ષણ ધર્મ કરે.

સત્ય એ ધર્મ છે અને તેના પરિણામ રૂપે
જીવન તથા આચરણમાં પ્રામાણિકતા હોવા જોઈએ.
સત્ય અને પ્રામાણિકતાનું આચરણ કરનારનું
રક્ષણ એનો ધર્મ કરે જ છે, પછી
તે આચરણ કરનાર વ્યક્તિ હોય કે સમષ્ટિ હો !
જીવનનું રક્ષણહાર જે સત્ય,
તેનો દેશવટો આપનારનું રક્ષણ કોણ કરે?
'ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।' એ સૂત્રમાં જે સત્ય રહેલું છે,
તે સત્ય માત્ર વિચારનું નહિ, કિન્તુ આચારનું છે.
ધર્મનો માત્ર વિચાર નહીં પણ અનુસરણ કરે અને
એ રીતે ધર્મનું રક્ષણ કરે, એનું રક્ષણ ધર્મ કરે છે.
આ સૂત્રનું બળ ધર્મના આચરણમાં રહેલું છે.
દર્શન એ જ્ઞાનશુદ્ધિ અને સત્યની પરાકાષ્ઠા છે.
દર્શન માટે સત્ય આત્મા, પ્રાર્થના માટે સત્ય ઈશ્વર
તથા અનુસરણ માટે સત્ય ધર્મ જરૂરી છે.

આપણે આદર્શ માનીએ, તેવું આચરણ કરવું નહીં,
તે જીવનનું પરમ કર્તવ્ય – પરમ સત્ય છે.

આ પરમ સત્યની ઉપાસના કરી તેને
આચરણમાં જે મૂર્ત કરવું, તે ધર્મમાર્ગનું પરમ ધ્યેય છે.

ધર્મના પાયામાં સત્ય અને શીલની પ્રતિષ્ઠા છે.
જેઓના જીવનમાં તે જો છે, તેઓને નમવું અને
તેવું જીવન જીવવા માટે પ્રયત્નશીલ રહેવું, એ ધર્મ.

સત્ય આત્મપ્રકાશ તથા મોક્ષમાર્ગનો પથપ્રદર્શક છે.
ધર્મપ્રદાનનું કામ સહેલું નહિ, માટે જ
એ કામ એની યોગ્યતા ધરાવનારા ઉપર રાખી,
આપણે તો આપણી શક્તિના પ્રમાણમાં
અસત્યના પ્રતિકાર – સત્યના પ્રચાર માટે સજ્જ રહેવું.

જગતના સૌ ધર્મોમાં દાન, દયા, ક્ષમા, સત્ય, અહિંસા –
એ પાંચ વસ્તુ રહેલી જ છે.

લૌકિકમાનસ વિષયો તરફ દીન રહે છે, જ્યારે
ધર્મ તરફ ફકીર રહે છે, તેથી તેમને સત્ય લાધતું નહિ.

# ધર્મ એટલે સત્ય.

સત્યવાદી તે ધર્મવાદી અને ધર્મવાદી તે સત્યવાદી.

બ્રહ્મના જ બે સ્વરૂપ - સત્ય અને ધર્મ છે.

ધર્મ સત્યના પાયા ઉપર જ ઊભો છે.

'ૐ તત્ સત્ ।'

બ્રહ્મનિર્દેશ સૂત્ર એ જ 3 વાતને ત્રણ શબ્દોમાં કહે છે.

અ = શ્રોત્રિયત્વ ⎫ મનમાં જે હોય,<br>
ઉ = અકામહતત્વ ⎬ તે વચનમાં કહેવું,<br>
મ = અવૃજિનત્વ ⎭ તે સૂત્ર સત્ય છે.

કયા ગુણને કારણે કયું બોલવું મળે?

તમોગુણના કારણે : દટે - જૂઠોંક,

રજોગુણના કારણે : સ્વાર્થ - ભૂપઃબોલવું,

સત્વગુણના કારણે : મન - સ્વબોલવું,

વિજ્ઞાનગુણના કારણે : જ્ઞાન, ઇચ્છા, ક્રિયા - જનબોલવું,

સત્ગુણના કારણે તપબોલવું, ચિત્ગુણના કારણે મટબોલવું

તથા આનંદગુણના કારણે સત્યબોલવું મળે છે.

# સત્ય અને શુદ્ધ ધર્મ કયો હોય ?

જીવનું દુર્ગતિગમન અટકાવનાર અર્થાત્ દુર્ગતિના કારણભૂત કર્મોને જીવમાં પ્રવેશ થતાં રોકી દેનાર વસ્તુને જ સત્ય ધર્મ તરીકે ગણી શકાય.

સત્ય અને શુદ્ધ ધર્મ તો

હિંસા આદિ પાપોથી સર્વથા વિરામ પામવારૂપ અને હેતુ - સ્વરૂપ - અનુબંધ, આમ ત્રણેથી શુદ્ધ હોય છે.

ધર્મનાં મહત્ત્વનાં ૩ અંગો = સત્ય, ન્યાય તથા દયા છે, કિન્તુ ધર્મનું હાર્દ તો અહિંસા અને સત્ય જ છે.

અહિંસા અને સત્ય એટલે તો જાણે સ્વર્ગનું રાજ્ય.

ધર્મવિજ્ઞાનોમાં વિધિની જરૂર એટલા માટે છે કે તે તીર્થંકરોની અહિંસા અને સત્યની યાદ આપે છે.

ધર્મનું નામ એવું કે ધર્મના નામ ઉપરથી નહીં પણ તેના દેવના નામ ઉપરથી જ પડે છે, તેથી જિનેન્દ્ર મૂળવાળો, અહિંસા લિંગવાળો અથવા સત્યની અધિષ્ઠાનત્વવાળો ધર્મ જિનેન્દ્ર - અહિંસા કે સત્ય નહીં, 'જૈન ધર્મ' ઇત્યાદિ છે.

ધર્મના મૂળ તરીકે જિનદેવને મૂકી,
સ્વરૂપ તરીકે સત્યદેવને નહીં મૂકતાં અહિંસાને કેમ મૂકી?

ઉત્તર: જેમ પહેલાં વૃક્ષનું સ્વરૂપ કેવું છે, તે જોઈને પછી જ એ વૃક્ષના અધિષ્ઠાયક જાણે છે અને વળી તેની બોરડી અથવા બાવળના અધિષ્ઠાયક નહિ જાણતાં, તેમ જે ધર્મમાં દયા, અહિંસા કે કરુણાદિકની લહેરીઓ પ્રવર્તતી નહિ, તે ધર્મ પણ અધિષ્ઠાયક ન જાણી શકે.

ધર્મમાં સત્યદેવનું અધિષ્ઠાતાપણું ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી જગતી સાથે મૈત્રી + દયાનું અસ્તિત્વ છે. દયાના અસ્તિત્વ વિનાની ચીજમાં સત્યદેવનું અધિષ્ઠાતૃત્વ નહિ.

તપ, અહિંસા અને સત્ય આદિ

ધર્મની પાછળ પણ જો જિનદેવને ન લાવે, તો તે ધર્મ તરફ તેમને પણ ઘૃણા ઉત્પન્ન થવી જોઈએ. જેમાંથી જિનદેવ શાખા છે, જેમના જ સત્ય અને દયા આદિ ધર્મોનું મૂલ્ય છે, જિનદેવ વિનાના સત્ય અને દયા આત્મા વિનાના દેહની જેમ નિર્માલ્ય - નિર્જીવ છે.

'સત્યમેવ જયતિ નાઽનૃતમ્ ।'

શરીર ઉપર આત્માનો, ઈંદ્રિયો ઉપર મનનો અને
અસત્ય ઉપર સત્યનો વિજય ધર્મ દ્વારા જ થાય છે.

ધર્મ અને વિજ્ઞાન વચ્ચે રહેલી ભેદરેખાને
બરાબર સમજવી, એ જ સત્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ
માનવી માટે સાચો અને સહીસલામત માર્ગ ગણાયો છે.
આજના સમયે આ વિવેક અને વિભાગ આવશ્યક છે.
ધર્મવિહીન વિજ્ઞાન એ એક પ્રકારનું અજ્ઞાન જ છે.

દરેક ધર્મનું એક લક્ષણ તો સત્ય છે જ.
સત્ય એટલે મિથ્યા અને અહિતકર વચન ન બોલવું
અર્થાત્ પોતાના જ્ઞાનાનુસાર સત્ય જ બોલવું.
સત્ય એ જો ભગવાન છે, તો અહિંસા ભગવતી છે.

જેનામાં વસતા રહે, તે જૈન બની શકે છે.
મારવું તે હિંસા છે, અપરાધીનો સામનો કરવો તે ધર્મ છે.
મોટી હિંસા અટકાવવા માટે નાની હિંસા ક્ષમ્ય છે.
ભાવઅહિંસા બચાવવા દ્રવ્યહિંસાને ક્ષમ્ય ગણવી પડે છે.

શાસ્ત્રો કહે છે: સત્ય બોલવાથી જો હિંસા વધતી હોય,
તો તેવું સત્ય બોલવાની પણ છૂટ નથી.

અહિંસાની વૃદ્ધિ માટે અસત્ય બોલવાનો ય અવકાશ છે
અને હિંસાને ટાળવા જૂઠ બોલવાની ય છૂટ છે.
સત્યનું બળ સંખ્યા ઉપર નહીં, કિન્તુ પોતાના ઉપર છે
અને શાસ્ત્રોમાં કહ્યું છે તે મુજબ સંસ્કારોની
સબળતા નહીં, નિર્બળતાનો આધાર સત્યાસત્ય છે.

સત્ય સદા વિજયવંતુ જ છે.

જીવનમાં સૌને સર્વેના વચનને માનવાનું નથી
મોક્ષ પ્રત્યે વફાદારી રાખવાનું વિનય જ શીખવે છે.
એ વફાદારીપૂર્વકની અહિંસા અને
સત્ય જ મોક્ષફળને આપનાર થાય છે.
જેમ બાવળનાં લાકડાં લાંબો કાળ ટકતાં નથી, તેમ
વિનય વિનાની દયા અને સત્યના અંકુર પણ
થોડાં જ કાળમાં બળી જાય છે, આથી મોક્ષની ઇચ્છા
હોવા વિનય એ જ ધર્મનું મૂળ છે, એમ સિદ્ધ થાય છે.

જૈન શાસનમાં ધર્મનું મૂળ વિનય છે,

ધર્મનું સ્વરૂપ અહિંસા છે અને અધિષ્ઠાતા સત્ય છે.

વિનયહીન, અહિંસક અને સત્યવક્તા માનવ

લાલચોંધમાં પણ મૂળ વિનાના વૃક્ષની શોભા ધરાવે છે.

વિનયગુણને ધર્મનું મૂળ નહીં માનતાં

જો અહિંસા અથવા સત્યને માનીએ,

તો બાળકોને પણ મોક્ષની પ્રાપ્તિ થઈ જવી જોઈએ,

કારણકે બાળકો પણ સંપૂર્ણ અહિંસક છે તો

નિરપવાદ સત્ય બોલનારા પણ હોઈ શકે છે.

બાળકોમાં વિનય વિનાના

દયા અને સત્ય હોય છે, કિન્તુ તે મિથ્યા ગણાય છે.

જે વૃક્ષ ફૂલ જ ન આપે,

તે ખેડૂતને મન જરૂરથી ભારરૂપ બને છે, એ ન્યાયે

બાળકોના અહિંસા + સત્ય અફળ હોવાથી નિરર્થક છે.

ભવ્ય જીવને જે ધર્મ મોક્ષ આપે,

તે જ બાળકોને સંસારમાં રખડાવનાર બને છે.

|| સત્ય શોધવાની તીવ્ર ઇચ્છા એ આત્મકૃપા. ||
|| શાસ્ત્રાભ્યાસ માટે પ્રીતિ થવી, તે શાસ્ત્રકૃપા. ||

જ્યારે જ્ઞાન અને ક્રિયાશક્તિની

જો ભાષા 'જન' શબ્દ ઉપર આવે, ત્યારે 'જૈન' બને.

કૃતજ્ઞતા અને પરોપકારની જો ભાષા
સમજ્યાં વિના સત્ય જૈનત્વનું સંભવે જ નહીં.

હૃદયના વિકાસ વગર, સત્ય આશયની વિશાળતા વગર
અને બુદ્ધિની સૂક્ષ્મતા વગર જૈનત્વ કે જૈનધર્મ નહિ.
ધર્મના પ્રભાવે જ સત્ય - અસત્ય, જ્યોતિ - અંધકાર,
સમર્પણ - સ્વાર્થ એ જોડીઓ સાથે રહી શકતી નહિ.
પોતપોતાની દૃષ્ટિએ સૌ સત્ય છે, પરની દૃષ્ટિએ અસત્ય!
મનમાં રહેલો અંધકાર સત્યને આવરી રાખે છે, તેથી
મનને પૂર્ણ પ્રકાશ તો કદી મળી જ શકતો નહિ.

ધર્મ બુદ્ધિને કુંઠિત કરતો નહિ, કિન્તુ
સત્યનું સ્વાગત કરવા માટે સદા ઉદ્યત રહે છે અને
હંમેશા નમ્રતા અને ઉદારતાને પોષે છે.

# જૈન ધર્મના ૪ સ્તંભ

(૧) સત્ય (૨) તપ (૩) દયા (૪) દાન.

## આત્મૌપમ્યની ભાવના એ જ પરમ સત્ય.

સત્યની શોધ કરનારાઓ સૌને પવન અનુકૂળ થશે, પાણી મીઠું મળશે, વનસ્પતિ મધુર થશે, રાત્રિ કલ્યાણપ્રદ, પ્રભાત સુખપ્રદ અને સંધ્યા આનંદપ્રદ થશે, આકાશ આશિર્વાદ દેશે, વૃક્ષો મધુર ફૂલ દેશે, સૂર્ય કલ્યાણ કરશે, ચંદ્ર અજવાળું દેશે અને પશુપક્ષીઓ વાત્સલ્ય ધરાવશે.

એ સત્ય બધાં ન્યાય, નીતિ અને ધર્મોનું મૂળ એવો 'આત્મૌપમ્યભાવ' છે, એ જ એક પરમ સત્ય છે, સનાતન તથા વિશ્વવંદ્ય સત્ય છે, સનાતન ઉપદેશ છે. મનના સંયમ વડે મનુષ્ય પરમ સત્યને પ્રાપ્ત કરશે. એ માર્ગે પરમ સત્યની ઝાંખી કરવાને પાત્ર થઈ શકીશું. એ ઝાંખી થતાંની સાથે આખા વિશ્વ પ્રત્યે સ્વયમેવ આત્મૌપમ્યનો ભાવ પ્રગટશે અને એમ જ્યારે થશે, ત્યારે જ આપણે સાચા અર્થમાં ધાર્મિક બનીશું.

કેવળ ધર્મની જ શ્રદ્ધા નહીં, પરન્તુ
કેવલીપ્રણીત ધર્મની શ્રદ્ધા એ જ સત્ય શ્રદ્ધા છે.

'મેં કરેલો ધર્મ મને શ્રદ્ધા છે' એમ નહીં,
પરન્તુ એમ અવધારવાનું છે કે...
કેવલિપ્રણીત ધર્મ જ્યાં જ્યાં થઈ રહ્યો છે,
ત્યાં ત્યાં સર્વત્ર અનુમોદન મને શ્રદ્ધારૂપ થાય છે.
3 કાલ - 3 લોકમાં રહેલો ધર્મ મને શ્રદ્ધાભૂત હો'
આગમની સાક્ષીએ સ્વાનુભવ અને સત્યપૂર્ણ નિર્ણય
એ જ વીતરાગનું શાસન ગણાય.
તેમાં કોઈપણ દર્શન કે ધર્મનો કદાગ્રહ અમાન્ય ઠરશે,
પરંતુ અપેક્ષાએ ધર્મની દૃષ્ટિ અમાન્ય નહિ, તેથી
આ લોકમાં વીતરાગશાસન જ સત્ય + સર્વમાન્ય છે.

જિનશાસનની માન્યતા એમ છે કે...

એક હાથ બીજા હાથથી અલગ હોવા છતાં એકબીજાના
સહાયક છે, તેમ એક દૃષ્ટિ બીજાથી ભિન્ન હોવા છતાં
જીવનના સત્યને પ્રગટ કરવામાં પરસ્પર સહયોગિની છે.

જિનેશ્વર અને જિનશાસન પ્રત્યે પ્રજામાં સદ્ભાવ
જાગૃત કરવો, તે એક મહત્ત્વની સત્યની ઉપાસના છે.
સત્યની જો અંતર્મુહૂર્ત માત્ર ઉપાસના કરવામાં આવે,
તો પણ તે અનંત કાળની અસત્યની ઉપાસનાને
નિર્બળ બનાવી અનંત હિતકર બને છે.

આખો સંસાર આ વિચારધારાથી
સહમત હો યા ન હો, પરન્તુ આપણું કર્તવ્ય તો
સત્યની સામગ્રી સંસારની સામે ધરતાં રહેવું, તે છે.
આત્મવિશ્વાસની ઉપરાન્ત પ્રજા પક્ષપાતી હોય છે અને
'પોતે જે મત પકડ્યો હોય, તે અસત્ય છે'
એમ સમજ્યા પછી પણ તેનો આગ્રહ છોડી શકતી નથી.

જે સત્ય સનાતન છે, ધ્રુવ છે,
સર્વજ્ઞ, સતત, સર્વોપરિ અને સર્વોપકારી છે કે...
અનંત કાળથી ચાલતી અપૂજ્યની પૂજાની
અસત્ પ્રવૃત્તિનું શુદ્ધિકરણ કરવાનું સામર્થ્ય
અંતર્મુહૂર્ત માત્રની પૂજ્યોની પૂજામાં રહેલું છે.

જૈનદર્શનના મુખ્ય પાંચ મહાવ્રતો અને પંચપરમેષ્ઠિ

અરિહંતોની અહિંસા એટલે જીવમાત્ર પરત્વેનો સ્નેહ.
સિદ્ધોનું સત્ય એટલે પરમ અમૃષાવાદ પરત્વેનો સ્નેહ.
આચાર્યોનું અચૌર્ય એટલે પરમ અદત્તાદાન પરનો સ્નેહ.
ઉપાધ્યાયોનું બ્રહ્મચર્ય એટલે પરમ બ્રહ્મ પરત્વેનો સ્નેહ.
સાધુઓનું આકિંચન્ય એટલે પરમ અપરિગ્રહપણાંનો સ્નેહ.
એટલે જ મન - વચન - કાયાથી પંચપરમેષ્ઠિને ભજવા.

એક જ વસ્તુ પરત્વે સત્યના
અનેક પ્રકારના દૃષ્ટિબિન્દુઓ રહેલાં હોય છે.

સત્યના એ દરેક દૃષ્ટિબિન્દુઓને જાણવા - સમજવા - સ્વીકારવાની તત્પરતા સમત્વની સાધનાનો પાયો છે.

ગમે તેવું ઘોર અસત્ય પણ
કોઈ ચોક્કસ દૃષ્ટિબિન્દુથી સત્ય હો, માત્ર
તે ચોક્કસ દૃષ્ટિબિન્દુને શોધતાં આવડવું જોઈએ. દા.ત. કંસારની ધાર સુંદર પણ છે અને બિહામણી પણ છે, દહીં અને સાકર મધુર છતાં કડુ અને અનિષ્ટ પણ છે.

## જૈન ધર્મનો અર્થ જિનનો ધર્મ.

જિન કોણ? જિન કોઈ વ્યક્તિનું નામ નથી, કિન્તુ
આત્માની એક સત્ય તથા શુદ્ધ સ્થિતિનું નામ છે.

સત્ય વચન બોલનારો દેશની જેમ વિશ્વસનીય,
ગુરૂની જેમ પૂજનીય, ધર્મની જેમ અતિપ્રિય બને છે
યા માતાની જેમ વિશ્વસનીય, પિતાની જેમ પૂજનીય
અને સગાં તથા સંબંધીની જેમ પ્રિય બને છે.

જે સત્ય વાત હંમેશા માટે ભૂલી જવા જોઈએ:
મારું કોઈ ભૂંડુ કરે છે અને હું કોઈનું ભલું કરું છું.

કામ - ક્રોધ - લોભ - મોહને જીતવાના ઉપાય

બ્રહ્મચર્ય અને વસ્તુવિચાર વડે કામ જીતાય,
અહિંસા અને ક્ષમા વડે ક્રોધ જીતાય,
અસ્તેય અને અપરિગ્રહ વડે લોભ જીતાય,
સત્ય અને યથાર્થ જ્ઞાનરૂપી વિવેક વડે મોહ જીતાય.

'જેમ હું ભૂલો કરું છું, તેમ બીજા પણ ભૂલો કરે છે'
આવું સ્વાભાવિક સત્ય માનવા સમજે, તો ક્રોધ ટળી જાય.

આ જિનશાસનમાં ધર્મને જ બ્રહ્મ, પ્રભુ કે સત્ય કહે છે.
ધર્મમાં એ ત્રણે કાર્ય નથી, કારણ રૂપે પણ ઘટે છે.

બ્રહ્મ = કેવળજ્ઞાન, પ્રભુ = સર્વ ઐશ્વર્યયુક્ત,

સત્ય = ત્રિકાળાબાધિત શુદ્ધ આત્મસ્વરૂપ.

## મોહના 3 પ્રકાર

મોહ = સત્યમાં અસત્યની - અસત્યમાં સત્યની ભ્રાંતિ.

(1) મિથ્યાત્વમોહ : અસત્યમાં આનંદ.

(2) મિશ્રમોહ : સત્ય તથા અસત્ય બન્નેમાં આનંદ.

(3) સમકીત મોહનીય : સત્યમાં કાંઈ દોષ થવાનો અથવા અતિચાર થવાનો સંભવ - મલિનતા.

જાગ્રતનું જ્ઞાન સ્વપ્નજ્ઞાનની અપેક્ષાએ સત્ય છે,
કિન્તુ તુરીય અવસ્થાની અપેક્ષાએ અસત્ય છે.

## દ્રવ્ય અને પર્યાય - ઉભયધ

આત્માને એટલે સત્યને જાણવું, તે જ્ઞાન છે.
વ્યક્તિ એમ સત્ય છે, તેમ જાતિ પણ સત્ય છે.
દ્રવ્યની સત્યતા એટલે જ પર્યાયની સત્યતા છે.

## જૈન દર્શન સૌને પોતાનામાં સમાવી લે છે.

દ્વાદશાંગ રૂપી મહાસાગરમાં સઘળાં દર્શનની સરિતાઓ
આવી મળે છે. જુદી જુદી દૃષ્ટિઓ આંશિક સત્યો છે,
નિષ્ઠા વિના સત્ય પ્રત્યે શ્રદ્ધા - આવિર્ભાવ પામે છે.

સત્ય એ જિનવચન રૂપ છે, તેથી
જિનવચનનું શ્રવણ કરવાનો લાભ જાગે છે, ઉપરાંત
શ્રવણ કરાવનારનો યોગ પણ મળે છે.

## આગમમાં સત્યની બધી જ બાજુઓનો સ્વીકાર છે.

તમે જે જાણતાં હો, તેટલું સત્ય આગમમાં મૂકો,
એટલે બાકીનું સત્ય આપોઆપ મળી આવશે.

ધનને કમાવા માટે જેમ દુકાન, વહેપાર,
લે - વેચ, નાણું અને દલાલી વગેરે સાધનો છે,
તેમ ધર્મધન કમાવા માટે ધર્મની દુકાનમાં પણ
સત્ય, પ્રામાણિકતા, પુરુષાર્થનો વેપાર, ધર્મમાલની દલાલી,
જ્ઞાન - દર્શન - ચારિત્ર લેવા તથા આપવાની ક્રિયા,
સત્યનું પાલન, પુણ્ય - પાપનો હિસાબ વગેરે સાધન છે.

# સત્યનો મહિમા

દેશ-કાળ અને વસ્તુથી અબાધિત હોય,
એવું પરમ તત્ત્વ એ 'સત્ય' કહેવાય છે.
અહીં આત્મા-પરમાત્મા, પરમ શક્તિ આદિ
કેવળ ભાવવાચક પદાર્થોની સાથે
સત્યનું ઐક્ય થઈ બધાનું અધિષ્ઠાન બની જાય છે.

સત્ય એક છે, અનંત છે.

તે સમયાતીત હોવાથી એનું મૂળ સ્વરૂપ કદી બદલાતું નથી,
માત્ર એની આવિર્ભાવ થવાની રીત બદલાય છે.
માત્ર સાંભળેલા હકીકતોનો સંગ્રહ
એ તો ફક્ત સત્યનો આભાસ જ છે,
મૂળ સત્ય તો એની અનુભૂતિમાં જ રહેલું છે.
'આધી સાખી કબીર કી, કોટિ ગ્રન્થ કરિ જાન;
સત્ય રામ - જગ જૂઠ હૈ, સુરત શબ્દ પહિચાન.'
શબ્દ અને સુરતને બાહ્યવાદી એક માત્ર
પરમ તત્ત્વ રામ જ અહીં કાળમાં સત્યરૂપે પ્રકાશે છે.

## ‘સત્યોઽહં, શિવોઽહં’નો અનુભવ ક્યારે થાય ?

સચ્ચિદાનંદના અનુભવમાં

સાધ્ય, સાધક અને સાધનની ત્રિપુટી અદૃશ્ય થાય અને
અહીં એક અદ્વૈતમાં વિલીન થાય ત્યારે.

પ્રત્યેક ધર્મોમાં થોડાક સત્ય રહેલું છે, એ સ્વીકારવું.

‘પોતાના ધર્મ એ જ સંપૂર્ણ અને એ જ સંપૂર્ણ સત્ય’
એવા આગ્રહી સંકુચિત વૃત્તિ પણ કેટલાક ધર્મો પોષે છે.
સત્ય કોઈપણ એક જ સ્વરૂપમાં સંપૂર્ણપણે અથવા તો
સનાતન કાળ માટે પ્રગટ થઈ શકે નહીં, કારણકે
પરમ સત્ય તો અનંત છે. પ્રત્યેક યુગની પરિસ્થિતિ
પ્રમાણે તે વિવિધ સ્વરૂપ ધારણ તો કરે છે, પરન્તુ
સત્યે સ્વીકારેલા સ્વરૂપો તેને મર્યાદિત કરી શકતાં નથી.
જ્યારે બાહ્ય સ્વરૂપોમાં પ્રગટ થયેલ
આંતર સત્ય રૂપી આત્મા લુપ્ત થાય, ત્યારે એનાં એ
સ્વનિર્મિત બાળાંઓના સત્ય પોતે જ ચૂરા કરી નાંખે
અને નવીન સ્વરૂપો ધારણ કરે છે.

## પ્રામાણિકતા અને સત્ય -

એ બંને સત્યવાદીને સહન કરવામાં તાકાત આપે છે.

એક બાજુ સત્યનો સ્વીકાર અને
બીજી બાજુ જીવનનો વ્યવહાર -
એ બે વચ્ચે સ્વાભાવિક અંતર આવી રહેલું હોય છે,
પરંતુ માનવ જો સહૃદયી - ઋજુ હોય, તો એ
દ્વિધા કે વિલક્ષણ સ્થિતિ લાંબો વખત ટકી શકતી નથી.
સત્ય અને વ્યવહાર વચ્ચેનું અંતર ઘટાડવાના અથવા
વ્યવહારૂ જીવનના સિદ્ધાંતને અનુરૂપ કરવાના પ્રયત્નમાં
જીવન જીવવાની નીતિનું મૂળ રહેલું છે.
સાચું બોલવાથી થોડુંક સહન કરવું પડે અને તે ખાતર
જૂઠું બોલીને તેમાંથી છૂટી જવાની ઇચ્છા થાય,
કિન્તુ જૂઠું બોલવું, એ પણ કાંઈ સહેલું કામ નથી!
એક જુઠાણું છૂપાવવા અનેક જુઠાણાંઓ ઊભા કરવા પડે,
જ્યારે સાચું બોલનારને એક જ હકીકત કહેવાની હોય છે.
સત્ય બોલવાથી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધે છે.

# સત્યરાજ ચરિત...

જે જાણ્યા પછી જાણવાનું, પામ્યા પછી પામવાનું અને
અનુભવ્યા પછી અનુભવવાનું કાંઈ જ ન રહે તે.
અજ્ઞાનતા અને પશુતાની આહુતિ આપવા,
તેનું જ નામ સત્ય હોમ અને સત્ય હવન છે.
જે કાર્ય સત્કાર્ય છે, તે ભલે વિસ્તારમાં ગમે એટલું
નાનું હોય, તો પણ તેનું સ્વરૂપ વિશ્વવ્યાપી છે,
તે સમગ્ર વિશ્વની સેવા જ છે.
સત્યકાર્ય નિષ્કામ હોવાથી વિશ્વને લાભકર્તા હોય છે.
જેનામાં ભેદ અને ચિન્તા છે, તેનામાં સત્ય નથી.
સત્યવક્તા પરમેષ્ઠિ ભગવંતોની કૃપાનો ભાગીદાર થાય.
ઇચ્છાને કલ્પનાને અનુકૂળ નહીં, પરન્તુ
સત્યને અનુકૂળ વળાંક આપવો,
એ જ એક રાગ-દ્વેષને રોકવાનો ઉત્તમ ઉપાય છે.
વસ્તુને યથાસ્થિત જાણવાથી રાગ, દ્વેષ તથા
અસત્ય શમે છે અને તેથી સત્યની નજીક પહોંચાય છે.

## સત્ય અસીમ, અનાદિ, અનંત છે.

સત્યને હજાર માથાવાળા ઈશ્વરના મસ્તકો છે.

સંપૂર્ણ સત્ય તો ઉચ્ચારવું દૂર રહ્યું,

વિચારવું કે કલ્પવું પણ મુશ્કેલ - લગભગ અશક્ય છે.

પોતાનાથી સમજી શકાય, તેટલા વ્યવહારુ સત્યને પણ મનુષ્ય નિષ્ઠાપૂર્વક જીવનમાં ઉતારતો રહે, તો પૂર્ણ સત્ય કદાચ આપણી સાધનાથી રીઝીને આપણને દર્શન દેશે.

સંપૂર્ણ સત્ય આ વાક્યમાં છે: 'સ્યાદ અસ્ત્યેવ ઘટઃ।'

## સત્યના ૪ મહાવાક્યોનું તાત્પર્ય

આત્મા સત્સ્વરૂપ છે, આત્મા ચિત્સ્વરૂપ છે,

આત્મા આનંદસ્વરૂપ છે, કિન્તુ નામરૂપાત્મક નહિ.

આ વાક્યો કરતાં વધારે ટૂંકી રીતે,

વધારે સચોટ રૂપે, વધારે ભવ્ય રૂપે પોતાની ભાષામાં

માનવે કદી સત્યનું પૂર્ણ વર્ણન આપ્યું નહિ.

'સત્ય સદા સરળ અને સ્પષ્ટ હોય છે' એ પ્રતીતિ

આ વાક્યો - મહાવાક્યો વડે સૌ કોઈ કરી શકે છે.

# રાત - દિવસ સત્યની ઉપાસનાનું પ્રત્યક્ષ ફળ

સત્યનો અર્થ છે કે જે અનુભવાતું હોય, તે જ કહેવું.
આંખ જે જોતી - કાન જે સાંભળતાં હોય, તે જ કહેવું.
જે જે ઇંદ્રિયનો જે જે અનુભવ થાય, તે જ કહેવો.

આ જાતના સત્યવ્રતથી

આત્મા પ્રસન્ન થાય છે, શબ્દની પ્રતિષ્ઠા વધે છે,
તેથી શ્રદ્ધા પેદા થવાથી જનસમૂહ ખેંચાઈ આવે છે.

સત્ય અને આત્મા પોતાની મેળે પ્રસરે છે.

સચ્ચાઈ હોય, ત્યાં શબ્દોમાં શક્તિ આવતી જ જાય.
સંસારમાં સત્યવાન મૈત્રી એ જ મહત્ત્વવાન વસ્તુ છે.

મૈત્રીની ભાવનાથી જ આત્મભાવ વિકસે છે.

સત્ય દ્વારા સંપૂર્ણ મનુષ્ય બની શકાય છે અને
મનુષ્યત્વ દ્વારા મનુષ્યની પેલે પાર જઈ શકાય છે.

અસત્યમાંથી સત્યને પસંદ કરવાની તાકાત છે.

મનુષ્યત્વ એટલે પસંદગીની અનંત શક્યતા.

અજ્ઞાનનું અંધારું દૂર કરવું, એથી અધિક કઈ સેવા છે?

સનાતન સત્ય એ પ્રભુ, પોતાની કલ્પનાઓ ભિન્ન
અને સંતના વચન માનવને મૂલ્યરૂપ છે.

'વસ્તુ તન્ત્રં સદા સત્યં, મનસ્તન્ત્રં ન જાતુચિત્ ।'

સત્યનું ચિંતન એટલે...

સ્વભાવ સ્વરૂપે પદાર્થમાત્રનો વિચાર.

જે નિર્દોષ થાય, તેને અનુકૂળ ચિત્તવૃત્તિ ધારણ કરવી.
અંગત રાગ-દ્વેષે તેને ન રંગવા, ન્યૂનાધિકતા ન કરવી.
સત્યનું ખૂન કરીને પોતે જીવી શકાતું નથી.

સત્ય જેટલું પાવન, પરાક્રમી, ધીરજવાન, તટસ્થ, વીર,
આત્મપ્રકાશક, નિર્લેપ કે નિરંજન બીજું કશું નથી.

જેવું જગત, તેવા જ જગત વિષે મન અને વાણી,
જેવું જીવ સ્વરૂપ, તેવા જ તે વિષે મન અને વાણી
તથા જેવું જગદીશનું સ્વરૂપ, તેવા જ
તેને વિષે મન અને વાણીના પ્રયોગ, તે 'સત્ય.'

ભાષા અને ભાવ વચ્ચેનું વિશાળ અંતર
એજ પરમ સત્યને વિખૂટું પાડી રહ્યું છે.

સત્યને સમજવા જ્ઞાનની જરૂર છે અને
જ્ઞાનને અભિવ્યક્ત કરવા ભાષાની જરૂર છે.

આમ સત્ય, જ્ઞાન અને ભાષા વચ્ચે એકસૂત્રતા હોય.
સત્યના સાક્ષાત્કારની ઝંખના જ્ઞાનસાધનાની પ્રેરક બને
અને જ્ઞાનને અભિવ્યક્ત કરવાના વિચારમાંથી જ
કોઈપણ ભાષાની અનિવાર્યતા ઊભી હોય છે.

'સત્યવચનરતન મુખકોટડી.'

સત્ય વચનને રત્નની ઉપમા આપીને એનું મુખરૂપી
કોટડીમાં બરાબર જતન કરવાનું શબ્દોમાં કહ્યું છે.

જે સિદ્ધ કરવું પડે, તે સત્ય નહિ.

સત્ય તેના પ્રબળ અસ્તિત્વથી પોતાની અસર ફેલાવે છે.

સૂર્ય ઊગ્યો છે અથવા સમુદ્રમાં જળ ભરેલું છે, એને
વ્યાકરણ કે ન્યાયની પંક્તિથી સિદ્ધ કરવું પડતું નહિ.
એ સત્ય જ પ્રબળપણે
તેના સ્વયંવેગથી આપણા હૃદયમાં ધસી આવે છે.
સત્યનું સાર્થક્ય માનવહૃદયમાં પ્રતિષ્ઠા પામવામાં છે.

સત્ય હંમેશાં પ્રબુદ્ધ પર છે.

અપરિપક્વ બુદ્ધિને માત્ર સત્યનો જ ભાર લાગે છે.

જો સત્ય માનવીની તાકાત બહારની વાત હોત અને

જો તેની પ્રાપ્તિ બહારની વસ્તુ હોત,

તો સત્યતત્ત્વનું મૂલ્ય માટીના ઢેફાંથી વધુ ન હોત !

પદાર્થનું અસ્તિત્વ સ્વરૂપ પ્રકૃતિની પસંદગીનું સત્ય છે,

તેથી જીવનમાં ઉગાવવા તથા હૃદયમાં પ્રતિષ્ઠા પામવા માટે

જે સર્જાયું છે, તે મોડું - વહેલું પણ પ્રત્યેક વ્યક્તિના

અંતરમાં સર્વેશ્વરથી અદમ્ય વેગે ધસી તો આવવાનું જ.

સત્ય સંતાયેલું ભલે રહેતું હોય,

સત્યની વિચારધારા જ પરિવર્તન લાવી શકે છે.

શાશ્વત નિયમોના શાસન સિવાય પ્રકૃતિ બીજું છે પણ શું?

પ્રકૃતિ તેના નિયમો પૂર્ણ શિસ્તથી પાળે છે અને

આપણી પાસેથી પણ તેવી અપેક્ષા રાખે છે.

પ્રકૃતિના આ વિરાટ શાસનતંત્રમાં

કાયદા અને શિસ્તનું તત્ત્વ સર્વોપરી છે.

# પ્રિય અને પથ્ય સત્ય

'सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्ठितम् ॥'

અર્થાત્: સત્યથી પૃથ્વી ધારણ કરાય છે, સત્ય વડે સૂર્ય તપે અને વાયુ વાય છે, બધું સત્યમાં જ રહેલું છે.

'सुलभाः पुरुषाराजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥'

અર્થાત્: હે રાજન્! સતત પ્રિય બોલનારા સુલભ છે, પરંતુ અપ્રિય પણ પથ્ય બોલનાર તથા સાંભળનાર દુર્લભ છે.

સત્ય સર્વ ધર્મના પાયારૂપ છે.

'सत्य-प्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ।' અર્થાત્: સત્યમાં સ્થિર થવાથી સર્વ ધાર્મિક ક્રિયાનું ફળ મળે.

સત્ય વિના યજ્ઞ, દાન, તપ વગેરે અથવા કર્મ, ઉપાસના, જ્ઞાન વગેરે બધી ધાર્મિક ક્રિયાઓનું ફળ મળ ઉપરાંત વિક્ષેપના નિવારણપૂર્વક અંતઃકરણની શુદ્ધિ દ્વારા આવરણભંગ થતું નથી.

પિંડવાડા, આબુ, શાંતિ

સત્ય આપોઆપ જ આવે છે, એ માટે પ્રયત્ન જરૂરી નથી.
પ્રયત્ન તો બધું ભૂલવા માટે કરવાનો છે.
સત્ય એ કોઈ *philosophy, occultism*, યોગ
અથવા રહસ્યવાદ નથી, એ તો નિત્ય જીવન છે.
તે સત્ય જાગૃતિની એક સ્વાધીન અવસ્થા છે,
એ સમજવા મન બધી સ્મૃતિઓથી મુક્ત થવું જોઈએ,
તો જ તે વર્તમાન પળને સહજ રીતે સમજી શકે.

મન સઘળી સ્મૃતિઓના બોજાથી મુક્ત થાય,
એ જ મારે મન સત્ય !

જુના અનુભવોના મોટાં જથ્થા પાછળ એ છૂપાયેલ છે.
એ સઘળા જથ્થાને દૂર કરો, આરતિ સત્ય સામે આવશે.
પ્રેરકતત્ત્વ = સ્નેહપરિણામ. સત્યમ્ = સર્વેષાં હિતમ્ ।
સત્ય, પરોપકાર અને ધર્મ - એ અહીં અવિભક્ત છે.
'આર્ય' એટલે દેશ, કાળ, જાતિના મર્યાદિત બંધનથી
પર રહેલો અધ્યાત્મનો અધ્યયનશીલ સત્યશોધક.

સત્ય નિત્યનૂતન છે. 'નિત્ય' એટલે સદા વર્તમાન.

'સત્યને પ્રાપ્ત કરવાનું છે'

એવા ભ્રમણા તે મહારાજનો છેલ્લો ગઢ છે.

જે સદા પ્રાપ્ત જ છે, તે પ્રાપ્ય કેવી રીતે ?

સદાપ્રાપ્ત તત્ત્વની સાથે સાધનાકાળમાં સતત

અનુસંધાન જે જરૂરી છે, તે સદા સ્વયંસિદ્ધ જ છે.

સત્ય તો અદ્વૈત, અતૂટ તથા અચ્છેદ્ય છે અને

બુદ્ધિ પારનું નિગૂઢ મૌન જ

ઈશ્વરના સત્ય પરિચયનું ખરું અધિકારી છે.

સત્ય જેટલું પરિચિત લાગે, તેટલું અગૂઢ - અદ્ભુત છે.

એ જેટલું સીધું, સાદું અને સરેળ લાગે છે, તેટલું જ

અમર્યાદ, અનંત, અગાધ છે. સિતારશાહી પદાર્થ કથનથી

દૂર થાય છે, પરંતુ તેથી તે કથન સત્ય હોય કે ન હોય,

સત્યનિષ્ઠ મહારસના લાગે એથી અધિક તો કર્તવ્ય છે.

પોતાનું કથન કે અભિપ્રાય બરાબર છે કે નહીં, તેને

તપાસવા જોઈએ અને તે મુજબ વર્તવું પણ જોઈએ.

## સત્ગુરુના દર્શન - શ્રવણ - સમજ - વર્તન - અનુભવ

(૧) સત્ગુરુનું યથાર્થ દર્શન પ્રતારણા ટાળે છે.
(૨) સત્ગુરુનું શ્રવણ શ્રોતાને પ્રત્યક્ષ ભક્તિ ઉપજાવે છે.
(૩) સત્ગુરુની યથાર્થ સમજ નિયમાનુવર્તન કરાવે છે.
(૪) સત્ગુરુનું યથાર્થ વર્તન પ્રતિજ્ઞાપાલનમાં સહાયક છે.
(૫) સત્ગુરુનો યથાર્થ અનુભવ વિશિષ્ટ અનુભવ કરાવે છે.

અખિલ વિશ્વનું પરમ રહસ્ય તે છે, જે હોવાની સ્ફુરણા જ નહીં પણ દરેક હૃદયમાં ખાત્રી હોય છે, કિન્તુ જે પૂરું જડ્યાનું સમાધાન હજુ કોઈ હૃદયે અનુભવ્યું નથી. એનું સ્મરણ કરી કરીને, એનું ધ્યાન ધરી ધરીને, એના વિરહની વેદના ઝીલી ઝીલી અનુભવીને સંતોએ કહ્યું છે કે:

એક જ ઈશ્વર, ધ્યેય અને ગેય છે,
એને સાથે બધું છે, એ કશાને સાથે નથી.

એનાથી આત્મા જુદો હોઈ શકે, એમ કલ્પી પણ નથી શકાતું. જે કંઈ છે, તે એને માટે જ છે, એટલું જ નહીં પણ એની અંદર જ છે, એ જ છે અને છતાં એ એથી વધારે છે.

સત્યનો જ જય એટલે આત્માનો જય,

અસત્ય એટલે દેહાદિનો જય નહીં.

અંતે તો સત્યનો જ જય છે,

તો પહેલેથી જ તેને વિજય કેમ ન આપવો?

જ્યાં સ્વાર્થ ઓછો થાય, અજ્ઞાન ઓછું થાય,

ત્યાં universal unity એટલે કે

જીવ-જીવનો અંતર્જ્ઞાન સાથેનો સંબંધ સમજાય તથા

'સર્વ જીવોમાં જીવત્વનું તત્ત્વ રહેલ છે' ઉપરાંત

'સર્વને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે' અને

Cosmic relatedness એટલે કે 'સર્વ જીવો

અંતર્જ્ઞાન સાથે સંકળાયેલા છે' એ ૩ સત્યો સમજાય.

વળી 'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

જનને ઉપકાર કરવાથી ઉપકાર થાય અને અપકાર

કરવાથી અપકાર, એ સનાતન સત્યનો ય સાક્ષાત્કાર થાય.

વૈરાગ્યમાં મિથ્યા પ્રકૃતિ અનાત્માનો ત્યાગ છે તથા

સત્ય પ્રકૃતિ આત્માનું ગ્રહણ છે.

નિશ્ચય સત્યસ્પર્શી છે, વ્યવહાર દૂરસ્પર્શી છે.
સત્યનો વિચાર એ કાર્યસાધક નહિ, કિન્તુ દર્શનવાદ છે.
ક્રિયાની સિદ્ધિ માત્ર સત્યના વિચારમાં નહિ,
પરંતુ સત્ય સ્વભાવના વિચારમાં છે.
વ્યવહાર - નિશ્ચય ઉભયથી શુદ્ધ વીતરાગનું ધ્યાન
તે જ પરમ સત્યનું ધ્યાન છે અને
પરમ સત્યનું ધ્યાન તે જ જીવની મુક્તિનું સાધન છે.
આપણે મોટાં કે સત્ય ?
આકાશનો અંત જાણ્યા વગર જેમ પક્ષીઓ આકાશમાં
ઉડ્યા જ કરે છે, તેમ આપણે એ સત્યના અવકાશમાં
વિચાર કરીએ અને એ વિચાર સાથે અનુભવીએ કે
આપણે એ જ છીએ પણ એ આપણા કરતાં મોટું છે.
એમ ન હોત, તો ભક્તિનો આનંદ જ ક્યાંથી સંભવત?
વળી અકિંચનતાનું પ્રયોજન જ શું રહેત ?
અને સ્વાનુભવનો સંપૂર્ણ રસ શી રીતે ચૂસી શકાત?
જે સંબંધમાં સત્ય હોય, તે જ સાચો સંબંધ.

'મને સત્ય જડ્યું છે' એમ ન કહો, પરન્તુ
'મને એક સત્ય જડ્યું છે' એમ કહો.

શાશ્વત સત્ય: સત્ય ભગવાન છે, સત્ય પરમેશ્વર છે,
કોઈપણ જીવ પરમાત્માથી ભિન્ન નથી.
સત્ય મનુષ્યનો આત્મા છે, સત્ય મનુષ્યનો પ્રાણ છે.
સત્ય અને વળી શાશ્વત સત્ય પોતાનો આત્મા છે.
તે શરીર રૂપી આવરણથી આવૃત્ત છે.
એ આવરણને મૃત્યુ જ દૂર કરી આપે છે.
તે મૃત્યુ દેહનું અગર મનનું એમ બે પ્રકારનું હોય છે.
મનનું મૃત્યુ એ મોક્ષ છે અને આખરે મોક્ષ પણ શું છે?
સત્યનું સ્થાન કંઠ છે, તેનું પ્રતિપક્ષ કામ છે.
સત્યની ખોજ અને તેનું બહુમાન સૃષ્ટાને જણાવે છે.
આત્મા તો સૌમાં વિદ્યમાન હોવા છતાં સૌ તેને
પ્રાપ્ત કરી શકતાં નથી, કેમકે એ પ્રાપ્ત કરવા મનનું,
અજ્ઞાનનું, અસત્યમાં સત્યના ભ્રમનું મૃત્યુ થવું જોઈએ.
સત્ય (આત્મા)ની પ્રાપ્તિ તે જ મોક્ષ છે.

સત્યયુગ માટે શાસ્ત્રોમાં કહેવાયું છે કે...

સમગ્ર વિશ્વને પ્રેમમાં આવરી લેતાં મનુષ્યો
જે દેશમાં ૨૦૦ની સંખ્યામાં હશે, તે દેશમાં
પાંચ જ દિવસમાં સત્યયુગનું અવતરણ થશે.

સત્ય એક છે અને તે આત્મસાક્ષાત્કાર છે.
વૈરાગ્ય એનું નિષેધાત્મક સ્વરૂપ છે તથા
આત્મસ્થિરતા એનું ભાવાત્મક સ્વરૂપ છે.

સમષ્ટિમાં રહેલા શાશ્વત સત્યને
સત્તાસામાન્ય અથવા 'બ્રહ્મ' કહેવામાં આવે છે અને
વ્યષ્ટિમાં તેને જ 'આત્મા' કહેવાય છે.

આત્મસ્વરૂપ જોવું, અનંતનો વિચાર કરવો અને
એ બન્નેમાં રમતાં સારતત્ત્વને પ્રાપ્ત કરી લેવું.

એ રીતે નિષ્ઠા અને નિઃસ્પૃહતા દ્વારા
સત્યનો પ્રકાશ પ્રાપ્ત કરી શકાય છે.

મનને તમામ બાજુએથી ખૂલ્લું રાખવું જોઈએ,
કારણ કે સત્ય કોઈપણ દિશાએથી આવવાનો સંભવ છે.

સત્ય જાણી શકાય છે, જણાવી શકાતું નથી.

જે સંતોએ સત્યને મેળવ્યું છે,
તેમણે ભાષાથી નહીં, કિન્તુ મૌનથી મેળવ્યું છે.

સંતો એ પ્રકાશ છે.

અંધકાર અને પ્રકાશની લડાઈમાં પ્રકાશ જ જીતે છે.
સંત બનવાનો અને સત્યને પ્રાપ્ત કરવાનો
સૌ કોઈનો જન્મસિદ્ધ અધિકાર છે.
સત્યપ્રાપ્તિની એક વિશિષ્ટ પદ્ધતિ છે, પરિભાષા નહીં.
આજે આપણી સંસ્થામાં અને તે ઉપરાંત
ખાસ તો ગૃહમાં પણ સંતપુરુષો જોવા માંડ્યા છે,
અને તેથી પ્રભુવિધુત રૂપે સંતપુરુષોની
જે કલ્યાણની ભાવના વાતાવરણને નિરંતર
આધ્યાત્મિક છાયા આપતી, તે બંધ પડી છે.
તેને પરિણામે સત્ય આપણી બુદ્ધિમાંથી હૃદયમાં
ભલે પહોંચી શકતું નથી, છતાં સત્ય તો સત્ય જ છે.
તે જીવનની સાથે બાજુથી આપણી તરફ ધસી રહ્યું છે.

સત્પુરુષો તે છે કે જે મોક્ષનો માર્ગ દેખાડે છે.

સત્પુરુષો સૌને પ્રિય હોય, સત્પદાર્થોમાં તથ્ય હોય

તથા સદ્ગુણો સૌ માટે પથ્ય હોય છે.

સદ્ગુણો લાભ આપનાર વચન પથ્યરૂપ સત્ય છે,

સત્પુરુષોને હિતકર પ્રિય વચનરૂપ સત્ય છે અને

સત્ય પદાર્થો હિતકર તથ્ય વચનરૂપ સત્ય છે.

સત્પુરુષોનો જ્યારે સમાગમ થાય છે,

કે તરત જ અસત્પુરુષોનો સંગ ત્યજાય છે.

જે ઘરની સ્ત્રીઓ ભગવાનનું સ્મરણ કરે છે,

સત્યનું પાલન કરે છે, પ્રેમભાવથી રહે છે,

તે ઘરમાં જ પ્રાયઃ સત્પુરુષો પેદા થાય છે.

સત્પુરુષો સંપત્તિ કરતાં સત્યની ઇચ્છા રાખે છે.

સંતપણું એટલે સત્યના દર્શન, મહેનત ના અનુભવ.

સત્પુરુષોને ખબર હોય જ છે કે...

સત્યવાનનો સંભવ હોય, તો તે ઇંદ્રિયો ઉપરાંત

મનથી, અંતઃકરણની શક્તિથી કે આત્મા દ્વારા જ છે.

'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ ।' શ્રુતિ:

બ્રહ્મ એ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે.

પરમ સત્ય અનંત છે, તેથી તે ગચ્છમાં - ગાંઠમાં કુરાનકે
યા તો થોડીક જ વ્યક્તિઓમાં મર્યાદિત કેમ થઈ શકે?
પરમ સત્યના પ્રાદુર્ભાવો અનંત માનવા જોઈએ.
આત્મજ્ઞાન મેળવવાની તાલાવેલીમાં
આત્માના આવિર્ભાવો તરફ દુર્લક્ષ સેવી અનાદર કરવો,
એ અક્ષમ્ય બેદરકારી છે,
સત્યના એક પરમ અંગની અવહેલના કરવા બરાબર છે.
'હું અનંતતાનો ઉપાસક છું,
નિત્યમાં વસનારો અમર યાત્રી છું.'
આવું પરમ સત્ય કદી પણ હાનિકારક હોતું નથી.
સત્ય હંમેશાં વધુ ઊંચા સત્ય તરફ લઈ જાય છે.
ભ્રમ તૂટવા માટે સર્જાયા છે અને સત્ય જીતવા માટે.
આપણી પ્રત્યેક ક્રિયાઓ અને તેનો વ્યવહાર
સત્યજ્ઞાનને પામવા માટે જ હોવો જોઈએ.

સર્વ પ્રકારના વધુ ઊંચા સત્યો સાથે
સંપર્ક સાધવાનો ઈલાજ છે - મૌન.

સત્ય કદી શબ્દથી ઉપલબ્ધ થતું નથી, કારણ કે
સત્યની ભાષા તો મૌન છે.

મૌનની વ્યાખ્યા છે: 'મનનાત્ મૌનમ્ ।'

જે નિંદા - સ્તુતિ વખતે તથા ચિંતામાં ચાલતાં મનનને
પરિણામે મૌન રહે, તે પણ મૌની ગણાય.
આવા મનનશીલ મૌનવૃત્તિને 'મુનિવૃત્તિ' પણ કહે છે.
'મુનિ' શબ્દ ઉપરથી જ 'મૌન' શબ્દ બન્યો છે.
સત્ય સાથે મૃદુ ભાષા અને રસાળ સાથે
પરિમિત ભાષા એ મૌનની ભાષા છે.

સત્યસંકલ્પી, મહાવ્રતધારી અને
ઉગ્ર તપસ્વી મુનિની સાધના અવશ્ય ફળે છે.

અજ્ઞાની જાગ્રત દશાને જ પ્રમાણભૂત માને છે, જ્ઞાની
સત્ને પ્રમાણભૂત માને છે. આ સત્ તે જ સત્ય છે
તથા આ સત્ સાથે તદાત્મ્ય થવું, તે જ સાધના છે.

સત્પુરુષોનું યોગબળ જગતનું નિરંતર કલ્યાણ કરે છે.

પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને જેઓ પામ્યા છે, તેઓ નિરંતર વંદનીય છે. તે સ્થાનમાં જે સત્યશોધનના નિરંતર ઇચ્છાવાળા છે, તેવા સર્વે આત્માઓ પણ નમનીય છે.

સ્વયં સત્યવાદી ન બનવું, એ જેટલો ગુન્હો છે, એનાથી અધિક જેઓ સત્યવાદી છે, તેમના પ્રત્યે અસદ્ભાવ કે અસદ્આશયનું આરોપણ કરવું, તે છે.

અસત્યવાદી સત્યવાદી થઈ શકે છે, પરન્તુ સત્યવાદી પ્રત્યે અસદ્ભાવ ધારણ કરનારો સત્યવાદી બનવાનો અધિકાર મેળવી શકતો નથી.

સત્યની સાધના એ જ સિદ્ધત્વની સાધના છે.

સત્યને જાણવું કષ્ટસાધ્ય છે, કિન્તુ સત્યને પ્રકાશિત કરવું, એથી પણ વધુ કષ્ટસાધ્ય છે.

લાઓત્સે કહે છે: સત્યના વિષયમાં જે કાંઈ કહો, તે કહેવાને લીધે જ અસત્ય બની જાય છે.

# હરિભદ્રે વિકસાવ્યો અંતર સાંધવાનો વિચાર

વિદ્વાનો જ્યારે ચર્ચામાં ઉતરે છે, ત્યારે વિજિગીષા અને સ્વપરંપરાને શ્રેષ્ઠ સ્થાપવાની ભાવના મુખ્યપણે રહે, તેથી સંપ્રદાય - સંપ્રદાય વચ્ચે અને એક જ સંપ્રદાયના વિવિધ ફાંટાઓ પ્રત્યે મોટું માનસિક અંતર ઊભું થાય, એને લઈને પરપક્ષમાં રહેલા ગ્રાહ્ય કરવા જેવા ઉદાત્ત વસ્તુઓ પણ કોઈક ભાગ્યે જ ગ્રાહ્ય કરે છે અને માત્ર પારિભાષાઓના શુષ્ક વ્યાખ્યાઓ તથા શાબ્દિક સાઠમારીઓના આવરણમાં જ સત્ય ગુંગળાઈ જાય છે.

હરિભદ્રે પોતાના દર્શન અને યોગગ્રન્થોમાં એવી શૈલી સ્વીકારી કે જૈન પરંપરાના મૌલિક ગણાય, એવા સિદ્ધાંતો જૈનેતરો પણ સમજી શકે અને બૌદ્ધ અથવા વૈદિક પરંપરાનાં અનેક મંતવ્યો કે સિદ્ધાંતો જૈન પરંપરા પણ સમજી શકે.

વિરોધી ગણાતાં એવા સંપ્રદાયો વચ્ચે બની શકે તેટલું અંતર ઘટાડવાનો યોગગામી માર્ગ હરિભદ્રે વિકસાવ્યો છે.

# સત્ય સંકલ્પ એટલે શું?

સંકલ્પ = પ્રબળ ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિવાળા
જે સંકલ્પ કરે, તે જ પ્રમાણે થાય, તે સત્ય સંકલ્પ.
સંકલ્પ કદી મિથ્યા ન થાય, તે તેનું સત્યપણું સમજવું.

## સત્ય સંકલ્પ સુમુનિઓ એટલે...

ઇચ્છાને સિદ્ધ કરવાનું સામર્થ્ય જેઓનામાં રહેલ તે.
આવા સુમુનિઓ જ સાચા મંત્રોનું નિર્માણ કરી શકે.
'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ,' સત્યસંકલ્પ છે,
અને 'પંચ નમસ્કારથી સર્વ પાપનો પ્રણાશ થાઓ' અને
'સર્વ મંગળોમાં પ્રધાન મંગળની પ્રાપ્તિ થાઓ'
એ અનાદિસિદ્ધ સુમુનિઓનો સંકલ્પ છે અથવા તો
તેને અર્થથી કહેનાર અને શબ્દથી ગુંથનાર શ્રી
તીર્થંકર - ગણધરનો પ્રસાદ છે, આદેશ છે, આજ્ઞા છે.
નિર્મળ વિપ્રકૃષ્ટ તપ, સંયમ અને સંકલ્પ ઉપરાંત
મંત્રદૃષ્ટા, મંત્રદેવતા અને મંત્રપદ -
એ ત્રણેનો અચિંત્ય પ્રભાવ છે.

# સત્ય સદા ઉપસ્થિત છે...

કુદરત તેને ગ્રહણ કરનારી જો વસ્તુની જરૂર છે:
વિચારોની શાંતતા તથા ચિત્તવૃત્તિઓની શૂન્યતા.
સત્યનું સર્જન થતું નથી પરંતુ દર્શન થાય છે.
હજારો માઈલની યાત્રા પણ એક જ કદમથી શરૂ અને
એક જ કદમથી પૂરી થાય છે,
માટે સત્યની દિશામાં એક જ કદમ ઉઠાવવાની જરૂર છે.
સત્ય કોઈ સિદ્ધાંત કે શબ્દ નથી - એક અનુભૂતિ છે.
જે છે, તેના સાથે એક થઈ જવું, તે સત્ય છે.
'સત્યમેવ જયતે નાઽનૃતમ્ ।'
અસત્યની અપેક્ષાએ સત્યનું બળ અધિક છે.
આ જ સત્યરતન છે, તેને પ્રાપ્ત કરવાની જરૂર છે.
હિંસા, જૂઠ અને કપટના વિચાર કમજોર છે, જ્યારે
સત્ય, પરોપકાર અને પ્રેમના વિચાર બળવાન છે.
સત્ય જ આત્માની શક્તિ અને સૌંદર્યને વિકસાવે છે,
માટે સત્યનો સાથ કદી છોડવો નહીં.

'સત્યં પરં ધીમહિ |'

આપો પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ.

પરમ સત્ય નિર્વિકલ્પ, નિસ્તરંગ, શુદ્ધ, બુદ્ધ, અચિન્ત્ય અને અગાધ છે. 'વીતરાગ' શબ્દ તેનો પર્યાય છે.

વીતરાગ = નિસ્તરંગ, નિર્વિકાર, શુદ્ધ, નિજસ્વરૂપ-નિજાત્મ સ્વરૂપનું જ્ઞાન થયાં વિના કાર્ય સરતું નથી.

નિજાત્મા જ વીતરાગ પરમાત્મા છે, તેથી વીતરાગનું ધ્યાન એ જ પરમ સત્યનું ધ્યાન છે.

મંત્રી વસ્તુપાલ પ્રભુને કહે છે કે:

હૃદયમાં વીતરાગને ધારણ કર્યા નહીં, તેથી જન્મ હારી ગયો.

'સત્યં બ્રૂહિ | પ્રિયં બ્રૂહિ |'

સત્ય દ્વારા પોષણ થાય, અનૃત દ્વારા શોષણ થાય.

મનુષ્ય વાચાળ છે, તે તેની પશુવૃત્તિથી નહીં, પરંતુ સત્ય રૂપી દૈવી સંપત્તિ - દૈવી પ્રકૃતિથી વાચાળ છે.

'સત્યં ભૂતહિતં પ્રોક્તમ્ |' - ઇતિ સ્મરણાત્

'જીવોને હિતકારી હોય, તે જ સત્ય છે' એમ કહ્યું છે.

## સત્ય અને વિચાર વચ્ચે અંતર છે.

વિચાર એ સાગરના તરંગ - સત્ય એ સાગરનું ઊંડાણ છે.
સાગરના તરંગોથી સાગરની ઊંડાઈ માપી શકાતી નથી.
વિચારની દૃષ્ટિએ સત્ય આત્મા છે, આચારની દૃષ્ટિએ
સત્ય ધર્મ છે તથા ભક્તની દૃષ્ટિએ સત્ય ઈશ્વર છે.

## જ્ઞાનનું મૂળ સત્યપક્ષી

અસત્ય અને અસત્યપક્ષી જ્ઞાનની પ્રતિપક્ષી છે.
સત્ય અને સત્યપક્ષી એ જ સરસ્વતી છે અને
એ જ સર્વ પ્રકારના જ્ઞાનનું મૂળ છે.

## સત્યના પ્રયોગ ન હોય, તેની ખોજ હોય.

સત્યકામ, સત્યસંકલ્પ ચેતન ઈશ્વરપદનું વાચ્ય છે.
પ્રકૃતિ અને પુરુષનો સંયોગ - વિભાગ અર્થાત્
પુરુષોના ભોગાપવર્ગાદિ સૃષ્ટિની ઉત્પત્તિ - પ્રલય આદિ
ઈશ્વરેચ્છા - સત્યસંકલ્પ વિના અસંભવ છે.

દર્શનો તે સત્યના વિષય નહિ, કિન્તુ
સત્યના અંશ છે, તેથી ભાવનાના વિષય છે.

# ઋત અને સત્ય વિષે

ઋતમાં 'ઋ' ધાતુ છે, જે ગતિ અર્થને સૂચવે છે.
સત્યમાં 'अस्' ધાતુ છે,
તે નિત્યત્વ, સનાતન અસ્તિત્વને સૂચવે છે.
ઋત એ ગતિ, ક્રિયા, નિયમન કરનારૂં તત્ત્વ છે.
ઋત - સત્ય પણ 'ભગ' કે ઐશ્વર્ય ગણાય છે. બન્ને
જુદા જુદા નથી એક જ પરમ તત્ત્વના બે પાસાં છે.
જે શાશ્વત, સનાતન તત્ત્વ ઈશ્વર જગતરૂપે વિલસે છે,
એમાં અંતર્યામીરૂપ રહીને સત્ય તેને ગતિ આપે છે,
ક્રિયા કરે છે અને તેમાં વ્યવસ્થા પણ રાખે છે.
જો સિદ્ધ ભગવંતોને સત્ય કહીએ,
તો અરિહંત કે આચાર્યાદિ ગુરુઓને, યાવત્
સમ્યગ્દૃષ્ટિ સુધીના જીવોને ઋત પણ કહી શકાય.
વળી જીવાત્માના ૮ રૂચક પ્રદેશો શુદ્ધ હોઈને
તે અપેક્ષાએ તેને 'સત્ય' અને બાકી કર્મિષ્ઠ પ્રદેશો
અથવા તૈજસ્ તથા કાર્મણ દેહને 'ઋત' કહી શકાય.

# સત્ય અને ઋત વચ્ચેનો ભેદ

'ઋતં ત્વા સત્યેન પરિષિંચામિ ।'

'સત્યં ત્વા ઋતેન પરિષિંચામિ ।'

ઋત = આપણા અંતઃકરણની અહંકારરહિત સ્થિતિ.

અહીં અહંકારનો અર્થ અહંપદ, અસ્મિતા,

'હું આ કરું છું, તે કરું છું' એવી અહંપૂર્ણ અવસ્થા.

જે મનુષ્ય પરિપૂર્ણ રીતે ઈશ્વરવાદી હોય છે,

તેને જ ઋતનું ભાન હોય છે.

'હું કાંઈ જ નથી અને જે કાંઈ છે, તે પરમાત્મા જ છે,

એના જ તાબામાં હું અને આ બધું છે'

એવી માન્યતા એ કેવળ વાણીવિલાસ નહિ,

પરંતુ ખરેખર અનુભવની હકીકત છે.

ઋત માટેની તૈયારી એટલે પ્રપંચમાં ન પડવું,

દયા, અનુકંપા, ઉપકૃતિ આદિ સત્ત્વસંપત્તિને ન વિસરવી

તથા ક્ષમા, ઔદાર્ય ઈત્યાદિ આપણા હૃદયને

વિશુદ્ધ રાખનારી વૃત્તિઓનો પ્રવાહ ન અટકાવવો.

સત્ય સ્થિર છે, શાંત છે, શાશ્વત છે અને
ઋત એ જુદું જ વિરલ પ્રકારની હૃદયસંપત્તિ છે.
ઋત એ તપનો અને પરિશ્રમનો માર્ગ છે.
એ માટે હૃદયને ખૂબ તાલીમ આપવી પડે છે.

આપણે તો મગજની તાલીમને 'તાલીમ' માનીને માત્ર બુદ્ધિશાળી વચનલાંગા માનવીઓને મહાન માનવા લાગીએ છીએ, તે એક પ્રકારનો બુદ્ધિભ્રંશ નથી, તો બીજું શું છે?

ઋત ગતિમાન છે અને ગતિ નિયમને અનુસરે છે. એ નિયમો અચલ છે. દા.ત. સૂર્ય, ચંદ્ર, નક્ષત્રોની ગતિ.
માટે એના પરિમાણને 'ઋત' કહે છે.

લગભગ બધા સામાન્ય મનુષ્યોનું સત્ય અત્યંત
પરિમિત અને અહંકારમિશ્રિત હોય છે,
તે કારણથી ધાર્યા પ્રમાણમાં
એ સત્યની અસર બહાર ઉપર એટલી થતી નથી. એમાં દૈવયોગથી ઋત ભળે, તો શક્તિનો અસાધારણ પ્રવાહ પેદા થાય અને માણસોનાં હૃદય બદલાય છે.

સત્ય - ઋત એક જ સનાતન તત્વનાં બે પાસાં છે:

ઋતનો પાયો સત્ય છે અને
સત્યની અભિવ્યક્તિ ઋતથી છે.

સત્ય - ઋત એ શુદ્ધ દ્રવ્ય - પદાર્થ જેવા સમાન છે.
મનુષ્યો જો ઋતના અનુભવ વગર ફક્ત
સત્યનો આગ્રહ સેવે, તો તેમના જીવનમાં
થોડી શક્તિ જરૂર પેદા થાય, પરન્તુ સાચા માણસમાં
તેનો ખાસ પ્રભાવ પડતો નથી કે પડી શકતો નથી,
તેથી સામાન્ય મનુષ્યોના સત્યાગ્રહ અને સંતપુરુષોના
સત્યાગ્રહ વચ્ચેનો ભેદ તુરંત જ વરતાઈ આવે છે.
નિરહંકારતા એ ઋતનું જ પરમ શિષ્ટ ફળ છે.
અનેક જન્મોની તપશ્ચર્યાના બળથી હૃદય જ્યારે
ઈશ્વરના સંકેતો ઝીલવા તૈયાર થતું રહે છે, ત્યારે જ
નિરહંકારી સંતપુરુષ જન્મે છે અને ત્યારે જ ઋતરૂપી
અમૂલ્ય રત્ન તેના હૃદયરૂપી ખાણમાંથી મળી આવે છે.
આટલી જાગૃતિ ધરાવવી, તે ઋત માટેની તૈયારી છે.

સં. ૨૦૨૫, આસો સુ – ૧, રવિવાર, તા. ૧૨ $\frac{૧૦}{૬૯}$

## 'સત્ય' અને 'ઋત'ની જુગલબંધી

'સત્ય' એ દ્રવ્યનો જ શુદ્ધ અક્રિય કૂટસ્થ અંશ તથા
'ઋત' તે શુદ્ધ આત્મદ્રવ્યનો જ પ્રક્રિયાંશ સમજવો.

'એક રામ દશરથ ઘર ડોલે,
દૂજો રામ ઘટમાંહે બોલે;
(તીસરા) રામકા જગત પસારા,
ચોથા રામ હૈ સબ સે ન્યારા.'

આ દુહામાં ચોથા પાદમાં જે 'રામ' કહ્યા છે,
તે 'સત્ય' કહી શકાય અને પ્રથમ ત્રણ
પાદમાં જે 'રામ' કહ્યાં છે, તે 'ઋત' કહી શકાય.

ઋગ્વેદમાં સત્ય અને ઋત – એ બે શબ્દો છે.
સૂર્યનો ઉદયાસ્ત તથા ઋતુચક્રનું ગમનાગમન આદિ
કુદરતના નિયમ પ્રમાણે જ થાય. ઋત = સહજ નિયમ.
એ રીતે નિયમ એ ઋત છે અને
એ નિયમ જે સત્ ઉપર પ્રતિષ્ઠિત છે, તે સત્ય.

ઋત કે ન્યાય એ સત્યને પામવાનો માર્ગ - ધર્મતીર્થ છે.

કાર્ય - કારણની શોધ કરી, ન્યાય અને સત્યથી ન ડગો.

ધર્મ - અધર્મને કેવળ રજસ્ - તમસ્રૂપ માનવામાં
ઘણી સંકુચિતતા અને અસ્પષ્ટતા આવી જાય.
સાંખ્યે માનેલ રજસ્ - તમસ્ ગુણો પ્રકૃતિના ધર્મો છે.
તે માત્ર ત્રિગુણાત્મક પ્રકૃતિમાં જ ઘટી શકે, પરંતુ
વેદોમાં જે સત્ય અને ઋત માન્યાં છે,
તે એમ ત્રિગુણાત્મક પ્રકૃતિમાં ઘટે છે,
તેમ ત્રિગુણાતીત શુદ્ધ પરબ્રહ્મમાં પણ ઘટાવ્યા છે.
એ દૃષ્ટિએ 'સત્ય એ શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિ અને
ઋત એ શુદ્ધ - અશુદ્ધ પર્યાયાર્થિક દૃષ્ટિ' વિચારાય,
તો તે વેદોની એમ સર્વત્ર ઘટાવી શકાય.
ઋત-સત્ય પામવા પૂર્ણ શ્રદ્ધા - સર્વાંગીણ સમજણ જોઈએ.
સત્ય વસ્તુનું અનુસંધાન, માત્ર શાબ્દિક ચર્ચા નહીં.
વૈરાગ્ય એ શુદ્ધ સમજની સ્થિર દિશા નથી,
સત્યની એ કઠોર પણ પરિણામે મહામધુર સાધના છે.

આજ રીતે ધ્રૌવ્ય અંશ એ 'સત્ય' છે અને
ઉત્પાદ - વ્યય અંશ એ 'ઋત' છે.

સત્યમાં 'અસ્' - સત્તાત્મક ધાતુનો પ્રયોગ છે અને
ઋતમાં 'ઋ' ધાતુનો પ્રયોગ છે, તે ગત્યર્થક છે.
આ દૃષ્ટિએ ઋત અને સત્યની વ્યાપકતા સમજી શકાય.

આજ રીતે સત્યને Potential - અક્રિય અને
ઋતને Dynamic - Active - સક્રિય તરીકે જો
માનવામાં આવે, તો તે બહુ સુસંગત બને.

આમ ટૂંકમાં નિયમબદ્ધ ગતિ તે ઋત અને
તેમાં જે સંવાદીપણું હોય, તે સત્ય.

ચિત્રમાં રેખાઓ એ ઋત તથા સંવાદિતા એ સત્ય.
સંગીતમાં ૭ સ્વરો એ ઋત તથા સંવાદિતા એ સત્ય.
સંવાદિતા વિના રેખા અને સ્વરો માત્ર ખોખું છે,
ખોખા વિના સંવાદિતાનો આવિર્ભાવ જ અશક્ય છે.

'સંવાદિતા' એટલે માધુરી, રસ, કલા ઇત્યાદિ.
ઋતને દેહ કહીએ, તો સત્યને આત્મા કહી શકાય.

ઈશ્વરના શરણ વિના જીવ સ્વચ્છંદી બને, તેને સત્ય નહીં
ન્યાયે પૂર્ણ આ વિશ્વમાં કોઈ ઉત્તમ સ્થાન છે નહીં.

વિશ્વનો આધાર વિશ્વાસ છે અને
વિશ્વાસનું રક્ષણ માત્ર સત્ય વડેથી જ થાય છે.
ભ્રમ અને ભૂલ પણ સત્ય તરફ લઈ જાય, તો તે
ભ્રમ કે ભૂલ નહિ પણ સત્યની જ પ્રસ્તાવના છે.

'ઋતંભરા તત્ર પ્રજ્ઞા ।' આને સત્યને ગ્રહણ કરવાવાળી,
અવિદ્યા આદિ રહિત તે ઋતંભરા પ્રજ્ઞા છે.
એમાં ભ્રમ, વિપર્યય કે અવિદ્યાદિનો લેશ પણ હોતો નહિ.
ઋતંભરા પ્રજ્ઞા વડે સત્યને જાણવાની શક્તિ વધે છે.
આગમ - અનુમાન દ્વારા જે યથાર્થ જ્ઞાન થાય, તે છે
conceptual fact અને સાક્ષાત્કાર દ્વારા જે થાય,
તે Perceptual fact કે સાક્ષાત્ અનુભૂત સત્ય છે.

°

Spirit and core of science is
the discovery of truth.

મનુષ્ય સત્યની વિરોધી કલ્પના કદી કરી શકતો નથી.

જે કાંઈ કલ્પનામાં આવી શકે છે,

તે સત્યના પાયા ઉપર સ્થિર છે.

'હું મરી ગયો' કે 'મારું કોઈપણ રૂપે અસ્તિત્વ નથી',

આવી કલ્પના જે કદી થઈ શકતી નથી,

તે જ આત્માના અમરત્વની સિદ્ધિ કરે છે.

આત્મા પોતાના અમરત્વની સાબિતી

પોતાના સ્વરૂપની સાથે લઈને જ વિચરે છે.

તેનો સંપૂર્ણ અનુભવ ઘણા ઉત્કૃષ્ટ દશે થાય છે.

'હું'ના આત્યંતિક વિલયની કલ્પના કરવાનો પ્રયત્ન કરે,

ત્યારે મન તે કલ્પનાનું ચિત્ર રચવાની સ્પષ્ટ ના પાડે છે.

અગ્નિ મધ્યે, સાગર તળીએ કે નિરવધિ આકાશમંડળમાં

નિરંકુશપણે ગમન કરવા છતાં અગ્નિ, જળ કે વાયુની

આત્માને કશી જ અસર થતી નથી, આમ કલ્પો!

વિશ્વનો કોઈપણ પદાર્થ લેશમાત્ર પણ

આત્મા નામે સત્યની સ્વરૂપહાનિ કરી શકતો નથી.

જ્યારે 'સત્યં શિવં સુન્દરં !' જણાય...

ત્યારે જ સમગ્રતાનું દર્શન થયું કહેવાય.

સત્યની પાછળ શિવ અને સુંદર ચાલ્યા આવે છે.

જીવનમાં જે સત્ય, શિવ અને સુંદર છે, તે વિચારોના
તરંગોમાં નહીં, કિન્તુ નિર્વિચાર અવસ્થામાં જ પમાય.
વિશ્વતત્ત્વ સત્યસ્વરૂપ સાથે સૌંદર્યસ્વરૂપ પણ છે.
આત્મસૃષ્ટિ તો સત્ય, શિવ અને સુંદર જ છે.
સાક્ષાત્કારનું દ્વાર વિચાર નહીં, નિર્વિચાર સમાધિ છે.
વિચાર સત્ય તરફ લઈ જાય છે,
આચાર શિવ - સુંદર તરફ ગતિ કરાવે છે.

સત્યવક્તામાં જરૂરી ત્રણ ગુણ

સત્યને કહેનાર આત્મા સત્યનો જાણનાર, સહનાર
અને આચરનાર - એ ત્રણ ગુણવાળો હોવો જોઈએ.
નિભાવણી જ સત્ય વાવણી છે.
જેને સત્ય વચનનો આગ્રહ હોય,
તેને સત્ય વચન કહેનારનો ય પક્ષપાત હોવો જોઈએ.

આપણે જે સત્ય પિછાણીએ કે અનુભવીએ છીએ, તે
સાપેક્ષ સત્ય હોય છે, નિરપેક્ષ સત્ય કેવળ સત્ય છે.
તે બુદ્ધિ પરની વસ્તુ છે અને માત્ર અનુભવગમ્ય છે.

અતીન્દ્રિય જ્ઞાનથી જાણેલું સત્ય નિરૂપણ વખતે
સાપેક્ષ બને છે, માટે સાપેક્ષ વચનને સત્ય માન્યું છે.
સાપેક્ષ સત્ય = જીવન માટે જરૂરી છે, અધૂરું સત્ય.

સાપેક્ષ સત્ય વડે જ પ્રકૃતિને પામી શકાય.
સાધનાક્રિયામાં સાપેક્ષવાદનું મહત્ત્વ ઘણું [illegible] જ છે.

ઉપાસનામાં સાપેક્ષવાદ સ્વીકારવાથી
જીવન માટે જરૂરી નિશ્ચય - વ્યવહાર, જ્ઞાન - ક્રિયા,
ઉત્સર્ગ - અપવાદ વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

જ્ઞાન સાપેક્ષ હોય તથા ક્રિયા ઉચિત હોય,
તો તે જ્ઞાન અને ક્રિયાને સત્ય સમજવા.

સત્યનિષ્ઠા = કોઈપણ બાબતમાં અસદાગ્રહ ન હોવો.
જે વિચાર સત્ય લાગે, તેનો ગ્રહણ કરવો.
જે વિચાર અસત્ય લાગે, તેનો તે જ ક્ષણે ત્યાગ કરવો.

ઉપનિષદોએ સૃષ્ટિને મિથ્યા કહી, કારણકે...

'सत्यं जगदीति भानं संसृतये स्यात् अपक्वचित्तानां ।
तस्मादसत्यमेतत् निखिलं प्रतिपादयन्ति निगमान्ताः ॥
परिपक्वमानसानां पुरुषवराणां पुरातनैः सुकृतैः ।
ब्रह्मैव इदं सर्वं जगदिति भूयः प्रबोधयति श्रुतिः ॥'

જેમના ચિત્ત અપરિપક્વ છે, એમને કહેવામાં આવે કે 'સૃષ્ટિ સત્ય છે' તો સંસારમાં આસક્તિ વધે, તેથી કહ્યું કે 'આ જગત્ અસત્ય છે - મિથ્યા છે,' કિન્તુ અનેક પ્રાચીન કર્મોને કારણે જેમનું ચિત્ત પરિપક્વ બન્યું છે, એમને માટે ફરીથી કહ્યું છે કે 'આ જગત્ બ્રહ્મરૂપ છે.'

શંકરાચાર્યના આ બે શ્લોકમાં તથ્યનું નિરૂપણ કર્યું છે:
'આ જગત્ મિથ્યા છે' અને 'આ જગત્ બ્રહ્મરૂપ છે.'
એ ભિન્ન ભિન્ન ભાષા તે 'સાપેક્ષવાદ' છે.

'सापेक्षं सत्यं । निरपेक्षमसत्यं ।'

વ્યક્તિગત સાપેક્ષ મન જ્યારે સમષ્ટિગત નિરપેક્ષ મનમાં સમાઈ જાય, ત્યારે પરમ સત્ય પ્રકટે છે.

વસ્તુને સાપેક્ષપણે વિચારવું, જેમકે...

વસ્તુ અનંત ગુણ ધર્માત્મક છે.

દરેક ગુણધર્મો એક જ વખતે વ્યક્ત થઈ શકતાં નથી.

દરેક અભિપ્રાયમાં સત્યનાં અંશો છે જ.

અભિપ્રાયને શોધવા પ્રયાસ કરવો,

પરંતુ તેને સંપૂર્ણ સત્ય માની લેવા નહીં.

જીવનના બધા બનાવો સાપેક્ષ છે,

તે પ્રમાતા માટે બને છે, આત્મા માટે નહીં.

પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય - ત્રણે કલ્પિત છે,

એટલે કે સાપેક્ષ સત્ય છે, પરન્તુ સંપૂર્ણ સત્ય નથી.

શાસ્ત્રમાં મિથ્યાત્વને ગુણસ્થાનક કહ્યો છે અને મિથ્યા

શ્રુતને નમસ્કાર કહ્યો, તે જુદી જુદી અપેક્ષાએ સત્ય છે.

સત્ય એટલે કર્તવ્ય. સત્ય એટલે યથાર્થ નિરૂપણ.

સત્ય કોઈ અપેક્ષાને આશ્રયીને જ હોય, નિરપેક્ષ હોતું નથી.

તાઓ = Tao = પરમ સત્ય.

'બ્રહ્મ' અને 'આત્મા' બન્ને નિરપેક્ષ સત્ય છે.

વસ્તુ વિષેનું આપણું જ્ઞાન સાપેક્ષ હોય છે, તેથી
'આપણી માન્યતા સાચી - બીજાની ખોટી' ન કહેવું.

આપણી માન્યતા અમુક અપેક્ષાએ સાચી,
તો બીજાની બીજી અપેક્ષાએ સાચી હોય, તેથી જો
તે અપેક્ષા સમજવા કોશિશ કરીએ, તો બીજાને અસત્ય
માનવાનો કે તેનો વિરોધ કરવાનો પ્રસંગ આવે નહીં.

વસ્તુને જોવાની અનેક દૃષ્ટિઓ હોય છે,
તેમાંની બે મુખ્ય દૃષ્ટિઓ : તાત્ત્વિક અને વ્યવહારિક.
તાત્ત્વિક દૃષ્ટિ વસ્તુનાં મૂળ પરમાર્થ સ્વરૂપ સુધી પહોંચાડે,
જ્યારે વ્યવહારિક દૃષ્ટિ વસ્તુનાં બાહ્યસ્વરૂપ અને
બાહ્યસાધનનો વિચાર કરાવે છે, તેથી જ
કોઈવાર તાત્ત્વિક તો કોઈવાર વ્યવહારિક દૃષ્ટિને મહત્ત્વ
આપવું પડે છે. આ બંનેના સુમેળથી કાર્યસિદ્ધિ થાય છે.
કોઈપણ દૃષ્ટિનો વિરોધ કર્યા વિના સર્વ દૃષ્ટિઓમાં
રહેલા સાપેક્ષ સત્યને સમજવું અથવા સર્વ દૃષ્ટિઓને
સાપેક્ષ સત્યરૂપે સમજવું, એ વીતરાગ શાસનનો સાર છે.

જ્યાં અનંત સત્યોમાંથી શાંતિ મળે,
તેવું સત્યનું સમાધાન તે સાપેક્ષતા.

મનમાં જો અશાંતિ પેદા કરતું હોય - તે સત્ય હોય, તો પણ તેનો સમન્વય શાંતિ મળે, તે રીતે કરવો, તે 'સાપેક્ષ દૃષ્ટિ' કહેવાય છે. સાપેક્ષ દૃષ્ટિથી સાચી આશા ઉત્પન્ન કરીને પરમ શાંતિ મેળવી શકાય છે. 'દરેક દરેક સત્ય સાપેક્ષ છે' એ વાત નિરપેક્ષ સત્ય છે. સત્ય બહારની વસ્તુમાં નહિ પણ તે વસ્તુ પ્રત્યેના આપણા પોતાના દૃષ્ટિબિંદુમાં છે, તેની શોધખોળ કરવી, એ સાપેક્ષવાદીનું કર્તવ્ય છે. રાગ અને દ્વેષને જીતવાનો અને તેની પેલી પાર રહેલ સમતામાં સ્થિર થવાનો સાપેક્ષવાદ સિવાયનો બીજો કોઈપણ ઉપાય નથી.

o

Truth is relative to our standpoints.
This is an absolute truth that
truth is always relative.

## સત્યાનુશાસન ચરિત...

આ સકલ લૌકિક સામ્રાજ્ય એવં સાર્વલૌકિક સામ્રાજ્ય.

આ સત્યાનુશાસનના સર્વાધિકારી

સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્મા છે,

ચરિત તેઓશ્રી સર્વેન્દ્રની ઉપમાથી શાસ્ત્રોમાં ગવાયા છે.

સદ્‌વૃત્તિનું પ્રથમ લક્ષણ સત્યનિષ્ઠા છે.

સત્યમાં અત્યંત સ્થિર રહેવું, તે 'સત્યનિષ્ઠા' છે.

સત્ય સર્વવ્યાપી, સનાતન અને શાશ્વત છે.

તેનો સ્વીકાર કરવો, તે સત્યનિષ્ઠા છે.

સદ્‌વૃત્તિના ૪ પાયા: સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય, પ્રેમ.

તે જેનામાં હોય, તે સજ્જન છે.

ઉદારતા – ન્યાયમાંથી સત્યનિષ્ઠા અને પ્રેમ જન્મે છે.

આપણે બધા એક જ પરમ જ્યોતિના અંશ છીએ,

તેથી 'બધાનાં સુખ - દુઃખ આપણાં જ છે'

તેવું જ્ઞાન અને તેવું જ વર્તન જ્યારે થાય છે,

ત્યારે જ સત્યનિષ્ઠા પ્રકટી ગણી શકાય.

તીર્થંકરત્વની માન્યતા નૈસર્ગિક નિયમ અનુસાર જ છે.

એ ધર્માનુશાસન, સ્વભાવસત્તા, વિશ્વતંત્ર, વસ્તુસ્થિતિ છે.
એ સત્ય સતત, સર્વજ્ઞ, સર્વોપરી અને સર્વોપકારી છે.

ઉપાસનાની સિદ્ધિ કઈ રીતે શીઘ્ર બને ?

નવકારનો જપ, આયંબિલનો તપ અને
બ્રહ્મચર્યનો ભાવ - જો ઉપાસના અને ભક્તિ સાથે
કરવામાં આવે, તો કરનારની કાર્યસિદ્ધિ શીઘ્ર બને છે.
આ સત્યનું સમર્થન હોવાથી 'સત્યમેવ જયતે'ના
નિયમ અનુસાર તેનો વિજય થતો જાય છે.

શેની સાથેનું જોડાણ અમૃતમાં લઈ જાય ?

ખોટી જડપદાર્થ, અનિત્ય સાથે અને
છાયા સાથેનું તાદાત્મ્ય મૃત્યુમાં જ લઈ જાય, પરન્તુ
સત્ય સાથેનું, હું વાસ્તવમાં જે છું, તેના સાથેનું
તાદાત્મ્ય - જોડાણ - યોગ રૂપી અમૃતમાં લઈ જાય છે.
ભોગની યાત્રા મૃત્યુ તરફની યાત્રા છે, જ્યારે
સત્ય રૂપી યોગની યાત્રા અમૃતત્વ તરફની યાત્રા છે.

સત્ય શોધવાનું છે, સત્ય શીખવાનું નહિ.

સત્ય મેળવવાનું નહિ, પરન્તુ સત્ય થવાનું છે.

સત્ય લેવાનું અથવા દેવાનું પણ નહિ.

સત્યનું કોઈથી દાન પણ થઈ શકે નહીં.

સત્ય સંપત્તિ નથી, કિન્તુ સ્વત્વ છે,

તેથી તે બીજા કોઈને પણ આપી શકાય નહીં.

જીવનના પ્રયત્નને અંતે જ સત્યનું દર્શન પમાય છે.

સત્યનું તેજ જ મિથ્યા અહંકારને ઉડાડી મૂકે છે.

સત્ય જ્યાં છે, તેને સ્વીકારવું.

તે ધરતી, આકાશ, સાગરમાં નહિ, તમારા અંતરાત્મામાં ભીતર છે, ત્યાં તેને શોધો. સત્ય બીજે ક્યાંય નથી, પરન્તુ સમજી જાઓ કે આપણા શ્વાસમાં જ છે.

સત્ય પૂર્વ દિશામાં છે, કેમકે સૂર્ય ત્યાં છે.

આંખની આંખ, કાનનો કાન, નાકનું નાક, શ્વાસનો શ્વાસ અને મનનું મન કોઈ હોય, તો તે આત્મા જ છે.

ન્યાયપ્રિય મનુષ્ય સત્ય ગ્રહી અસત્યને તજી શકે છે.

'તેન ત્યક્તેન ભુંજીથા: ।'

તેન = પૂર્ણ વડે દીધેલ અથવા
આપણા વડે આપેલ સંપત્તિને દાન વડે ભોગવ.
ધનનો ત્યાગ કરીને જે કાર્ય થાય,
તે સત્યને પ્રગટ કરે છે તથા સત્યાનુભૂતિ જન્માવે છે.

'હિરણ્મયેન પાત્રેણ ।'

સત્યનું મુખ સુવર્ણમય પાત્ર વડે ઢંકાયેલું છે.
સત્ય એ રચિત નહિ પણ સમગ્ર સૃષ્ટિનો આધાર છે.
સત્ય શાસ્ત્ર ઉપર નહીં, પરન્તુ સત્ય ઉપર આધારિત છે.
સત્ય તરફ થોડું ચાલવાથી ઘણે પહોંચી જવાશે. જેમ
જેમ તેના નજીક જઈએ, તેમ તેમ તેનું ગુરુત્વાકર્ષણ
વધુ પ્રભાવશાળી બનતું જાય, પછી એમ લાગે છે કે
આપણે ચાલતા નહિ, ખેંચાઈએ છીએ.
હંમેશા સત્ય બોલવું, અને તેટલું મૌન રાખવું,
અસત્ય ન બોલવું, ચિત્તની શાંતિ અચળ રાખવી તથા
પરિસ્થિતિ - વિપત્તિઓ સહેવા, એ કર્તવ્ય છે.

આત્મા એ પ્રકાશ છે, જડ એ અંધકાર છે.

બહિરાત્મા જડને જ સત્ય માને છે.

અંતરાત્મા આત્માને સત્ય માને છે. જડનું વલણ અંધકારે ધકેલનાર છે, આત્માનું વલણ પ્રકાશ તરફ લઈ જાય છે.

વિષયોથી પૂર્ણ વિરક્ત થઈ ગયા પછી સત્ય આત્મામાં સ્થિર થઈ જવું, તે 'સત્યાપત્તિ' છે.

લૌકિક વ્યવહારનો અને અલૌકિક સત્યનો નિયમ

'આપણે જેને જેવી રીતે અને જેવા ભાવથી ભજશો, તેને તેવી રીતે અને તેવા ભાવે પામશો.'

જ્ઞાની પોતાની અંદરના ચિત્ - આનંદનો સત્‌માં તથા ભક્ત પોતાના સત્ - ચિત્‌નો આનંદમાં લય કરે છે.

દર્શનો સત્યનો વિષય નથી, ભાવનાનો વિષય છે.

અદ્વૈત એ સત્ય નથી પણ અદ્વૈત ભાવના તે સત્ય છે.

ક્ષણે ક્ષણે જે કાંઈ સત્યનો સંચાર થઈ રહ્યો છે અને અનેક સ્વરૂપી સત્યનો જે વિલાસ થઈ રહ્યો છે, તેમાં ચિત્તને સ્થિર કરવું, તેનું નિરીક્ષણ કરવું, તે 'ધ્યાન'.

ટાગોરની પ્રાર્થના અને ધ્યાનનો સનાતન લાભ છે કે:

'હું સત્યને જોઉં. મારી બુદ્ધિ શુદ્ધ પામો,
સત્યદર્શન કરી, બધા કલ્યાણ અને મંગળને જુઓ.
સત્યના દર્શન સિવાય વ્યક્તિનું અથવા તો
સમષ્ટિનું કલ્યાણ નહિ, છતાં આપે
કેવળ શ્રદ્ધા ઉપર જ આધાર રાખીને રહેલાં નહિ.'

પોતાના ચૈતન્યમાં ડૂબકી મારી કોઈ ઉચ્ચતમ સત્યને પ્રાપ્ત કરવું, એ યોગીઓનું પ્રધાન કાર્ય રહ્યું છે. આંતરસત્ય વડે તેઓ પોતાનું જીવન નિયત કરે છે.

એવા સત્યમય અને ઉચ્ચ જીવનની સાચી અસર પામવા માટે સ્થૂળ પુરાવા મળી ન શકે. પરિણામે વહેમ, અજ્ઞાન વગેરેમાં વધારો પણ થાય. બીજી બાજુ સાચી આત્મપ્રગતિ સાધવાને પરિણામે વ્યક્તિઓ તથા મોટાં સમૂહને પણ ત્રિભુવનમાં મહાભાગ ધ્યાનાં ઉદાહરણો વિરલ નહિ, જેમ કે... મહાવીર, બુદ્ધ, ક્રાઈસ્ટ આદિ તેના ઉદાહરણો ગણી શકાય.

|| શ્રી શત્રુંજય ગિરિરાજરાજ આદિનાથાય નમઃ નમઃ ||

સભા મુકામે શ્રી પારણાથજીની છાયામાં : મારા સંકલ્પો

સિદ્ધગિરિજી પહોંચીએ, ત્યાં સુધી મારે રોજ...

(૧) મૃષાવાદ બોલે, તે મુનિ સાથેનો સંસર્ગ ત્યાજ્ય.

(૨) પોતાની ઇચ્છા મુજબ ગોચરી વાપરવાનો આગ્રહ રાખે, તે મુનિ સાથેનો સંસર્ગ ત્યાજ્ય.

(3) આગ્રહયુક્ત કે કષાયયુક્ત વચન બોલે, તે મુનિ સાથેનો સંસર્ગ ત્યાજ્ય.

(૪) સત્ય, બ્રહ્મચર્ય અને અક્રોધ - એ ત્રણ ગુણોનું પાલન જેનામાં ન હોય, તે મુનિ સાથેનો સંસર્ગ ત્યાજ્ય.

o

એક જ સત્યના ત્રણ મુખ્ય ઘટકો છે...

સર્જન, સંરક્ષણ અને સંહાર.

બ્રહ્મા - સર્જન

વિષ્ણુ - સંસ્થિતિ

મહેશ - વિસર્જન

ત્રણ બાબતો.

બાહ્ય આચારો અને નિયમોનો ભેદ આપણી બુદ્ધિ,
રુચિ અને પરિસ્થિતિના ભેદમાંથી ઉત્પન્ન થયેલ છે.

કોઈ ગંગાસ્નાન - વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને,
કોઈ બોધિગયા અને સારનાથમાં કૃતકૃત્યતા માને,
કોઈ શત્રુંજયની યાત્રામાં સફળતા માને,
કોઈ મક્કા અને કોઈ જેરુસલેમમાં ધન્યતા માને, કોઈ
અગિયારશના ઉપવાસને, કોઈ અષ્ટમી - ચતુર્દશીના વ્રતને
અને કોઈ તપના બદલે દાન ઉપર ભાર આપે! બધો
ભેદ પરંપરાગત ભિન્ન ભિન્ન સંસ્કારોના પોષણના
પ્રકૃતિ અને રુચિભેદના માનસિક વાતાવરણના લીધે
જન્મે છે, તેથી બાહ્ય આચારનો ભેદ મટવો અશક્ય છે.
ભેદની ઉત્પત્તિ અને પોષક આટલી સામગ્રી હોવા છતાં
જીવનનું સત્ય કદી ખંડિત થતું નથી.

તે તો જુદી જુદી રીતે, જુદી જુદી ભાષામાં અથવા તો
જુદા જુદા રૂપમાં છે એ દર્શનોના અનુભવી તત્ત્વરસિકોના
સર્વ અનુભવમાં એકસમાન રીતે જ પ્રગટ થાય છે.

## સત્ય મન - વચનને અગોચર છે નહીં

આત્માની અંદર જેટલું છે, તેને પણ બહાર અંકિત છે.

મનમાં હોય, તેવું બોલવું એ જ સત્ય નહિ, કિન્તુ સૌને ઉદ્વેગરહિત - સત્ય - પ્રિય - હિતકર બોલવું, એ સત્ય છે.

જેમ એક નાનકડો પથ્થર પણ મહામૂલા મોતીને ક્ષણમાત્રમાં તોડી દે છે, તેમ મૂર્ખની દલીલો પણ જ્ઞાનીના સત્યને સહેલાઈથી તોડી શકે છે.

વસ્તુત: 'બીજો કોઈ છે જ નહીં' એવી અનુભૂતિ થયાં પછી સૌની સાથે પોતાના જેવો જ વ્યવહાર કરી, એ જ પરમ સત્ય ઠરે છે.

નીચેના ચાર પ્રકારના અભાવોથી રહિત તે સત્ય:

પ્રાગભાવ = દૂધમાં દહીંનો અભાવ.

પ્રધ્વંસાભાવ = રાખમાં કાષ્ઠનો અભાવ.

અન્યોન્યાભાવ = એક વસ્તુના સ્થાને બીજાનો અભાવ.

અત્યન્તાભાવ = શશશૃંગ.

એકરસ - કૂટસ્થ - યથાર્થ જ્ઞાન કે વચન એટલે સત્ય.

## જ્ઞાનને ચિત્ત કરતાં અધિક દીધો

રાગી દ્વેષ ન કોઈ શત્રુ, ક્ષમા ગુરુ ન કોઈ શત્રુ અને
પુદ્ગલિત સત્ય ન કોઈ શત્રુ.

જીવનમાં આગળ વધવા સત્યની ઝંખના, જ્ઞાનનો પ્રેમ,
તત્ત્વજ્ઞાન, તત્ત્વવિદ્યા અને તત્ત્વજિજ્ઞાસા જરૂરી છે.
આપણે આપણો સ્વાર્થ સંભાળવો, એ સત્ય જ છે,
કિન્તુ એક દિવસ જે શરીરને અવશ્ય છોડી જવાનું છે,
તે પૂરા તેને ભક્તિસેવામાં સુખડની જેમ ઘસી નાંખવું.
સેવા ન કરી, તો મનુષ્યજન્મ ધરીને મેળવ્યું શું?
આધ્યાત્મિક વ્યક્તિઓ રહેલ વિશ્વમાન્ય વિચારકોનાં
પ્રત્યેક કાર્યો સત્યને અનુલક્ષીને જ થાય છે.
ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ મણિ છે, સત્ એ માળા છે.
છૂટાં મણિ એ માળા નહિ, ગુંથાયેલા મણિઓ માળા બને.
આત્મા સત્યજ્ઞાન છે, આત્મા સત્યસંપન્ન છે,
આત્મા સત્યસ્વરૂપ છે, આત્મા શિવસ્વરૂપ છે,
આત્મા સૌંદર્યસ્વરૂપ છે, તે અજ્ઞાન વડે ઢંકાયેલ છે.

સામાન્ય બુદ્ધિ સત્ય આપતી નથી.

તે બહુ જોરવાળી હોય, તો 'અસત્ય શું છે' તે જણાવી શકે છે. તેટલું કામ થાય, તો ય રસ્તો ખુલ્લો થાય છે.

ધર્માર્થે પ્રાણીમાત્રને સૂક્ષ્મ બુદ્ધિની અતિ જરૂર છે.

સૂક્ષ્મ બુદ્ધિ અને શ્રેષ્ઠ સમજવાળા જીવો જ સત્યસાધન કે સત્યધર્મની ગવેષણા કરી શકે છે.

અભિપ્રાયોનો પ્રતિવાદ કરાય છતાં પણ તેમાં રહેલા અતિ અલ્પ સત્યની જરા ય ઉપેક્ષા ન કરવી અને મહાસત્યની સાધના પૂર્ણ કરવી.

આમાં શ્રદ્ધા અને બુદ્ધિનો સમન્વય છે.

સત્યની પ્રાપ્તિમાં પ્રતિબંધક છે...

બૌદ્ધિક નિર્ણયો અને તાર્કિક ધારણાઓનો આગ્રહ.

'સર્વ પ્રાણીઓ પોતાના આત્માની તુલ્ય છે' અને 'પોતાનો આત્મા પરમાત્માની તુલ્ય છે' આ સત્યનું દર્શન પ્રકટ થતાં સૌમાં સુષુપ્ત રહેલા પરમાત્મ તત્ત્વનું યથાર્થ દર્શન થાય, જે વાસ્તવિક સમતા જન્માવે છે.

## સત્ય ભવિષ્યવાણી

આવતો સમાજ લજ્જા, મર્યાદા, પરાર્થ, દાક્ષિણ્યરહિત થશે.
અસત્ય, ચોરી, શીલભંગ અને સ્વજનવિરોધ વગેરેથી
સમાજની સાચી ઓળખ થશે.
સમાજમાં ઊંચ - નીચ, રાજા - રમદંડના ભેદ થશે.
સર્વ પ્રકારના દેવો પ્રાયઃ અપ્રત્યક્ષ થશે.
શિષ્યો ગુરુઓનું અને પુત્રો પિતાનું કહેવું માનશે નહીં.
વહુ સર્પિણી અને સાસુ કાળરાત્રિ સમાન થશે.
કુલિન સ્ત્રીઓ ગણિકાનું અનુકરણ કરશે,
તે છતાં પણ સમાજમાં ગૌરવ પામશે.
ધર્મમાં દંભ - દેખાડો વધશે.
સત્પુરુષોની અવગણના થશે અને દુર્જનોનું માન વધશે.
ધરતીનાં રસ - કસ ઘટશે.
મણિ, મંત્ર, તંત્ર વગેરેનો પ્રભાવ ઘટશે.
ઔષધિ, ફળ, પુષ્પ, રસ વગેરેની અસર ઘટશે.
માનવ તથા પ્રાણીઓના રૂપ ઉપરાંત શરીર દુર્બળ થશે.

જે પ્રકાશ ઝાંખું સત્ય બતાવે છે, તે નહીં,
કિન્તુ જે ઝાંખું ક્રિયામાં લાવે છે, તે ડાહ્યો છે.
જે પ્રકાશ પોતાને જોવાનું શીખતો નથી,
તે પૂરેપૂરી ખરી બનશે નહિ અને તેથી
તેમાં સત્ય અને આત્માનું તેજ કદી મળી શકશે નહીં.
સત્ય શોધવું, ચિન્તવવું, બોલવું અને આચરવું,
એ સાહિત્યનો સાર છે.
મંત્રસાધના પણ સત્યનું ખેંચાણ કરાવી શકે છે.
'રસાનાં રસતમઃ ।' અર્થાત
બધા રસોમાં ઉત્કૃષ્ટ રસ એ આત્માનું સ્વરૂપ છે.
સત્યનું કાવ્ય હંમેશા સાચા રસોથી રસેલું જ હોય છે.
કવિની ચિત્તવૃત્તિ જેટલી સત્ય અને સૌંદર્યના
મૂળતમ તત્ત્વને સ્પર્શીને ગતિ કરવા લાગે છે,
તેટલી તે સત્ય અને સૌંદર્યની સર્જક બને છે.
સર્વાત્મા પ્રસન્ન કરવા સત્ય - પવિત્રતા - ઇત્યાદિ જે 30
વિશ્વધર્મો છે, તે સમસ્ત વિશ્વનું કલ્યાણ કરનારા છે.

'अत्तं सरणं | अत्त दीवो भव |'

અર્થાત્ આત્મા એ જ આત્માનું શરણ છે તથા
આત્મા એ જ આત્માનો દીપક છે - સ્વયં જ્યોતિ છે.
પહેલું સત્ય : સૌએ પોતે જ પોતાનો વિકાસ કરવાનો છે.
બીજું સત્ય : અહંનું સર્વ તોડવાથી ત્યાં જે જોડાય છે,
તેમાં આત્માનો વિકાસ સમાયો છે.
અહંનો વિનાશ એ જ ત્યાંનું સર્જન.
આ રીતે વિકાસ થતાં સહજ શક્તિ પ્રગટે છે.
શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ, ચિત્ત એ સર્વનો વિકાસ થાય,
તો પણ અંતરાત્માનો વિકાસ ન થાય,
ત્યાં સુધી બધા વિકાસનો સરવાળો કરીએ,
તો પણ જીવનનો વિકાસ અધૂરો જ રહે છે.
બીજા વિકાસ પરાવલંબનથી થાય, અંતરાત્માનો વિકાસ
જાતે જ કરવાનો હોય છે, એ જ પરમ પરમ સત્ય છે.
ન્યાયબુદ્ધિના ફળ રૂપે આત્મસમદર્શિત્વમાંથી જ
સત્યવાદિતા, નમ્રતા, ગુણાનુરાગિતાદિ ગુણો જન્મે છે.

**આધ્યાત્મિક શોધમાં પુરુષાર્થ જ સત્ય છે,**
**બાકીનું બધું અસત્ય છે.**

'આધ્યાત્મિક શોધ' એટલે પરમનો મેળાપ.
તે માટે વૈજ્ઞાનિક શોધની પાછળ જે એકાગ્રતા જોઈએ,
તેના કરતાં અનેકગણી અધિક સાધનાની આવશ્યકતા રહે છે.
પરમનું દર્શન એની શોધ અકસ્માતોથી થતાં નથી,
તે માટે તો તપસ્યા, આત્મભોગ, સ્વાર્પણ મુખ્ય છે.
ત્યાં અંકગણિતની ચોક્કસાઈથી કાર્ય ચાલે છે.
વૈજ્ઞાનિક શોધોમાં પુરુષાર્થ નહીં, પ્રારબ્ધ જ મુખ્ય છે.
તેથી લાખો વૈજ્ઞાનિક શોધો કરતાં પણ
એક આધ્યાત્મિક શોધ વધુ કીમતી અને દુર્લભ છે.
ભેદબુદ્ધિ તથા અભેદબુદ્ધિ
પોતપોતાના સ્થાને સત્ય હોવા છતાં
અન્યને અસત્ય ઠરાવતાં પોતે પણ અસત્ય બને છે.
ઈમર્સન કહે છે કે : સત્યને માટે સારામાં સારી
અંજલિ તે છે કે તેને આપણે જીવનમાં ઉતારીએ.

સત્યશોધનની તીવ્ર જિજ્ઞાસા અને સત્યનો
સ્વીકાર કરવાની નિખાલસતા અધ્યાત્મને પોષક તત્ત્વો છે.

'દર્શન' એટલે જ્ઞાનશુદ્ધિનો પરિપાક.

દર્શન એ જ્ઞાનશુદ્ધિ અને તેની સત્યતાની પરાકાષ્ઠા છે.
દેશ, કાળ, ક્રિયા, વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ, ઘટના
- આ બધાં તો આવીને જતાં રહેવાવાળાં છે.

સત્ તો ત્રિકાલાબાધિત છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય?
જે નિત્યપ્રાપ્ત છે, તેની નવી પ્રાપ્તિ કઈ રીતે થાય?

(૧) જે અસત્ છે, તેની સત્તામાત્રનો ત્યાગ કરવો.
(૨) અસત્‌ને 'અસત્' માનવું, એ પણ સત્ય જ છે.
(૩) શાસ્ત્રકાર મહર્ષિઓએ લખ્યું છે કે:
'મનોગ્રંથિભેદ સત્યનો અનુભવ કરશે.'

સત્યરૂપી ધર્મની સેનાની સ્થાને શ્રુતધર્મ છે.
તેમાં મોખરે નિર્ભયતા અને પાછળ નમ્રતા છે અર્થાત્
આગળથી આવતાં હુમલાઓને ઝીલવા નિર્ભયતા જોઈએ
અને પાછળથી આવતાં હુમલાને રોકવા નમ્રતા જોઈએ.

તત્ત્વ કે સત્ય પોતે કાંઈ બદલાતું નથી.
લાખ વર્ષ ઉપર હતું, તેવું જ આજે છે અને
લાખ વર્ષ પછી પણ તેવું જ રહેશે.
સત્યને જોવાનું કામ જે આંખથી થાય છે,
સત્યને સમજવાનું કામ જે મગજથી થાય છે,
સત્યને સ્પર્શવાનું કામ જે અંતઃકરણથી થાય છે,
તે બધાં અંગો અને અવયવોનું સ્વરૂપ
કાંઈ હંમેશાં એકસરખું રહેતું નથી.
લાખ વર્ષ ઉપરનાં મનુષ્યનાં તે અંગો
આજના મનુષ્યનાં તે અંગોથી જુદી જાતનાં હતાં અને
તેથી તે વખતના જોનારા, સમજનારા, સાક્ષાત્કાર કરનારા
પુરુષોએ સત્યનું જે વર્ણન આપ્યું, તે વર્ણન વડે
આજની દુનિયા સત્યને કેવી રીતે ઓળખી શકે?
આજના માનસને જો પરિચિત ભાષામાં
સત્યનું સ્વરૂપ વર્ણવાય, તો જ સમજવું શક્ય થાય,
તેથી તત્ત્વને આકાર આપનાર પુરુષોની યુગે યુગે જરૂર પડે.

'હું સચેતન તત્ત્વ છું' એની
જાણ પ્રાણીવર્ગોમાં બહુ ઓછા જ ચેતના છે'
આ વિચારે સ્વ અને પર વચ્ચે સમત્વનું દર્શન કરાવ્યું.
ઇંદ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી
જે સ્તવાય અને ગવાય છે, તે
છેવટે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે 'સત્'.
આમ પ્રકૃતિનાં અનેક પ્રતીકો
છેવટે સત્ રૂપ પરમ તત્ત્વમાં જ વિરામ પામે છે.
જ્યાં જીવોના પરમ અને ચરમ હિતનો જ વિચાર છે,
ત્યાં પ્રીતિ પણ સત્યનો સ્પર્શ, સંવેગ તથા નિર્વેદ વસે.
નિર્વેદ વિના ભોગલાલસા થઈ સંસાર માટે ન લલચાય,
ઊંડે સત્ય રાગને જન્માવે,
ત્યાં શુદ્ધ જ આપણા ચિત્તની ચેષ્ટા હોય છે.
એક વખત સત્યનું રાગ જન્મ્યું કે પછી
ચિત્તને ચેષ્ટા માટે પ્રયોજન રહેતું જ નથી, તેથી તે
નિરિન્ધન અગ્નિની જેમ સ્વયમેવ શાંત થઈ જાય છે.

સત્ય અનેકાત્મક છે.

સત્યના બે અંશ : ચિંતન અને ઉચ્ચારણ.

ચિન્તન મનમાં અને ઉચ્ચારણ વાણીમાં થાય છે તથા
સત્યના ચિન્તન વડે જ જ્ઞાન થાય છે.
તેના અતૂટ આત્મામાં સત્યનિષ્ઠા, તત્ત્વનિષ્ઠા જાગે છે.
સત્યના કોઈ એક અંશને ય અન્યાય ન થાય, તે ખાતર
જૈનદર્શનને સકળ દર્શનોના નયોના સમૂહરૂપ કહ્યું છે.

વિચારના દ્વારો ખુલ્લાં મૂકવાથી

બધાના વિચારોમાંથી સત્યનો અંશ જડી આવશે.
બીજાના સત્ય વિચારને પૂર્ણ અસત્ય માનવા અને
તેનો આગ્રહ ધરાવવો, એ જ અનીતિ ઉપરાંત
અન્યાય અને હિંસાનું પહેલું પગથિયું છે.

સમત્વની સાધનાનો પાયો - સત્ય.

સમત્વની સાધનામાં સત્યની શોધ અને
તેને સ્વીકારવાની તત્પરતા એ એક મુખ્ય વસ્તુ છે.
સત્યની ઉપેક્ષા થતી રહે, તો સમત્વપ્રાપ્તિ કેમ થાય?

સત્યની સૂક્ષ્મ વ્યાખ્યાઓની જરૂર કોઈને ન પડે?

ઉર્મિશીલ પુરૂષોને.

તેઓ માટે ઈશ્વર એજ સત્ય વસ્તુ છે, જે ઈંદ્રિયોથી ગ્રહણ કરી શકાય, તેવું તત્વ છે. તેઓ ઈશ્વરને સાક્ષાત જુએ છે, સાંભળે છે, અનુભવે છે અને ચાટે છે.

અવશ ચિત્ત એ શત્રુ છે, સ્થિર અને શાન્ત મન એ સત્યની પ્રાપ્તિના માર્ગમાં મિત્રનું કામ કરે છે.

જ્યાં સુધી પૂર્ણ મધ્યસ્થભાવ ચિત્તસ્થિત ન થાય, ત્યાં સુધી સત્યની જિજ્ઞાસા તો રાખવી જ.

'અવિજ્ઞાતં વિજાનતાં।'ની સમજ જ સાચી સમજ છે, તેનું જ નામ સત્યપ્રતિષ્ઠા - આત્મીયતાનો સાક્ષાત્કાર છે.

ધ્યાન સંપ્રદાયમાં 'સ્વસંવેદ્ય રાગ' ઉપર જ ભાર છે.

'સ્વાનુભૂત સત્ય' એ તેનું સ્વરૂપ અને પ્રમાણ છે.

ભ્રમ તે બ્રહ્મનું અને સત્ય તે મોક્ષનું મૂળ છે.

દેહબુદ્ધિ રાખવી તે ભ્રમ, આત્મબુદ્ધિ રાખવી તે સત્ય છે.

આત્મારૂપે જગતને નિહાળીશ, તો ઈર્ષ્યા - શંકા ન રહે.

માનવજાતિની સમજ તથા મહિલાઓ સંકુચિત દૃષ્ટિ થતાં કેટલાંક અનર્થ નીચે મુજબ છે:

(a) સત્યની કસોટી ઉપર નહીં ટકનાર કલ્પનાઓને પણ વાસ્તવિક તરીકે માનવામાં આવે છે (મતાંધતા).

(b) બીજાના સત્ય અનુભવોને સ્વીકારતાં પણ ડરે છે.

(c) બીજાના સત્યને ઉતરતી કોટિનું અને ભ્રમવાળું સિદ્ધ કરવા માટે કોશિશ કરે છે.

સંસારમાં સત્યત્વની બુદ્ધિ અને દેહમાં આત્મત્વની બુદ્ધિ નિદિધ્યાસનમાં બાધક છે. એનાથી લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ આદિ દોષોની ઉત્પત્તિ થાય છે.

સંસાર એ સવિકલ્પ ચિત્તનો સાક્ષાત્કાર છે અને સત્ય એ નિર્વિકલ્પ ચિત્તનો સાક્ષાત્કાર છે.

સંસારના નામ - રૂપાત્મક પદાર્થો માટે સાવધાન તથા વિવેકયુક્ત મનુષ્યમાં વાસના કે આસક્તિ રહેતી જ નથી. તે બોધરૂપ - શુદ્ધ જ્ઞાનરૂપ જ છે. આ સત્યને મનમાં સ્થિર કરી અને દીનતા - વ્યાકુળતાનો ત્યાગ કરી.

## સત્ય વર્તનવાળો શુદ્ધ આત્મા

સહિષ્ણુ, સદાચારી, ઉદાર અને ત્યાગી હોય છે.

જ્યાં સત્યના દર્શનની સ્થિતિનો પ્રારંભ થાય છે,
ત્યાં આત્મા સાક્ષીભાવે રહીને સંસારને નિહાળે છે.
સુવર્ણ અને પીત્તળ, કંચન તથા કથીર, રત્ન અને કાચ
તથા એરંડો અને શેલડીમાં બહારથી સમાનતા હોય
છતાં અંદરની સત્યતાનો ખ્યાલ આવવા લાગે જ છે.
સત્ય જ્ઞાનથી કર્મ તથા ઉપાસનાનું અધિકારીપણું મળે.

જ્યાં ઉપાસના બુદ્ધિદાયક નહિ, ત્યાં
સત્યનું જ્ઞાન પણ નહિ અને શુભ કર્મ પણ નહિ.

બ્રહ્મ એ સત્ય, તપ અને જ્ઞાનરૂપ છે.

બ્રહ્મવિદ્યા વિના નિરપવાદ સત્ય રહી શકતું નહિ.
બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ તો દૂર છે, પરન્તુ
તેનાં અધિકારી બનવા પણ સત્ય-તપ-બ્રહ્મચર્ય આદિ
સાધનો દ્વારા આત્માને પરિષ્કૃત કરવો જોઇએ.
અહિંસા, સત્યાદિ યમો છે - શૌચ, સંતોષાદિ નિયમો છે.

વિચાર સત્ય નહિ, અનુભૂતિ સત્ય છે.

સત્યની કસોટી તર્ક નથી, પરન્તુ અનુભૂતિ છે.
અનુભૂતિમાં મન અવરોધક હોવાથી એને છોડવાનું છે,
જેથી સત્ય અને ધર્મનું બંધ પડેલું દ્વાર ખુલી જાય.
સત્ય એક છે અને એની અનુભૂતિ પણ એક જ છે.

સત્યને જે કોઈ જાણવા ઈચ્છે,
તેણે બધા અનેક ધારણા - કલ્પના છોડી દેવી પડે છે.
સત્યની કલ્પના કરવાની હોતી નથી.
ચિત્તમાં જ્યારે કોઈ જ કલ્પના નથી હોતી,
ત્યારે ચિત્ત સત્યમાં હોય છે.
સત્યની ખોજમાં જે રીતે અજ્ઞાન વિઘ્નકર છે,
તેમ મિથ્યા જ્ઞાન પણ વિઘ્નકર જ છે.
પાંડિત્ય અથવા શાસ્ત્રનું જ્ઞાન ન જાણવા છતાં
'હું જાણું છું' એવી દશા સત્યાનુભવમાં બાધાકર નિવડે.
એટલા માટે સત્યની ખોજ કરનારાઓએ
સૌ બંધનોથી મુક્ત થવાની પ્રથમ જરૂર છે.

## અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના અપાલનથી કયા કયા રોગો થાય ?

હિંસા એ શરીરના રોગોનું કારણ, જૂઠ એ વચનના રોગોનું કારણ, ચોરી એ ધનના રોગોનું કારણ, અબ્રહ્મ એ ૫ ઇંદ્રિયોના રોગોનું તથા પરિગ્રહ મનના રોગોનું કારણ છે.

## અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના અપાલનથી શેનો નાશ થાય ?

હિંસાથી ધર્મપુરુષાર્થનો નાશ, જૂઠથી મોક્ષપુરુષાર્થનો નાશ, ચોરીથી અર્થપુરુષાર્થનો નાશ, અબ્રહ્મથી કામપુરુષાર્થનો નાશ તથા પરિગ્રહથી સર્વ પુરુષાર્થનો નાશ થાય છે.

## અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના પાલનથી શેની શેની રક્ષા થાય ?

અહિંસાથી ધર્મ અને શરીરની રક્ષા, સત્યથી મોક્ષ અને વચનની રક્ષા, અચૌર્યથી અર્થ અને ધનની રક્ષા, બ્રહ્મચર્યથી કામ અને ઇંદ્રિયોની રક્ષા તથા અપરિગ્રહથી મન અને સર્વસ્વની રક્ષા થાય છે.

દુઃખ = જે ન ઇચ્છવા છતાં આવે તે.

સુખ = જે ઇચ્છવા છતાં ચાલ્યું જાય તે.

એ રીતે દુઃખનું આવવું અને સુખનું જવું,
એ વૈધાનિક સત્ય છે, પ્રકૃતિનું નૈસર્ગિક વિધાન છે.
દુઃખ તથા સુખ એ વાસ્તવિક જીવન નથી.
દુઃખ તેના સ્વભાવથી અસ્થિર છે, તે માટે તથા
સુખમાં કોઈપણ પ્રકારે સ્થિરતા કે સ્થાયિત્વ નથી,
માટે દુઃખ અને સુખ વાસ્તવિક જીવન નથી.
સુખથી આપણી વૃત્તિને એક જાતની
અનુકૂળતાનું માત્ર ભાન થાય છે, પરન્તુ
દુઃખથી તો સત્સુખને પ્રગટાવનાર સાચું જ્ઞાન થાય છે.
સુખ અને દુઃખ સત્ય પદાર્થો નથી પણ કાલ્પનિક છે.
જે રસ્તો ઇચ્છા સ્થળે લઈ જાય,
તે ભલે વિકટ હોય, વહાલસોયો લાગે છે, તેમ
અનંત દુઃખનો અનુભવ પણ જો સત્યને પંથે દોરી
જનારો બને, તો તે વહાલો લાગે છે, લાગવો જોઈએ.

જો આત્માનું અસ્તિત્વ સત્ય લાગતું હોય,
તો તેના સુખ - દુઃખો પણ સત્ય લાગવા જોઈએ.

## બે જાતના સંશય અને સત્ય

જાણવા માટેનો સંશય નિરાકરણરૂપ હોવાથી તારક તથા
હિતકારક છે, કિન્તુ ન માનવા માટેનો સંશય નાશક છે.
એક છે સત્યને ખોળવા, બીજો છે સત્યને ઇન્કારવા.
સત્યની ખોજમાં કોઈ વિરોધ નથી; સૌ ઉપકારક છે.
સંશોધન માટેના તાર્કિક સંશયમાં નમ્રતા છે.
સત્યનો સાક્ષાત્કાર ચિત્તને કરવો છે.
એ કારણે કાયવિશુદ્ધિ અને ચિત્તવિશુદ્ધિ ઉપર ભાર છે.

## આ એક સત્ય વિજ્ઞાન છે કે...

સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારનો પણ આકાર રચાય છે અને
પછી પ્રકૃતિમાં તે મુજબ જ કાર્ય બને છે.
વિચારો મન - ચિત્ત - બુદ્ધિ - અહંકારમાં જન્મે છે.
તેને શુદ્ધ કરવાનું સોપાન જીવરાશિ પ્રત્યેનો ભાવ કે
સ્નેહપરિણામ છે, જે શુદ્ધ અંતઃકરણની નિશાની છે.

## ઉત્તમ સત્યનું સ્વરૂપ કેવું છે?

તે આત્મ - અનાત્મ, ચેતન - જડ, નિત્ય - અનિત્ય,
પવિત્ર - અપવિત્ર વસ્તુનો વિવેક છે અને
આત્માને ત્રિગુણાત્મક અંતઃકરણ આદિથી
ભિન્ન અને જ્ઞાનસ્વરૂપ માનવું, તે છે.
સંસારમાં જુદી - જુદી વિચારધારાઓ છે.
તે ધારાઓનો સામનો કરવાને બદલે
તેમાં જે સત્યનો અંશ હોય, તેને ગ્રહણ કરવો જોઈએ.
એકાંત આગ્રહમાં કાંઈને કાંઈ હિંસા છૂપાયેલી છે.
ઘર્ષણને ટાળવાને માટે સામા પક્ષની વાત શાંતિપૂર્વક
સાંભળતાં શીખવું જોઈએ, તેમાં જે વસ્તુ સત્ય જણાય,
તેનો સ્વીકાર કરતાં જરા પણ અચકાવું ન જોઈએ,
કેમકે સત્ય જ સારભૂત વસ્તુતત્ત્વ છે, તેથી
તેના આશરામાં રહેનારા જ સંસારના પારને પામી શકે છે.
સત્ય કે શ્રેય જ્ઞાન કોઈ વ્યક્તિગત સત્તા હોતી નથી,
પરન્તુ એક શાશ્વત ચેતનતા - ચિન્મયી જ્ઞાનધારા છે.

## 'સત્ય શું છે ?'

એનો નિર્ણય નહીં, કિન્તુ અનુભવ સાધવાનો રહે છે.
જેને કોઈ પણ કંઈ મત છે, તેને સત્ય મળતું નથી.
'જે મરે છે, તે અનિત્ય છે. નિત્ય છે, તે અમર છે.'
આ સત્યને જે જાણતો નથી, તેનું જીવન અભિનય
અને તેનો સદાચાર એ પાખંડ છે.
જે વ્યક્તિ સત્યમાં વિશ્વાસ રાખે છે,
તે આસ્તિક અને સમ્યગ્ દ્રષ્ટિવાળા માનવી છે.
સત્ય રૂપ નાવતીર્થ સંસારસાગરને તારનારું ધર્મ છે.
અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં સત્ય એ 'વ્યક્તિનું સત્ય' ન રહે.
વ્યક્તિના mediumni Cosmic truth
પ્રકાશતું રહે છે અને એ પછી અનુપ્રેક્ષા સ્વાધ્યાય
Effortless effort બને છે. જીવના જીવત્વને એક
ન માનવું, કર્મસંબંધિત થતી અવસ્થાને ભિન્ન અને
કર્મરહિત અવસ્થાને પ્રકૃતિ સ્વરૂપ ન માનવી,
તે અસત્ય છે, અન્યાય છે, તેથી ભવનો માર્ગ છે.

## પરમ તત્ત્વ is an act of faith.

જેમ દેટ છે, તેમ દેટેથી પર અને

તેના કરતાં પણ વધારે મહત્ત્વનું તત્ત્વ અંદર છે તથા

તે આધ્યાત્મિક છે અને તે જ અંતિમ સત્ય છે.

દેહધારી માનવ એ વિશ્વનું જ પ્રતિબિંબ છે.

'યથા પિંડે તથા બ્રહ્માંડે।' આ અંતિમ સત્યને પામવું,

તે જ આપણી સાધનાનું લક્ષ્ય હોવું જોઈએ.

### સત્યને કઈ રીતે જાણી શકાય ?

સાવિશેષિત ભાષા - પ્રયોગ - અર્થની સ્થિતિને અનુરૂપ

શબ્દરચના યા પ્રયોગ એ જ સત્યનું મહાન તત્ત્વ છે.

નિષ્પક્ષદૃષ્ટિની અપેક્ષા વડે જ સત્યને જાણી શકાય.

બુદ્ધિથી સત્યની નજીક જવાય, વાણીથી સત્ય પકડાય

અને આચરણથી સત્ય આચરાય.

### સત્ય અને સમ્યક્ત્વની ભેટ

નિરાશા નહીં - આશા છે, નિરાધારતા નહીં - સાધારતા છે

તથા અસહાયતા નહીં, કિન્તુ પરમ સહાયતા છે.

નિજ શુદ્ધ સહજાત્મ સ્વરૂપ,
એ જ વિશ્રાંતિનું શાશ્વત આનંદધામ છે.

પરમ સત્ય વિચાર - વિકલ્પ, હેતુ - પ્રત્યયથી અતીત
અને અસ્તિત્વ - નાસ્તિત્વથી પર છે તથા
નિર્વિકલ્પ - અભેદ ભાવની તેમાં પ્રતિષ્ઠા છે.
'એ સત્ય પ્રત્યાત્મમતિ ગોચર છે' અર્થાત્
ભાવની અપરોક્ષ અનુભૂતિ પ્રત્યેક હૃદયમાં થવી જોઈએ.
સર્વ મર્યાદાઓથી પર નિર્દોષ આત્મચૈતન્ય જ સત્ય.
તે અસલ, શાશ્વત અને પરિપૂર્ણ સ્વરૂપને
મનમાં સ્થિર કરી કર્તવ્યકર્મ કરવું, તે સત્યધર્મ છે.
'વીતરાગ વચનો સત્ય છે' એવો નિર્ણય કરવો,
કેમકે વીતરાગ પુરુષો ઉપકાર કે બદલાની અપેક્ષા
રાખ્યા વિના જ પરને ધર્મોપદેશ આપી અનુગ્રહ કરે છે.
રાગ, દ્વેષ, અજ્ઞાનરહિત હોવાથી તેમને અસત્ય બોલવાનું
કોઈપણ પ્રયોજન હોતું નથી. આટલી શ્રદ્ધા જરૂરી છે.
નિર્મળતા વધે, તેમ સત્ય પોતાની મેળે અનુભવાય છે.

સત્યને પ્રાપ્ત કરવાના બે ઉપાય:

એક યોગજ સમાધિ અને બીજી મંત્રસાધના.

સવિગ્રહ યોગમાં મૂર્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાય, પછી
ચક્રોનું ધ્યાન કરવાથી અંતમાં બ્રહ્મરંધ્ર ખૂલી જાય છે
અને સત્ય સ્વયમેવ પ્રકાશિત થાય છે.

સત્યના દર્શનની શક્તિ યોગ દ્વારા ચક્ષુ અને
સમાધિના વિજ્ઞાન દ્વારા પેદા થાય છે.

વસ્તુમાં સત્યને ગ્રહીને અસત્યને છોડે, તે ભાવના.

ચિત્તની શૂન્ય અને મૂર્છા અવસ્થા એ સમાધિ છે.

સત્યને જોવા માટે તે જ એક પરમ ચક્ષુ છે.

જ્ઞાતા - જ્ઞેય અને દ્રષ્ટા - દૃશ્ય જ્યાં સુધી ભિન્ન છે,
ત્યાં સુધી સત્યથી વેગળાપણું છે.

સ્વયંના સાક્ષાત્માં અન્યતા લોપાઈ જાય છે, તેથી સ્વયં
એ જ સત્ય છે, ત્યાં જ્ઞેય - જ્ઞાન - જ્ઞાતા એક જ છે.

કોને કહું ? કોણ વિશ્વાસ કરશે કે આ માનવમાં જ
સત્ય - નિત્ય - ચિદાનંદમય બિરાજમાન છે?

## વિજ્ઞાનની સાચી ભક્તિ સત્યની ખોજમાં છે.

વિજ્ઞાનનો સાર એટલે કે Core of Science એ
સત્યની શોધ છે, એટમબોમ્બ કે યંત્રવિદ્યા નહીં.
જે સમયે જે ઉપયોગમાં જય રહે, તે સત્ય. એ
દૃષ્ટિએ આપણી ધારણા પણ વિજ્ઞાનરૂપે સત્ય છે,
ભલે તેનું પાર્થિવ રૂપ રહે કે ન પણ રહે.
વિજ્ઞાનરૂપની ધારણાઓ ય અચિંત્ય ભાગો મેળવી શકાય.
સ્થૂલ કરતાં વૈજ્ઞાનિક - વૈચારિક સત્ય ઘણું મોટું છે.
ભૂગોળ - ખગોળને પણ કેટલેક અંશે
ઉપલકનું વૈચારિક સત્ય માની જ શકાય.
તર્કાનુસારી આધ્યાત્મિક સત્ય તરફ જ
વિશિષ્ટ અને વિશિષ્ટ રીતે લક્ષ્ય આપે છે.
વિજ્ઞાનમય આત્માનું શિર શ્રદ્ધા છે.
માનસ સત્ય અને વાચિક સત્ય તેના પાંખો છે,
ચિત્તની એકાગ્રતા એ ધડ અને ફળ તેના પૂંછડી છે.
સત્ય જ જીતે છે, પરન્તુ અસત્ય નહીં.

સત્યના સુવર્ણમય દ્વાર તરફ જવું...

વિશ્વનું આયોજન સૌથી મોટી વસ્તુ છે,
તેમાં આપણા અંગત રાગ-દ્વેષનો કોઈ અર્થ નથી.
રાગ કે દ્વેષ રહેશે, તો જ અસત્ય બોલાય છે,
સત્ય વચન વખતે તે બંનેનો અભાવ રહે છે.
હંમેશા એક જ વિચાર કરો કે આ જીવન સુંદર છે.
વિશ્વની રચનામાં ગણિતસભર સંવાદ છે.
જે કાંઈ બન્યું હોવું જોઈએ, તેવું જ સાચું છે.
આ વિશ્વમાં કાંઈ પણ દુષ્ટ નથી અને અનિષ્ટ નથી.
મહત્વની બાબત છે આગળ વધવાની તથા
સત્યના સુવર્ણમય દ્વાર તરફ આગેકૂચ કરવાની.
પ્રકૃતિની પરમ આશા છે કે : સતતપણે વિકાસ કરો.
આ જીવન અને જગત ખરેખર સુંદર છે.
તમારી એક બે જો મહત્વાકાંક્ષાઓ અધૂરી રહે,
તો એમાં શું થઈ ગયું ?
કોઈ એક વધુ ઉચ્ચ સત્તા છે, તેમાં શ્રદ્ધા ધરાવવી.

માયા ભગવાન નહિ, સત્ય ભગવાન છે.

આ માયામય જગતમાં કેવળ હરિનામ જ સત્ય છે.
બાકીનું બધું મિથ્યા જ છે, હરિનામ જ ચિદાનંદરૂપ છે.

માયાથી આચ્છાદિત સત્યને ભગવન્નામ અને
ભગવાનના રૂપ રૂપી માયા વડે જ મેળવી શકાય છે.

કુશળતાપૂર્વક માયાનો આધાર લઈને જ
આખરગાહે ઈશ્વરની સમીપે પહોંચી શકાય છે.

જડ માયાનો ત્યાગ કરવાથી અમૃતત્વ સહિત
આપણે ઈશ્વરીય સ્વરૂપનું સત્યલાભ પ્રાપ્ત થાય છે.

માયા સત્ય નહિ, જ્ઞાનોદય થતાં જ તે અદૃશ્ય થાય છે.
માયા અસત્ય નહિ, જ્ઞાનોદય નહિ, ત્યાં સુધી એ છે જ.

આપણે બધે એક જ પરમાત્માના સંતાન છીએ, તો
પોતાનું સત્ય પોતાને જેટલું પ્રિય છે,
તેટલું જ પ્રિય પ્રતિપક્ષીઓને તેમનું સત્ય હોય જ.
વિરોધી એ ભૂલ કરતો માલુમ પડે,
તો ત્યાં રોષના બદલે દયાની લાગણી પ્રકટાવવી.

નામ-રૂપમાં સત્યત્વની કલ્પના એ મૂળાવિદ્યા અથવા
નિશ્ચય સ્વરૂપનું મૌલિક અજ્ઞાન છે.

ઘટની મૃત્તિકાનું જ્ઞાન સત્યનું જ્ઞાન - યોગ કરાવે છે,
તો તેના નામ અને રૂપ સત્યનો ઉપયોગ કરાવે છે.
'સચ્ચિદાનંદ એ આત્માનું મૂળ - નિશ્ચય સ્વરૂપ છે'
એવું જ્ઞાન એ મૂળજ્ઞાન છે.

તે સાધનામાં અતિ આવશ્યક એવી મૌલિક વિદ્યા છે.
તેનો અભાવ અને નામ - રૂપમાં સત્યત્વની ભ્રાંતિ
કાયમ રહીને જે કાંઈ વ્યવહારમાં ગણાતું સત્ય જ્ઞાન,
તે પણ તાત્ત્વિક સત્ય નહિ.

તાત્ત્વિક સત્ય તથા શાસ્ત્રોનું લક્ષ્ય તો સચ્ચિદાનંદ છે.
પ્રપંચમાં સત્યત્વની બુદ્ધિ તે મૂળાવિદ્યા, જેમકે દોરડામાં
દોરડાની જ બુદ્ધિ પણ દોરડામાં સર્પની બુદ્ધિ એ તુલાવિદ્યા.
વ્યવહારને ત્રૈકાલિક સત્ય માનવું, તે મૂળાવિદ્યા અને
વ્યવહારને તત્કાલ પૂરતું સત્ય માનવું, તે તુલાવિદ્યા.
'મનનો સાર, મન મનમાં સમાતાં' એ પરમ સત્ય છે.

હંમેશ આ સત્યને મનમાં સ્થિર કરો કે...

પારમાર્થિક દૃષ્ટિએ આકાશ, પૃથ્વી, તેજ, વાયુ, જળ,
હું, તું વગેરે જે જગતરૂપે દેખાય છે, તે છે જ નહીં.
જે જોવામાં આવે છે,
તે અજર, અમર, સચ્ચિદાનંદ રૂપ પરબ્રહ્મ જ છે.
જેને આનંદના સમુદ્રમાં ઝીલવું હોય,
તેણે સત્-ચિત્-આનંદના સ્મરણમાં મસ્ત રહેવું.
આ સર્વ દૃશ્ય શાંત, નિરાકાર બ્રહ્મમાં પ્રકૃતિરૂપે પ્રસરે છે.
બ્રહ્મમાંથી ઉદય પામેલા સર્વ પદાર્થો બ્રહ્મરૂપ જ છે.
સંતાપમાંથી શાંતિ કેમ મળે? સત્યદર્શનથી.
દ્રષ્ટા, દૃશ્ય, દર્શન, જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન, પ્રમાતા, પ્રમેય, પ્રમાણ
- આ કોઈની સત્તા બ્રહ્મથી ભિન્ન નથી.
બ્રહ્મ સર્વત્ર તે પૂર્ણ અને સર્વશક્તિમાન છે.
સત્ય તો 'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।' છે. જે કાંઈ છે,
તે એક જ તત્ત્વ છે. જીવ પોતે પણ બ્રહ્મ જ છે,
છતાં અજ્ઞાનવશ તે પોતાને સ્વતંત્ર વ્યક્તિ માને છે.

'આપવાથી મળશે' એ પ્રકૃતિનું સત્ય છે, કેમકે
પરાર્થ દ્વારા જ સ્વાર્થની સિદ્ધિ છે.

'આપીને મેળવો' તે પ્રાકૃતિક સત્યને અનુરૂપ થવાનો
પ્રયત્ન કરીશું, તો પ્રકૃતિમાં પ્રસન્નતા રહેશે.
પ્રકૃતિનું આ મહાસત્ય છે કે માતૃહૃદય કેળવો.
દરેક વસ્તુ પછી ભલે તે ગમે તે નામવાળી હોય,
પરન્તુ એક અમર સત્યમાં સ્થિર છે.
આપણા પ્રત્યેક વિચારમાં
પ્રકૃતિનું સત્ય પરોવાઈ જવું જોઈએ,
તેનું જ નામ Subtle receptivity છે.
સત્યનું મુખ સુવર્ણના પાત્રથી ઢંકાયેલું છે,
તેથી વેદાંત જૂઠનો શત્રુ અને સત્યનો પક્ષપાતી છે.

જીવન કઈ રીતે ઘડવું જોઈએ ?

'વિશ્વનું પરમ સત્ય - તત્ત્વ આત્મતત્ત્વ જ છે,
એક આત્મા જ શાશ્વત છે, બાકી બધા પદાર્થો વિનાશી છે'
આ સત્યને મનમાં સ્થિર કરી તે પ્રમાણે જીવન ઘડવું.

'પદાર્થમાત્ર ક્ષણે ક્ષણે રૂપાંતર પામે'
એ સત્ય પ્રકૃતિની પસંદગીનું છે.

વનની આગ સામે એક પ્યાલો પાણી નાંખવાનો જેમ અર્થ નહિ, તેમ સત્ય સામે વિરોધ કરવાનો કોઈ અર્થ નહિ.
પ્રકૃતિ પણ આખરે સત્યના નિયમોથી બંધાયેલી છે.
પ્રકૃતિ તો સ્વયંરચિત નિયમોથી જ પસાર થાય છે.
સહેજ પણ આડા - અવળા માર્ગે તે જતી નહિ.

સાચી આત્મિક શક્તિ વિના...
પ્રકૃતિમાં મૌલિક ફેરફાર કરવાનું ન બને,
સત્યજીવન અને માનસશાસ્ત્રનું જ્ઞાન ન મળે.
નિસર્ગના આ મહાસત્યને કુદરતના પાનામાં જોવું,
એ જુદું અને અંતરના ઊંડાણમાં દેખવું, એ જુદું છે.
પ્રકૃતિ કદી ખોટું કરે નહીં, તેનો માર્ગ ખોટો ન જ હોય.
પ્રકૃતિ જે માર્ગે આગળ વધવાનું પસંદ કરે છે,
તે અંતિમ સત્ય છે, તેને final cause અથવા તો
supreme truth તરીકે માનવું - સ્વીકારવું જોઈએ.

## ત્રણે પ્રકૃતિવાળા શેની ખોજ કરે ?

સાત્ત્વિક પ્રકૃતિવાળા સત્યની ખોજ કરે છે,
રાજસિક પ્રકૃતિવાળા સમાજકલ્યાણ તરફ ઝુકે છે અને
તામસિક પ્રકૃતિવાળા હિંસાત્મક વલણોને અખત્યાર કરે છે.
આમ પ્રકૃતિ આધ્યાત્મિકતામાં મહત્ત્વનો ભાગ ભજવે.

અહિંસા = અન્ય જીવો તરફ સદ્ભાવ.
અનેકાન્ત = અન્યના સદ્વિચારો તરફ સદ્ભાવ.
અપરિગ્રહ = અન્ય પદાર્થો તરફ નિઃસ્પૃહભાવ.

અહિંસામાં સત્ય, અચૌર્ય તથા બ્રહ્મચર્ય આવી જાય છે,
અનેકાન્તમાં સહિષ્ણુતા આવી જાય છે અને
અપરિગ્રહમાં નિઃસ્પૃહતા તથા સંતોષ સમાઈ જાય છે.
સત્ય + યથાર્થ સાધનાથી શાંતિ અને જાગૃતિ થઈ શકે.
અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ વડે
Love thy neighbour as thyself.
'સ્મૃતિનું પ્રશિક્ષણ' નહીં, કિન્તુ 'સ્વપરિવર્તન' જ
સત્યના આચરણ માટે આવશ્યક છે.

સત્યની બે બાજુ છે:

એક અસ્તિત્વ બાજુ, બીજી ઉપયોગિતા બાજુ.

'આત્મા છે અને પ્રત્યેક આત્મા પરમાત્મા છે'
એ અસ્તિત્વવાદી દૃષ્ટિકોણ છે.

યથાર્થવાદની દૃષ્ટિએ આત્મા - અનાત્મા બન્ને સત્ય છે,
ઉપયોગિતાવાદની દૃષ્ટિએ આત્મા સત્ય છે, જ્યારે
અનાત્મા (એટલે કે આત્મા વિરુદ્ધ બાજુ) મિથ્યા છે.
પહેલો દ્વૈતવાદ છે, બીજો અદ્વૈતવાદ.

તત્ત્વો વિચારતાં તે બે છે, માટે દ્વૈતવાદ સત્ય છે.
આત્મકલ્યાણ વિચારતાં તત્ત્વો બે નથી, કિન્તુ એક છે,
માટે અદ્વૈતવાદ સત્ય છે.

વિચાર અને વિવેક દ્વારા પરમ સત્ય સાથે
અદ્વૈતનો અનુભવ કરવો, તે જ્ઞાનયોગ છે.

અદ્વૈત તે સત્ય નથી, અદ્વૈતની ભાવના સત્ય છે.
સ્વરૂપે અદ્વૈત અસત્ય છે, પરંતુ ભાવનારૂપે તે સત્ય છે.

આત્મસિદ્ધ થવાના 3 માર્ગ: સત્ય, ધર્મ અને સ્વાધ્યાય.

'હું તને સત્ય માર્ગ જણાવીશ.'

આજના માનવીને ઉપાધ્યાયજીની કૃતિઓનો આધાર
લીધા વિના જ જો જૈનશાસ્ત્રનું સત્ય સમજવું હોય,
તો તે અશક્ય નહીં, તો પણ દુઃશક્ય તો છે જ.
જૈન ધર્મની સત્યતા અને સાચો મોક્ષમાર્ગ શું છે,
તેને દૃઢસ્થિતપણે જે કોઈ સાધકને જાણવા હોય,
તે સાધકને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
કોઈપણ કૃતિનું અધ્યયન કામ આપે છે કે:

હૃદયમાં જે હોય, તે સત્ય.

તેમાં પ્રેમ છે, માટે પ્રેમ સત્ય છે, તેથી હંમેશા સત્યનું
આચરણ કરવું, હૃદયને પ્રેમ-દયાથી ભરેલાં રાખવાં.
માનવની હૃદયગુફામાં નિહિત એક ધ્રુવ જ્યોતિ છે.
એના અંતરમાં બેઠેલો જે દેવ છે, તે અસલ વસ્તુ છે,
તે સત્યસ્વરૂપની ખોજ કરવી, એ જ પરમ ઉદ્દેશ છે.
એ ખોજમાં સફળ થવાના સાધન તરીકે
જીવનનો ઉપયોગ કરવો, એમાં જ સાર્થકતા છે.

## 'હૃદયનો અર્થ જાગૃત થવો' એટલે...

જ્યારથી આપણું બધું જ જ્ઞાન સપાટી પરનું બની જાય,
કેમકે જે પરમ સત્ય છે, એ સૌ કોઈના હૃદયમાં મૂળ
અર્થરૂપ વસે, એ અર્થને સાધના વડે જગાડી શકાય છે.

મારા હૃદયનો અર્થ મારામાં જાગૃત થશે,
ત્યારથી મને જ્ઞાન થયું છે કે : હે ઋષિ!
હું જાણું છું કે શોધું છું, તે બધું સત્યમાં સમાઈ જાય છે.
જેનું હૃદય સાફ, તેનાં મન-વચન-કર્મમાં સચ્ચાઈ રહેય.

તેનાં સંકલ્પમાં સત્યનો પ્રભાવ રહેય છે,
તેના શબ્દમાં ઈશ્વરને ખેંચવાનું બળ રહેય છે.
'આપણે બીજાને સુખ આપીએ છીએ,
તેના કરતાં બેગણું આપણને સુખ આપે છે,
તેમનું અહિત ગુણાતીતનું પ્રમાણ વિશેષ છે.'
આ સત્યનું મૌનને મૌનને દર્શન થયું છે,
તેઓ હંમેશા કૃતજ્ઞ અને પરોપકારપરાયણ રહે છે.
અનંત સત્ય શબ્દાતીત છે.

## 'કાછ ના જતી, વાચ ના સતી!'

લંગોટના પાકા અને બોલવામાં સાચા, છે યોગીની કસોટી.
જતે અને સતે = સંયમ તથા સત્યનિષ્ઠાદિ સંયમ
અર્થાત્ શારીરિક અને સત્ય હૃદયનો દેઢ લક્ષ.
નિર્વિકલ્પ ચૈતન્યના તળમાં સત્યના સૂર્યનું દર્શન થાય.

'आत्मा आत्मना आत्मनि आत्मानं वेत्ति।'

આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિને સ્પષ્ટ બનાવાય,
તો સત્ય આપમેળે જ આપણા સામે ઉઘાડું થતું જાય.

ઇંદ્રિયાતીત સાક્ષાત્કાર નિર્લેપ સત્ય છે.
એ બાહ્ય પુરાવા દ્વારા નહીં, કિન્તુ અંતરમાં
તેનો વાસ જેણે અનુભવ્યો છે, તેમના બદલાયેલા
વર્તન અને ચારિત્ર દ્વારા જ પુરવાર થઈ શકે છે.

પ્રારબ્ધ અને પુરુષાર્થ - કોણ સત્ય? બન્ને સત્ય.
પૂર્વ કર્મના કારણે જે પ્રસંગો આવે, તે 'પ્રારબ્ધ' તથા
આ જન્મે કર્મ કરવામાં આવે, તે 'પુરુષાર્થ' ગણાય.
પુરુષાર્થ કર્યા વિના કોઈપણ વસ્તુની સિદ્ધિ ન થાય.

# આપણો આધ્યાત્મિક પરિવાર

'पितेव हिते नियुक्ते मातेव रक्षति ।'

જે કોઈ હિત કરે તથા ધર્મ આપે, તે સર્વ પિતા છે.
જે કોઈ દયા કરે તથા કરુણા દર્શાવે, તે માતા છે.
સત્યાસત્યનું અને આત્મા ઉપરનું જ્ઞાન આપે તથા
જે કોઈ આત્માનો વિવેક શીખવે, એ ખરો બંધુ છે.
જે કોઈ પ્રેમ કરે, તે પ્રિયતમ સ્ત્રી જાણવી.
જે કોઈ જ્ઞાનાદિનો આનંદ આપે, તેને પુત્ર જાણવો.
જે કોઈ જ્ઞાનાદિ આપે, તે પુત્ર - પરિવાર.
જેમ પિતા હિતનો માર્ગ દેખાડે, ગુરુ ઉપર પ્રમોદ કરાવે,
તેમ ધર્મ પણ હિતનો માર્ગ દેખાડે છે.
સર્વ જીવમાં સમભાવ રાખનાર જ્યારે
નીડરપણે સત્યને બોલે છે, ત્યારે સત્ય એ
આત્મધર્મ હોવાથી સર્વ ઉપર તે અસર કરી શકે છે.
'સત્ય વચન આધીનતા, પરતિય માતુ સમાન,
ઇતને મેં જો હરિ ના મિલે, તો તુલસીદાસ જમાન.'

## નમસ્કાર એ વિવેકનું ફૂલ છે.

બુદ્ધિ તત્ત્વની પક્ષપાતિની છે, વિવેક સત્યની પસંદગી છે, વિવેક પ્રધાન સત્યને ભાળી - પસંદ કરી સુંદર સૃષ્ટિ લઈ જાય છે અને પ્રકૃતિનો અનુભવ કરાવે છે.

## વિવેક એ તો સત્યની જ્યોત છે.

સંત, ઋષિ કે મુનિ વગેરે તો મૂર્તિમંત વિવેક જ છે.

વાસનાઓ એ અસત્યનો ખોરાક છે.

વાસનાઓ શમી જતાં જે બાકી રહે, તે જ સત્ય છે, તે જ સુંદર છે અને તે જ આનંદ - નિર્વિકલ્પ છે.

## વિવેક એ સત્યનો પ્રકાશ છે.

જેનું ચિત્ત મનુષ્યહૃદયના ગહન મંદિરમાં જડાયેલું હોય 'મહાન ઈશ્વરનું પ્રતિબિંબ છે' એવું દર્શન કરાવે છે.

વળી God is truth.

Truth is eternal and infinite.

સત્ય એક અને અખંડ હોવા છતાં તેનો આવિર્ભાવ-જેનું ભાન કાળક્રમે અને પ્રકારભેદે જ થાય છે.

સત્ય તે છે કે હું અષ્ટકર્મથી બદ્ધ છું.
અનંતકાળથી અરહટ્ટપણે સંસારની ૪ ગતિમાં ભટકું છું.
કર્મકૃત ભાવોથી જીવ ઉચ્ચ કે નીચ ગતિમાં જાય છે,
તે તેની શોભા નથી, પરન્તુ વિડંબના છે.
સત્ય ધર્મને પામવાને માટે
કર્મની સત્તા, ઉદય અને તે જેના સંબંધને જાણવો.
એ જ્ઞાન સર્વજ્ઞના વચનથી જ દૃઢ થાય છે.

અધમતા V/S સહજ આત્મગુણ

જ્યાં સુધી હું મારું શુદ્ધ સ્વરૂપ ઓળખું નહીં,
ત્યાં સુધી પરવસ્તુઓના સંબંધથી પ્રાપ્ત થયેલ
સ્વરૂપનો ગર્વ કરવો, એ અધમતાની નિશાની છે.
અહિંસા - સત્ય વગેરે આત્માના ગુણ છે અને
તે સર્વવ્યાપક છે, તેથી હવાની જેમ દેખાતાં નથી.
તેથી હિંસા, અસત્ય, ચોરી આદિના સમાચાર આવશે,
કિન્તુ અહિંસા, પ્રેમ, કરુણા, ન્યાય, નીતિ, સદાચારની
જાહેરખબર નહીં આવે, કેમકે તે સહજ આત્મગુણ છે.

## તમે એવો નિશ્ચય કરો કે:

ગહનની ગહનતાના જ્ઞાતા,
સત્ય અને અસત્યના ભેદના નિશ્ચેતા તથા
ઈશ્વરના અસ્તિત્વના નિર્ણેતા એવા તમે ગહનના ગહન,
સત્યના ય સત્ય અને ઈશ્વરના પણ ઈશ્વર છો.

પ્રેમ તથા મનની શાંતિ ફક્ત ત્યારે જ શક્ય બને કે
જ્યારે માનવીના દિલમાં પરમ સત્યનો આવિર્ભાવ થાય.
સ્થૂલ પદાર્થની સહાયથી સૂક્ષ્મ પદાર્થ સુધી પહોંચી શકાય
તથા અંતે પરમ સત્ય રૂપી નિર્વાણને પામી શકાય છે.

પરમ સત્ય એ બુદ્ધિવિલાસ નથી, કિન્તુ
પ્રત્યક્ષ અનુભૂતિરૂપી છે અને આદિ - મધ્ય - અંતમાં
કલ્યાણકારી - મંગળકારી - હિતકારી - સુખકારી છે.
વિશ્વમાં જે કાંઈ થાય છે, તેને કોઈ કરતું નથી પણ અનેક
કારણોવશ તે બને છે અને એજ પરમ સત્ય છે.

સંસારના સંબંધો Real સત્ય નથી, પરન્તુ
તે Relative સત્ય છે. મનોનિગ્રહ જ ખરો યોગ છે.

ધમ્મપદ - ૨૬।૬માં 'વિપશ્યના' વિષે કહ્યું છે કે:

જે શીલસંપન્ન છે, વિપશ્યનાસંપન્ન છે, ધર્મસંપન્ન છે,
સત્યસંપન્ન છે, ધર્મનિષ્ઠ છે, સત્યવાદી છે અને
કર્તવ્યપરાયણ છે, તેને લોકો ચાહે છે.

## એક સત્ય હકીકત

જેમ આગળિયા મકાનની સાથે રહેવામાં આવે, તો
મૂંઝવણ થાય, તેમ મંદિર આગળનું છે, ઘર પાછળનું છે,
તેથી જિંદગીભર ઘરનો કંટાળો નહિ આવતો.
મંદિરમાં વધુ સમય થાય, તો કંટાળો આવે છે.

## સત્યનું તાત્ત્વિક દર્શન પામવા માટે

ઇંદ્રિયોના ભોગો, મનના સંકલ્પ-વિકલ્પો અને બુદ્ધિના
તર્ક-વિતર્કોની પેલી પાર ગયાં સિવાય છૂટકો નહિ.

જિજ્ઞાસા, વિશાળતા અને શ્રદ્ધા મનમંથનનું સમર્પે છે,
પરંતુ એ બન્ને સાથે જો આસુરી વૃત્તિ ભળે, તો અંશ
સત્યમાં પૂર્ણ સત્ય જોવાની ફરજ પાડે, તેમાંથી સાચા-
ખોટાં અને ચઢતાં-ઉતરતાંના ભેદો પડે, જે અનિષ્ટ છે.

# બૌદ્ધ મતે ૪ આર્ય સત્યો

જેનું સમ્યગ્જ્ઞાન થવાથી આર્યત્વ પ્રાપ્ત થાય અથવા
આર્ય તથાગત દ્વારા જેનો આવિષ્કાર થયો હોય, તે
ચાર 'આર્યસત્ય' છે : દુઃખ - સમુદય - નિરોધ - માર્ગ.

'અસતો મા સદ્ ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય । મૃત્યોર્મા અમૃતં ગમય ।'

ભક્તને ભગવાન નામ અસત્‌માંથી સત્‌માં લઈ જશે,
અંધકારમાંથી પ્રકાશ - મૃત્યુમાંથી અમૃત લગી લઈ જશે
અને એથી પણ આગળ એને નમ્ર બનાવશે.

નમ્રતા વિના સત્યશોધન શક્ય નથી.
દુષ્કૃતગર્હાથી નમ્રતા અને સુકૃતાનુમોદનાથી નિર્ભયતા.
આ બે ગુણો વડે સત્ય તથા અહિંસાનો વિસ્તાર થાય.
સત્યની પ્રાપ્તિ અહિંસા, સંયમ અને તપથી છે અથવા
સત્યની પ્રાપ્તિ નમ્રતા અને અનાગ્રહથી થાય.

વિરલા સત્યને શોધી શકે છે,
તેનું ઉપાદાન સત્ય નમ્ર અને નિરાગ્રહી છે.

## બુદ્ધે દ્વારા આપાયેલ ૪ ઉમદા સત્યો

દુ:ખ અને દુ:ખની નાબુદી ઉપર આધારિત છે.

(૧) દુ:ખ પરમ આર્યસત્ય છે. (૨) દુ:ખનું કારણ છે.
(૩) દુ:ખનો નિરોધ છે. (૪) તે નિરોધનો ઉપાય છે.
'ચલમાં અચલને નિરખો' એ જ બુદ્ધની ધર્મકાય છે.

સમ એટલે સત્ય, ન્યાય, યોગ્ય.

અસમત્વ એ અસત્ય છે, અન્યાય છે, અયોગ્ય છે.
વસ્તુનું સાચું માપ લેવા ત્રાજવું સમ = નિર્દોષ જોઈએ,
તેમ સત્ય મેળવવા હૃદય પણ સમ = નિર્દોષ જોઈએ.
બધાને સમાન ગણવા એ સત્ય છે,
તેથી 'સમ-તા' એ સત્યનો જ પર્યાયવાચક શબ્દ છે.
સત્ય વિરુદ્ધ સંકલ્પ ફળે નહીં.
સત્ય ઘણી વાર કલ્પનાથી યે અદ્ભુત, રમણીય હોય છે.
'यद्भूतहितमत्यन्तम् तत्सत्यं इति नः सत्यम् ।'
અર્થાત્: જે જીવોને અત્યંત હિતકારી હોય, તે સત્ય છે,
એવું અમારું સત્ય છે.

## ધ્યાનમાર્ગનો એ સત્ય સંદેશ છે કે...

બુદ્ધને પોતાની અંદર જોવો, તેથી જગતમાં સર્વત્ર
બુદ્ધનો જ વિવર્ત - બુદ્ધની જ નિર્મિતકાય દેખાશે.
લોકકલ્યાણ અર્થે બુદ્ધ પોતાની કરુણાથી
અનેક રૂપોમાં સત્યનો ઉપદેશ કરતાં દેખાશે.
સત્યની પરીક્ષા સ્વાનુભવથી જ કરવી જોઈએ.

## ધ્યાનની સાધનાનું સ્વરૂપ

સત્યનો સીધો અધિગમ, સીધી અધિગતિ, નિરાવરણ-
નિરપેક્ષ સત્યને પોતાની મેળે જોવું, તે છે.
લંકામાં આર્ય સદ્ધર્મના અવતરણને વર્ણવતાં
મહાયાન કે સદ્ધર્મ લંકાવતાર સૂત્રમાં પરમ સત્યને
શૂન્યતા, ભૂતતથતા અને ચિત્તમાત્ર રૂપે કહેલ છે.

## ધ્યાન એ ચિત્તની જ એક અવસ્થા છે.

જ્યારે એ અવસ્થાનો અનુભવ થાય છે, ત્યારે ત્યાં
ભરામણાંનો નહીં, કિન્તુ ઠલવામણાંનો ભાવ રહે છે.
એ એક પ્રકારની નિર્વિચારતાની સત્ય દશા છે.

કયા બે પ્રકારે સત્ય પ્રસિદ્ધ છે?

શબ્દના અર્થ દેશ - કાળ અનુસાર સાપેક્ષિક.

સાપેક્ષિક ધર્મ એવો છે કે

તેને કહેનાર શાસ્ત્ર અને ગુરુ નથી

સ્વીકારનાર આત્માની સત્યતાનો વિશ્વાસ થાય છે.

એકલા આત્મા વડે, એકલા ગુરુ વડે કે

એકલા શાસ્ત્ર વડે ધર્મની પ્રતીતિ થઈ શકતી નથી.

શાસ્ત્રવચન વડે ગુરુવચનની અને

ગુરુવચન વડે આત્માના અનુભવની પ્રતીતિ નથી

સત્ય - અસત્ય સંબંધી ખાત્રી કરી શકાય છે.

આવું સત્ય સ્વરૂપ સમજવા માટે

સત્શાસ્ત્રનો જ એક આધાર છે અને તે સત્શાસ્ત્ર

સદ્દષ્ટિ નથી સદ્ગુરુનાં જ કહેલાં છે, તેથી

પહેલાં સત્શાસ્ત્રની ઓળખાણ થવી જોઈએ.

જે કે એકલા ત્યાગ - વૈરાગ કે અહિંસા - સદાચારના

ઉપદેશ માત્રથી શાસ્ત્રોમાં સત્યપણું આવી જતું નથી.

સમ્યક્ત્વ = સત્યનું દર્શન, સત્યનો પરિચય = જ્ઞાન
અને સત્યનો અનુભવ = ચારિત્ર.

<u>સમ્યક્ત્વ (સત્ય દૃષ્ટિશોધન)ના ચાર પગથિયાં</u>

(૧) સારાને સારું - ખરાબને ખરાબ માનવું ઉપરાંત સત્યને સત્ય અને અસત્યને અસત્ય રૂપે સ્વીકારવું.

(૨) ખરાબને છોડવું અને સારાને જીવનમાં ઉતારવું.

(૩) ઉપાસના અર્થાત્ વૃત્તિશોધન માટે વિશિષ્ટ સાધના કરવી યાને દેશ - વ્રતપાલન અર્થે શ્રમણોપાસક બનવું.

(૪) સમ્યક્ત્વનું ચોથું પગથિયું સંપૂર્ણ મહાવ્રતધારી બનવું.

<u>વધુમાં વધુ ૭ દિવસ બાદ ૧ જીવ સમકીત પામે જ,</u>
<u>૧૨ યા ૧૪ દિવસે એક જીવ દેશવિરતિ પામે,</u>
<u>૧૫ દિવસે ૧ જીવ સર્વવિરતિ, છ મહીને ૧ જીવ મોક્ષે જાય.</u>

સમ્યક્ત્વ અર્થાત્ પરમ મહાસત્ય.

ચારિત્રનિર્માણ માટે ધન કરતાં વસ્તુને, વસ્તુ કરતાં વ્યક્તિને, વ્યક્તિ કરતાં વિવેકને અને વિવેક કરતાં સત્યને વધુ મહત્વ આપવું જોઈએ.

સત્યાગ્રહી થવા કરતાં સત્યગ્રાહી થવું સારું છે.

પ્રત્યેક ધર્મમાં, પંથમાં કે માનવમાં સત્યનો અંશ હોય છે,
તેને ગ્રહણ કરવાથી સત્યગ્રાહી કે સત્ય આગ્રહી બનાય.

પહેલાં સત્યગ્રાહી બનો, પછી સત્યાગ્રહી બનો.

'સત્યાગ્રહ'માંથી સત્ય અદૃશ્ય થયું અને
એક માત્ર આગ્રહ જ હયાતિ ધરાવે છે.

નિરંતર અંતઃશુદ્ધિ સહિત વિનય ભાવથી
દુઃખ સહન કરવું, તે સાચો સત્યાગ્રહ છે.

બહારની વસ્તુઓના મદ - મમતથી મુક્ત થવું, તે જ
સાચું નમન અને તે જ સત્યનો સાચો આગ્રહ ગણાય.

ઉપવાસ સાથે પ્રાર્થના હોય તથા
આત્મશુદ્ધિના તત્ત્વ હોય, ત્યારે જ તે સત્યાગ્રહ બને.

સત્ય, સદાચાર અને કલ્યાણકારી પ્રસન્નતા સાથે
જીવનમાં મંગળ પ્રવૃત્તિની ત્રિરાશિ કરવી.
અસત્ય, અસદાચાર અને અમંગળ પ્રવૃત્તિની બાદબાકી
અને ભાગાકાર નિત્ય કરવો, તેને શૂન્યવત્ બનાવવા.

# સત્ય અને તપનું માહાત્મ્ય

જેમ તલમાં તેલ, દહીંમાં માખણ,

ભૂમિના અંદરના પ્રવાહોમાં પાણી તથા

અરણિમાં અગ્નિ રહેલ છે, તેમ શરીરમાં આત્મા રહેલો છે.

તેને સત્ય અને તપ દ્વારા જોઈ શકાય છે.

તલને પીલવા પડે, દહીંને વલોવવું પડે, ભૂમિને ખોદવી પડે અને અરણિને ઘસવા પડે, તેમ શરીરમાં રહેલ આત્માના દર્શન માટે તપ અને સત્યની સાથે સાધના કરવી જરૂરી છે. સત્ય - તપ સાથે સાધના રૂપી ઘાણીમાં પીલવાથી હૃદયમાં રહેલ આત્મતત્ત્વના દર્શન થઈ શકે.

જે ઉપયોગમાં આવે, તે સત્ય છે.

વસ્તુ સિદ્ધ કરવાથી કોઈ પ્રયોજન નથી. ઉપયોગિતા એની સાબિત કરવાથી જ સત્ય એ સત્ય બને છે.

સત્યને મેળવવાનું દ્વાર શબ્દમાં નથી, પોતાનામાં છે.

શબ્દ એ સંકેત છે - ઈશારો છે,

તે પોતે સત્ય નથી પણ સત્યનો સંદેશવાહક છે.

3 દોષ ના આધ્યાત્મિક અનિષ્ટ : અસત્ય - ગુસ્સો - નિંદા.

અસત્યવાદી માનવ અવિશ્વસનીય હોય,
તેવા જીવનને મમત્વ, કાયરત્વ, ક્રૂરત્વ - મુખરોગ થાય
અને તે મોક્ષપુરુષાર્થ સાધવામાં પાછો પડે.
મૃત્યુની વચ્ચે જીવન ટકી રહે છે અને
ઈશ્વર થકી જ અસત્ય વચ્ચે સત્યનો જય થાય છે.
ક્રિયાશીલ મનમાં સત્યની પ્રાપ્તિ થઈ શકતી નથી.
જ્યારે મન શાંત થાય, ત્યારે જ સત્યની અનુભૂતિ થાય.
વિચાર - વબુદ્ધિ જે પર છે, તે સર્વોત્તમ ભાષા છે.
વિચારોને છોડીને ચિત્ત જ્યારે નિર્વિચાર થાય છે,
ત્યારે જ પરમ સત્યની અનુભૂતિ થાય છે.
સત્યમાં સમદર્શન છે. અનાત્મનો ત્યાગ તે વૈરાગ્ય છે
અને આત્મામાં સ્થિર થવું, તે જ્ઞાન.
એક જ અવસ્થાનાં તે બે પાસાં છે, સત્ય એક છે.
વૈરાગ્ય એ સત્યનું નિષેધાત્મક રૂપ છે તથા
આત્મસાક્ષાત્કાર એ તેનું ભાવાત્મક સ્વરૂપ છે.

## યોગસાધનાનો અભ્યાસ શા માટે?

જેને આધ્યાત્મિક સત્યોનો સર્વોત્તમ પુરાવો અથવા
પ્રાયોગિક અનુભવ મેળવવાની ઇચ્છા હોય,
તેણે યોગસાધનાનો ખંતપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.
યોગનું કાર્ય સત્યનો સાક્ષાત્કાર છે અને
દર્શનનું કાર્ય વિશ્વને સમજવામાં મદદગાર થવું તે છે.
બન્નેમાં અન્યોન્યાશ્રય સંબંધ છે.
બૌદ્ધિકતા અને શબ્દપરતા જેટલા અધિક,
તેટલા સત્યથી દૂર લઇ જવાની પ્રક્રિયા વધારે.
બૌદ્ધિક - તાર્કિક જિજ્ઞાસા લાભદાયી છે, પરન્તુ
બૌદ્ધિક અવિશ્વાસ અહિતકર - હાનિપ્રદ - મારક છે.
સત્યના સમાનાર્થી : ધર્મ, શૂન્ય, નિરંજન, પરમાર્થ છે.

‘क्षमया दयया प्रेम्णा सूनृतेनार्जवेन च ।
वशीकुर्याज्जगत् सर्वं विनयेन च सेवया ॥’

અર્થાત્ : ક્ષમા, દયા, પ્રેમ, સત્ય, સરળતા, વિનય
અને સેવા વડે આખું જગત વશ કરી શકાય.

'અસ્તેય' એટલે નિતાન્ત નિઃસ્પૃહતા.

સત્યનો વર્તનમાં અવતાર તે 'અસ્તેય' છે.

અહિંસાનું શૌર્ય, સત્યનું તેજ અને
નિઃસ્પૃહતાને ખિલાવનારું વ્રત તે 'અસ્તેય' છે, તેથી
પ્રકૃતિ પોતાના સર્વ રત્નો તેના આગળ ધરી દે છે.
અસ્તેય વ્રતમાં મોહનું મારણ, લોલુપતાનો લય અને
આસક્તિનો અંત આણવાની શક્તિ છે.
અસ્તેયનું પાલન સત્યના પાલનમાં દૃઢતા આણે છે.
આમ અસ્તેય વ્રતનું મૂળ જ નિઃસ્પૃહતા છે.
બ્રહ્મચર્ય ન પળાય, ત્યાં સુધી 'અસ્તેય' શુદ્ધ ન હોય,
સત્ય સ્પષ્ટ ન હોય અને અહિંસા માર્જિત ન હોય.
સત્ય અને અસ્તેય અહિંસાવ્રતનો જ વિસ્તાર છે.

સત્યમાં મુખ ઉપર સંયમ છે અને
અહિંસા અને અસ્તેયમાં હસ્ત-પાદ ઉપર સંયમ છે.

શાંતિ કરતાં સ્વતંત્રતા શ્રેષ્ઠ છે, કિન્તુ
સત્ય એ સ્વતંત્રતા કરતાં બહુ ચઢિયાતી વસ્તુ છે.

## યુદ્ધની ક્યારે શરૂઆત થાય?

'પોતે માને છે, તે આંશિક નહીં પણ પૂર્ણ સત્ય છે',
એવા આગ્રહમાંથી જ બધા યુદ્ધો ઊભા થાય છે, તેથી
વેદમાં યુદ્ધનો પર્યાય શબ્દ 'મમ સત્યમ્' કહેલો છે.
'મમ સત્યં!' સત્ય શું છે, એની સમજમાં ફરક રહેલ છે.
એકને જે સત્ય લાગે છે, તે બીજાને નથી લાગતું.

'મારું જ સત્ય છે, મારું સત્ય જ છે...'
એમ કહે છે, ત્યારે યુદ્ધ થાય છે.

યુદ્ધના પર્યાય શબ્દો - રણ, સંઘર્ષ, લડાઈ તથા સમર છે.

'મમ સત્યમ્ યુદ્ધમ્!'

અર્થાત્: સત્ય મારું છે, એનું નામ જ યુદ્ધ છે.

'સત્ય મારી પોતાની પાસે જ છે,
સામા પક્ષનો એની ઉપર કોઈ અધિકાર નથી'
એમ માન્યું, એટલે એની સાથે યુદ્ધ શરૂ થયું જ સમજો!

'મારું પણ સત્ય છે' એમ કહે છે, તો તે
સત્ય યુદ્ધનું નિવારણ કરીને અહિંસાને વિકસાવે છે.

'બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે છે'
એવી ઉદાર દૃષ્ટિનું નામ 'અનેકાન્ત' છે.

'હું કહું છું, તે જ સત્ય છે'
એવા મતાગ્રહ કે દુરાગ્રહમાં હિંસા છે.

સ્યાદ્વાદી તે જ બનશે કે જે...
પોતાની પાસેના સત્યાંશને નહીં છોડનારો હોય અને
સામેના પાસેના સત્યાંશને ગ્રહનારો હશે.
આ જ છે સત્યગ્રાહી સ્યાદ્વાદી મનોવૃત્તિ.
પોતાના સત્યને વળગી રહેવાની અને
સામાના સત્યાંશને ગ્રહણ કરવાની તૈયારી રાખવાની વાત
મનની ઊંચી ઉદારતા વિના નહીં બને.
પ્રત્યેક ધર્મમાં, પ્રત્યેક પંથમાં તથા પ્રત્યેક માનવમાં
સત્યનો અંશ હોય, તેને ગ્રહણ કરી સત્યગ્રાહી બનો,
એ અનેકાન્તનું રહસ્ય છે. 'जिणवयणं - अमयभूयं ।'
એ આસ્થામાં બધા પ્રશ્નોનું સમાધાન છે અને
એમાં જ માનવજન્મની સાર્થકતા છે.

'મમ ઇદં સત્યં' એ આભ્યંતર પરિગ્રહ છે.
ધન - સંપત્તિનો પરિગ્રહ એ જેમ પરિગ્રહ છે, તેમ
સત્ય - અસત્યની પરીક્ષા વિના જ
પોતાના વિચારનું મમત્વ એ પણ પરિગ્રહ છે.
બાહ્ય પરિગ્રહ જેમ સ્થૂલ હિંસાનું કારણ છે, તેમ
આંતર પરિગ્રહ પણ સૂક્ષ્મ હિંસાનો જ હેતુ છે.

પોતાના પક્ષની જેમ જ વિરુદ્ધ પક્ષનાં મંતવ્યોના
સત્યદર્શન માટે તે જરૂરી છે કે:

આદરપૂર્વક વિચારણા કરવી અને વિરુદ્ધ પક્ષની જેમ
પોતાના પક્ષની પણ આકરી સમાલોચના કરવી.
વિષયોની નિર્ગુણતાના વિચારથી વિષયસંગથી દૂર
રહેવાની પ્રેરણા મળે, પરન્તુ વિષયોનો રસ જવા માટે
સત્યરસ જોઈએ છે, તેની સાથે આનંદ અપરિમિત છે.
સત્યને દર્શાવવા - સમજવા માટે સ્યાદ્વાદની અગત્ય છે,
કેમકે સ્યાદ્વાદ એ ભાષાની નહીં પણ ભાવને પકડવાની
અને ભાવને પ્રદર્શિત કરવાની કળા છે.

# આ યુગમાં કેવી વૃત્તિ કેળવવી રહી ?

અહિંસા - શાંતિ - પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવા માટે આપણે
'સ્યાદ્વાદી મનોવૃત્તિ' એટલે કે સત્ય જ્યાં હોય, ત્યાંથી
ગ્રહણ કરવાની વૃત્તિ કેળવવા માટે તૈયાર થવું પડશે.
જેમ એક શબ્દમાં એક જ કાળે બે વિરુદ્ધ ધર્મોને
એક સાથે રહેવાની શક્તિ નથી, તેમ
મનના એક વિચારમાં એક જ કાળે એક વસ્તુમાં રહેલા
બે વિરુદ્ધ સત્યોને પકડવાની શક્તિ નથી.
એક બાજુનું સત્ય કે વિચાર સમજ્યા પછી
જો ધૈર્ય ધારણ કરવામાં આવે,
તો બીજી બાજુનું સત્ય ગ્રહણ કરી શકે,
તેથી વિચાર અને શબ્દ દ્વારા
જ્યાં શુદ્ધ વ્યવહાર કરવાનું સામર્થ્ય છે,
ત્યાં શુદ્ધ આચરણ માટે
અનેકાન્ત અને સ્યાદ્વાદનો આશ્રય સ્વીકાર્યા સિવાય
શુદ્ધ - શાંત રહેવાનો બીજો કોઈ ઉપાય છે જ નહીં!

## અનેકાન્ત દૃષ્ટિ એટલે...

અનેક પ્રકારના આચારો તથા વિચારોમાં

'જૈન વિચાર તથા આચાર શું છે?' તે જાણવાની દૃષ્ટિ.

યથાર્થવાદી = સમ્યક્દર્શી.

અનેકાન્ત દૃષ્ટિ સત્ય ઉપર સ્થિર છે.

અનેકાન્તવાદ સત્યને પ્રકાશ કરવાની એક શૈલીવિશેષ છે.

જે વસ્તુ પૂર્ણ છે તથા

પૂર્ણ રૂપે યથાર્થપણે પ્રતીત થાય છે, તે સત્ય છે.

સત્યના બે સ્વરૂપ છે : પૂર્ણતા અને યથાર્થતા.

વસ્તુનું યથાર્થ દર્શન અને યથાર્થ નિરૂપણ કઠિન છે.

સત્યનો સદા જય છે.

શ્રદ્ધાવાળા સત્યનિષ્ઠને જીવનમાં પરાજય છે જ નહીં,

જાતથી પરાજિત થવા જેવા ત્યારે શરણ બીજું કોઈ નહિ.

સત્યને ચાહો - વિજયને નહીં, વિજય તો મળશે જ.

ટેવને ટેવથી જ જીતી શકાય, માટે નાહિંમત ન થાઓ.

સત્ય તે જ બોલી શકે, જેનામાં હિંમત - શ્રદ્ધા હોય.

અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે,
તે વડે વિશ્વમાં રહેલા સત્યનું અન્વેષણ કરો.

'સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમઉ નમઉ જ્ઞાનની રીતિ.'
'જ્ઞાન' એટલે આપણી અંદર રહેલ સનાતન સત્ય.
'જ્ઞાની' એટલે બ્રહ્મજ્ઞાની - તત્ત્વજ્ઞાની - આત્મજ્ઞાની.

નમસ્કાર અને તેનું ફળ એ
નક્કર સત્ય છે અને સત્ય શ્રદ્ધા છે.

પ્રશામતામાં સત્ય - પથ્ય ઘવાય, માત્ર ત્રિયત્વ રહે છે.
પારમાર્થિક સત્ય એટલે જે વચન સમ્યગ્ શુભ ભાવનું
પ્રવર્તક અને અસમ્યગ્ શુભ ભાવનું નિવર્તક હોય, તે.
પછી તે દેખાવમાં સત્ય હો કે અસત્ય!

એવો અર્હંત આદેશ છે કે...
બાહ્ય અર્થ સાથે સંવાદી વચન જ સત્ય, બાકી અસત્ય,
કેમકે બાહ્ય અર્થ સાથે સંવાદી વચન વ્યવહારથી અને
અસંવાદી છતાં શુભભાવનું પ્રવર્તક વચન નિશ્ચયથી સત્ય છે.
સત્યનું અસ્તિત્વ છે જ, તેનું દર્શન થઈ શકે છે.

સત્ય અનાદિ અને અનંત છે.

સત્ય કહે છે કે...

'દરેક વસ્તુ અનંત ધર્માત્મક છે, પરંતુ
એક સમયે એક જ ધર્મને વાણીમાં કહી શકાય છે.'
સંસારિકારક વાણી વ્યવહારથી સત્ય હોય,
તો પણ નિશ્ચયથી તો અસત્ય જ છે અને
વિશુદ્ધ પરિણામથી અસત્ય વાણી પણ સત્ય છે.
મહત્વ વાણીનું નહીં, પરંતુ હૃદયની ભાવનાનું છે.
સત્ય એ તો આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે.
પદાર્થવિજ્ઞાનમાં સાપેક્ષવાદથી
અનંત ધર્માત્મક વસ્તુના વિરોધી ધર્મોનો એક જ વસ્તુમાં
સ્વીકાર થાય છે અને તેથી સત્યની રક્ષા થાય છે.

વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે,
એને જણાવનાર તત્વજ્ઞાન સ્યાદ્વાદ છે.

આ સત્યનું ઊંડાણ જેમ જેમ સ્પર્શે છે,
તેમ તેમ જીવન જીવવામાં સમતુલન વધતું જાય છે.

અનેકાન્ત, અહિંસા, અપરિગ્રહના દરેક ઉપદેશો એક જ
સનાતન સત્યને સર્વ કાળે સંશયરહિતપણે પ્રકાશે છે.

અનેકાન્તવાદથી સત્યનું પાલન થાય છે અને
અહિંસાના ભાવથી સત્યનું પાલન થાય છે.

પ્રાણીઓમાં રહેલાં બ્રહ્મ અને પક્ષીઓમાં રહેલ સત્ય
એ બહુમાન - આદરની નજરે જોવાલાયક છે.

સત્ય બહાર શોધવાનું નથી, પોતાનામાં ખોદવાનું છે.

આત્માનો કૂવો ખોદવાનું કામ ધ્યાનથી થાય છે.

ધ્યાનની કોદાળીથી સ્વભાવ ઉપર પડેલ
પરભાવની માટીના સ્તરો ખોદવાના છે.

જેને આપણે શોધીએ છીએ, તે પાસે જ છે.

જે સંગીતને આપણે ખોળીએ છીએ,
તે પ્રતિક્ષણ આપણા ઊંડાણમાં ગુંજી રહ્યું છે.

જે કદી ખોવાતું નથી, તેને જ આપણે શોધીએ છીએ.

શૂન્યના દ્વારમાંથી સત્ય પૂર્ણ બનીને બહાર આવે છે.

શૂન્ય થતાં પૂર્ણ તેને ભરી દે છે.

માનવજીવનની સાર્થકતા સત્યની શોધમાં છે અને
સત્યશોધન માટે અનેકાન્ત દૃષ્ટિ આવશ્યક છે.

સત્ય એ સ્વરૂપથી સત્ - પરરૂપથી અસત્ છે,
સત્ય એ દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે,
સત્ય એ જાતિથી એક અને વ્યક્તિથી અનેક છે,
સત્ય એ શબ્દથી વાચ્ય અને અર્થથી અવાચ્ય છે.

સત્યનું સાંગોપાંગ પાલન કરવા માટે
અહિંસા, સંયમ, તપના આચાર અનિવાર્ય થઈ પડે છે.

પરરૂપે અસત્ હોવાના કારણે
જીવને મારી અથવા ભોગવી - ખાઈ શકાતો નથી.
ખાતી વખતે કે ભોગવતી વખતે અથવા તો
જીવનો નાશ કરતી વખતે
સ્વરૂપથી સત્ હોવાના કારણે પોતે જ હણાય છે,
ભોગવૃત્તિ અને ભક્ષણવૃત્તિ વડે પોતાનો જ નાશ કરે છે.
હિંસા કે ક્રોધ ન કરીએ એટલું જ નહીં પણ અહિંસા,
સત્ય તથા પ્રેમભાવ પ્રત્યે નિષ્ઠા વધારવાની જરૂર છે.

## જીવનસ્પર્શી સ્યાદ્વાદ

દરેકને પોતાના વિચારો પ્રત્યે માન હોય છે,
ત્યારે સ્યાદ્વાદી દરેકના સત્ય વિચારોને
પોતાના વિચારો જેટલા જ માન - આદર સાથે અને
પોતાના અસત્ય અને અર્થ વગરના વિચારોને
બીજાના અસત્ય વિચારો જેવા જ નગણ્ય અને
નિરર્થક ગણે છે તથા ત્યાગવા માને છે.
'હું કહું, તે સત્ય' એ વાદ અને
'સત્ય તે મારું' એ સ્યાદ્વાદ.
સ્યાદ્વાદ પદાર્થનું ખંડન - મંડન કરતો નથી,
પરંતુ એ પદાર્થ કયા લક્ષ્યથી જોવાયો છે,
એ લક્ષ્ય સાધવામાં કેટલે અંશે સત્ય અને અપૂર્ણ છે,
એ અપૂર્ણતા દૂર કરવા માટે
બીજા કયા કયા તત્ત્વો જોડવામાં આવે,
કે જેથી એ પદાર્થ સંપૂર્ણ સત્ય બને અને
ઇષ્ટ લક્ષ્ય સાધી શકે, એ શોધવાનું કાર્ય સ્યાદ્વાદનું છે.

## 'સ્યાદ્વાદી' તે છે કે

જે સત્યનો પોતાનો દાવો છોડે નહીં, છતાં
'સામાવાળા પાસે સત્ય છે જ નહીં' એમ કદી ન માને.
આપણા હૃદયમાં પણ ઘણા ગ્રન્થિઓ હોય છે, તે છતાં
સ્યાદ્વાદી માને કે : 'સત્યનો એક અંશ મારી પાસે છે
અને બીજો અંશ તેના પાસે પણ હોઈ શકે.'
તે અંશ ઓછો-વધતો હોઈ શકે,
તેની ચર્ચા તટસ્થ બુદ્ધિ જ કરી શકે.
આનું જ નામ સત્યનું અર્થિપણું અને
એનું જ બીજું નામ સ્યાદ્વાદી વિચારધારાપણું.
એક વસ્તુના અભાવને લીધે જે આકુળતા દશા રહે છે,
તેવી જ આકુળતા દશા વસ્તુનો લાભ થયે પણ ટકી રહે,
તો સમજવું કે આપણે મનના સ્તરથી ઊંચે ગયા.
એ અઘરું છતાં અહીં ન અઘરું હોય,
તેમ આકુળતા રહી, એ મોટી સિદ્ધિ છે, એ સિદ્ધિ
સ્યાદ્વાદના આશ્રય વિના બીજી રીતે શક્ય નથી.

'સત્ય' એટલે અનેકાન્ત અને 'બ્રહ્મચર્ય' એટલે
વિશ્વ સમસ્તને બ્રહ્મમય માનીને એમાં વિચરણ કરવું.

એ રીતે અહિંસા, સત્ય અને બ્રહ્મચર્ય –
એ ત્રણે એક જ વિચારનાં ત્રણ સ્વરૂપો છે.
અહિંસકને અનેકાન્તવાદી થવું અનિવાર્ય છે.
સંસારમાં જુદી જુદી જાતના જેટલા વિચારો છે, તેની
ટક્કર લેવાને બદલે તેમાં જે જે સત્યના અંશ છે, તેને
ગ્રહણ કરવા. આગ્રહમાં કાંઈને કાંઈ હિંસા રહેલી જ છે.
સત્ય સમજવા તત્પર ન હોય, તેણે રાહ જોવી જ પડે.

આ સ્થૂળ શરીરની સ્થિતિમાં જ,
જીવતાં જ આત્માનું અવલોકન કરી, તેમાં
આનંદસ્વરૂપ, શાન્તિસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યઘન
જે પરમ તત્ત્વ છે, તે જ સત્ય છે, અવિનાશી છે.
બીજાનો થોડો ય ગુણ જાણીને આનંદ માનવો અને
પોતાનો નાનો દોષ જાણીને જાતને નિર્ગુણી માનવી.
જે તેમ માની શકતો નથી, તેને સત્યની પ્રાપ્તિ થઈ નથી.

સત્ય જોડો, દુશ્મનોને મૂંઝવવાનો એ રસ્તો છે.

અખંડ સત્યના સાક્ષાત્કારમાં સ્યાદ્વાદ જ સમર્થ છે,
વિભિન્ન મતવાદ કે નયવાદ નહીં.

## અનેકાન્તવાદમાં રહેલી ઉદારતા - સત્યતા

આવેશના સ્થાને ધૈર્ય અને સંકુચિતતાના સ્થાને
ઉદારતા લાવવા પોતાનામાં તે જ ગુણ કેળવવા.
કાદવ કાદવથી નહીં, જળથી જ ધોવાય.
સામાના આવેશયુક્ત કથનમાં ય જો સત્ય હોય, તો
તેને માટે ઉદારતા દાખવવી અને પોતાના વિચારમાં
સત્ય હોય, તો પ્રચંડ વિરોધ વખતે પણ ગમે તેટલું
જોખમ ખેડીને નમ્ર ભાવે સત્યને જ વળગી રહેવું.
આ રીતે વિચારવા અને વર્તવામાં આવે, તો
શબ્દની કઠોરતાનું ઝેર પણ ઓછું થઈ જાય તથા
ભાષાસમિતિ અને વચનગુપ્તિની પ્રતિષ્ઠા સ્થિર થાય.
વીતરાગ પ્રરૂપિત પરમ સત્યની સ્વયં સમજણ અને
બાળજીવોને તે સમજાવવા શક્ય પ્રયત્ન, તે સાધના છે.

પૂર્ણ સત્યનું શોધન કરવું, તે સ્યાદ્વાદનું કાર્ય છે.

સ્યાદ્વાદની દુલ્હન છે અનાગ્રહ.

અનેકાંતવાદ અનાગ્રહનો, સમત્વનો ભાવ જન્માવે છે,
તે બધાના સત્યને ગૌરવ અને પ્રતિષ્ઠા સમર્પે છે.
'સ્યાત્' શબ્દનો પ્રયોગ બધાના નિરૂપણની સત્યતા
અને સ્વતંત્રતાનો સ્વીકાર કરે છે.
પ્રત્યેક વાદની સત્યતાની કસોટી છે...
બંધ - મોક્ષવ્યવસ્થા, કર્મફળનું અસ્તિત્વ અને લોકસ્થત્વ.

શ્રુત, ઉપદેશ યા વાક્ય ત્રણ પ્રકારના હોય છે:
સ્યાદ્વાદ, નય અને નિક્ષેપ.

સત્યને પ્રગટ કરવાના અનેકના અનેક
સાધનની નિર્બળતાનો ય અનુભવ કરવાવાળા પૂર્ણદર્શી
પુરુષોએ આ સ્યાદ્વાદ સિદ્ધાંતનો આવિષ્કાર કર્યો છે.
સત્યની ભાષામાં અંતર હોય, એકતા તે ગુણમાં નહીં.
પોતાની સાચી ઓળખ એ જ સત્યની ઓળખ છે
અને તે વડે જ પરમનું - પરમાત્માનું દર્શન થઈ શકે.

સ્યાદ્વાદ પ્રમાણ ન હોય, તો સત્યનો નાશ થાય.

સત્યને સ્યાદ્વાદ નયથી પરિપૂર્ણ જાણીને
એ જ્ઞાનના પ્રકાશમાં સત્યપણે જીવન જીવવું, એ જ
બધી કળાઓમાં શિરોમણિ - જીવન જીવવાની કળા છે.

અનેકાન્ત વડે પરિકર્મિત બુદ્ધિ
વસ્તુના સ્વરૂપને યથાર્થપણે જાણે છે.

હર કોઈ રીતે જગતને મિથ્યા, બ્રહ્મને સત્ય તરીકે જાણવું,
એ જ સર્વ શ્રુતિઓનું તાત્પર્ય છે.

શ્રુતિ એ સત્ય છે, સ્મૃતિ એ શિવ છે.
પુરાણ અને ધર્મગ્રન્થો એ સુંદર છે.
એક જ સત્યને સમજવા માટે
તે બધા ગ્રન્થો કલ્યાણકર છે, એમ સમજવું જોઈએ.

શાસ્ત્રની સત્યતાનો નિર્ણય
શાસ્ત્રને કહેનારની સત્યતા ઉપર પણ આધાર રાખે છે.

શાસ્ત્રના કથાનક સત્ય કરતાં
અનિત્ય ભાવનાનું સત્ય ઊંચે ચઢવામાં વધુ મદદ કરે છે.

સત્ય તો વસ્તુતઃ એક જ છે, છતાં
મનુષ્યની દૃષ્ટિ તેને એકરૂપમાં ગ્રહણ કરી શકતી નથી.
તે કારણે પરમ સત્યનું દર્શન કરવા માટે
માણસે પોતાની દૃષ્ટિ મર્યાદાને વિકસિત કરવી જોઈએ.
એ વિકસિત દૃષ્ટિમાં પછી સત્યગ્રહણની સંભવિત
સર્વ દૃષ્ટિઓને યોગ્ય સ્થાન આપવું જોઈએ.
આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી જ
જૈનદર્શનમાં અનેકાન્તવાદની વિચારસરણીનો જન્મ છે.
એની યોજના વાદ-વિવાદમાં જય મેળવવા,
વિતંડાવાદની સાઠમારી કે દાવપેચ ખેલવા કે
શબ્દછલની શતરંજ ખેલવા માટે નથી,
કિન્તુ જીવનશોધના એક ભાગસ્વરૂપ
આપણી વિવેકશક્તિને વિકસિત કરવા માટે છે.
અનેકાંતનો સાચો અર્થ સત્ય દર્શનને લક્ષ્યમાં રાખી
તેના સર્વ અંશો - ભાગોને એક વિશાળ
માનસ વર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું, તે છે.

'શાસ્ત્ર'માં 'શાસ્' ધાતુ વિષયને સમજાવનારી અને
'ત્ર' ધાતુ ત્રાણ અર્થાત રક્ષણ કરનારો છે.
રક્ષણ યથાર્થતાથી થાય છે અને
શિખામણ વિષયને વિસ્તારવાથી થાય છે.
એ રીતે 'શાસ્ત્ર' શબ્દ જ
જિજ્ઞાસા અને શ્રદ્ધા - બે ગુણને પુષ્ટ કરવા માટે છે.
ધર્મશાસ્ત્રો એટલે...
અખંડ સત્યની દેશ, કાળ, પુરુષ, પ્રકૃતિભેદ પ્રમાણે
જુદી જુદી બાજુઓને રજુ કરતાં મહાકાવ્યો.
એ વાતને સમજવાથી આપણે આપણી
પોતાની વાતને વળગી રહેવા છતાં બીજાને અન્યાય
કરનારા નહીં બનીએ અને તેમ કરી બીજાને પણ
અન્યાયમાં ઉતારવાની પરિસ્થિતિથી બચાવ લઈએ.
સત્યને વફાદાર રહેવા માટે જરૂરનું એ છે કે તેના
રહસ્ય, તેને વધારે કિંમત આંકી અંધશ્રદ્ધા ન કેળવવી
અને ઓછી આંકી અશ્રદ્ધા - નાસ્તિકતા ન દાખવવી.

<u>શાસ્ત્રોને બાજુબાકી સત્ય જણાતું નથી, પરન્તુ
સત્યને બાજુબાકી શાસ્ત્રો જાણી શકાય છે.</u>

શાસ્ત્ર એ અનુભૂત સત્ય ઉપર આધારિત છે.

આધ્યાત્મિક વિકાસ માટે નિઃસ્પૃહ ભાવથી
સત્યનો ઉપદેશ કરવો, તે સત્શાસ્ત્રનું લક્ષણ છે.

સંસાર સત્ય નથી, કારણ કે તે નાશવંત છે,
સંસાર અસત્ય પણ નથી, કારણ કે તે પ્રત્યક્ષ છે,
તેથી શાસ્ત્રો તેને 'અનિર્વચનીય' કહે છે.

<u>સર્વ શાસ્ત્ર ભણ્યાનો સાર છે કે:</u>
આત્માના સત્ય સ્વરૂપને સમજીને તે પ્રગટ કરવું.
'મારું સત્ય સ્વરૂપ શું છે?' અને 'મારું કર્તવ્ય શું છે?'
તે વારંવાર વિચારવાથી જ્ઞાન અને ચારિત્ર પ્રગટે છે.

સત્ય અને શાસ્ત્ર અભિન્ન જ છે.
શાસ્ત્ર કહે, તે સત્ય અને
સત્યને કહે, તે શાસ્ત્ર - બંને એક જ છે.

અસ્વાદ અને સત્યવ્રતવાળો રહે, તે <u>અભિન્ન</u> છે.

## શાસ્ત્રમાં ચાર ભાવનાઓ શા માટે કહી છે?

સત્યનો આગ્રહ એ સારી વસ્તુ છે, પરંતુ વ્યવહારમાં
મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષાની ભાવના સેવવી જોઈએ.
સત્યના આગ્રહમાં તીવ્ર મનોવેગ ન આવી જાય,
તે ખાતર શાસ્ત્રમાં આ ચાર ભાવનાઓ કહી છે.

સત્યની પરીક્ષા સ્વાનુભવથી જ કરવી જોઈએ.

સત્યને સંસ્કૃત કે સંસ્કૃતની જરૂર નથી.

અંશ સત્યના આવિર્ભાવની દૃષ્ટિએ બધાં શાસ્ત્રો છે,
પૂર્ણ સત્યના આવિર્ભાવની દૃષ્ટિએ સૌ અશાસ્ત્રો છે તથા
અનુભવના - સાધક યોગના
આવિર્ભાવની દૃષ્ટિએ જોતાં કાંઈ જ નથી.
અભિનિવેશનું બંધન ટળે ખંડ સત્યોમાં પણ
અખંડ સત્યનું દર્શન થાય અને બધા જ
વિચારસરણી રૂપ નદીઓ પોતપોતાની ઢબે એક જ
મહાસત્યના સમુદ્રમાં ભળે છે, એવી પ્રતીતિ થાય. આ
પ્રતીતિ કરાવવી, એ જ શાસ્ત્રરચનાનો પ્રધાન ઉદ્દેશ છે.

## સત્ય જાણવા માટે શું કરવું?

(A) સનાતન સત્ય જાણવા માટે શાખા-ચંદ્ર ન્યાય છે.
જાણવાનું સાધન ઓંકાર (ॐ) છે, જે પ્રમાણાતીત છે.

(B) શાસ્ત્રપ્રમાણ વડે જાણવા યોગ્ય સત્ય:

દા.ત. (1) જગત ત્રિગુણાત્મક તથા કાળ પરિવર્તનશીલ છે.
(2) કર્મફળનો નિયમ અકાટ્ય છે.
(3) જેની જેવી ભાવના, તેવી તેની સિદ્ધિ થાય છે.
(4) આત્મા શરીરથી ભિન્ન છે.

(C) કલ્પિત સત્ય

(1) 'આ વિશ્વના બધા મનુષ્યો એકસમાન છે.'
(2) 'આ વિશ્વના સૌ મનુષ્યોને વાણીનું સ્વાતંત્ર્ય છે.'
(3) 'ઘણાનું ઘણું હિત.'

### વેદ પ્રમાણોના પરમ સત્ય તત્ત્વ

'સત્યં જ્ઞાનં અનન્તં બ્રહ્મ, સત્ ચિત્ આનંદ ।'

### સર્વસાધારણ ધર્મના સત્ય

અહિંસા - સત્ય - અસ્તેય - મનોનિગ્રહ - ભૂતદયા છે.

વીતરાગની આજ્ઞા છે કે... શાસ્ત્રનાં વચનોને
પ્રમાણ-નય આદિથી સમજવા અને તેની
પરીક્ષા કર્યા પછી જ સત્ય-અસત્યનો નિર્ણય કરવો.

'ક્રિયા' એટલે...

જીવનને સત્યમય કરી જ્ઞાન અને સત્યને શોધવા.
વિચાર તે જ્ઞાનમય અને આચાર તે ક્રિયામય.
દયા અને નમસ્કાર ક્રિયામાં રહેલું સત્ય
બુદ્ધિને સૂક્ષ્મ, શુદ્ધ અને સ્થિર કરે છે, કારણ કે
સર્વ સામર્થ્ય નમસ્કારમાં રહેલું છે.
વ્રત-તપના પ્રભાવથી સત્યસંકલ્પો બની શકાય છે.
આત્મા સદાય બેહદ જ્ઞાન અને સમતાનો સમુદ્ર છે.
આત્માની સાચી ઓળખ થાય, તેને વ્યવહાર નીતિ
તથા પરમાર્થ સત્ય પ્રગટ્યા વિના ન રહે. પરમાર્થ
સત્ય છે, ત્યાં વ્યવહારમાં સત્ય વચનાદિ હોય જ.
સત્યનું ભાન પ્રગટ થયું, ત્યાં અસત્ય (ખોટી સમજ)નો
અંશમાત્ર પણ ન જ રહે, એવો ચોક્કસ નિયમ છે.

વ્યવહારનય = લૌકિક - સમાજ - જનજનનું સત્ય.

નિશ્ચયનય = કોઈ વિરલ વ્યક્તિ માટેનું સત્ય.

એક સ્થૂળગાથા છે, બીજો નય સૂક્ષ્મગાથા છે.

સંગ્રહનયથી અદ્વૈત સત્ય છે અર્થાત્

સંગ્રહનયની અપેક્ષાએ અદ્વૈતદર્શન સત્ય છે.

ઋજુસૂત્રનયની અપેક્ષાએ નૈરાત્મ્યદર્શન સત્ય છે ...

અર્થાત્ ઋજુસૂત્રનયથી અન્યાપોહ દર્શન પણ સત્ય છે.

પ્રકાશ આવતાંની સાથે અંધકાર દૂર થઈ જાય, તેમ નયવાદથી સત્યનો બોધ થતાંવેંત દ્વેષ, કલુષિત ભાવ, કલહ, ખેંચાતાણ, સંઘર્ષ, સંકીર્ણતાદિ વિલય પામી શાંતિનું એક મધુર અને મૈત્રીપૂર્ણ વાતાવરણ બની જાય છે.

સત્યવાદ, ન્યાયવાદ, દાનવાદ અને અધ્યાત્મવાદ

જ્યારે વિદાય લે છે, ત્યારે સામ્યવાદ આવે છે.

ખરું સામ્રાજ્ય તે જ, જ્યાં સર્વ જન સત્ય જ બોલે.

સાચું રાજ્ય તે છે કે જે થયાં પછી

સત્યમાં જ પ્રીતિ થાય પણ અસત્યમાં કદી નહીં.

સત્ય વડે જ સ્વર્ગનો માર્ગ ખૂલતો હોય છે.
સત્ય વિચારથી નહીં, સાધના કે વિધિસંપન્નથી ઓળખાય.
શાસ્ત્રોમાં ભટકવાનું છોડી સ્વયંમાં પ્રવેશવાની જરૂર છે.
'ઘટમાં પરિપૂરણ બ્રહ્મ' અર્થાત્
આ શરીરમાં જ પૂર્ણ બ્રહ્મનો નિવાસ છે.
બધા ભૂલ - ભ્રમણા દૂર કરીને તે સત્ય પારખી લેજો.
ભીતર રહેલા ભગવાનનું ધ્યાન ધરીને
શરીરમાં જ આત્માને જગાડી લેજો.
જીવ - બ્રહ્મ વચ્ચે ભેદ દેખાય છે, તે સત્ય કે અભેદ?
જો અભેદ સત્ય હોય,
તો જીવમાં કામ - ક્રોધ - લોભ - મોહાદિ વિકારો કેમ?
આ જાતિની અસંભાવનાઓ તથા વિપરીત ભાવનાઓનું
નિરાકરણ કરવા શ્રવણ, મનન, નિદિધ્યાસન જરૂરી છે.
જે વસ્તુ ત્રણે કાળમાં એક જ સ્થિતિમાં રહે, તે સત્ય
અને જેમાં પરિવર્તન થયાં કરે, તે મિથ્યા.
આ અર્થમાં જ જગતને મિથ્યા કહેવામાં આવે છે.

ત્રણ પ્રકારની બુદ્ધિ : બુદ્ધિ, કુબુદ્ધિ અને સુબુદ્ધિ.

સત્યનો સાક્ષાત્કાર ચંચળ બુદ્ધિ વડે થતો નથી, પરંતુ
બુદ્ધિ શાંત - સ્થિર અને શૂન્ય બને, ત્યારે થાય છે.
તે અંતર્બોધની સ્થિતિને 'પ્રજ્ઞા' કહે છે.
પ્રજ્ઞા વિચાર નહિ, કિન્તુ આંખ છે.
બુદ્ધિ સાત્ત્વિક બને, ત્યારે મેધા અને
મેધા પણ શુદ્ધ બને, ત્યારે પ્રજ્ઞા, પ્રજ્ઞા પછી પ્રતિભા
અને છેલ્લે તે ઋતંભરા બને, ત્યારે કેવળ
ઋત એટલે સદા રહેવાવાળાં સત્યને જ સ્વીકારે છે.

વસ્તુ જેવી છે, તેને તેવી જ
જાણવી, જોવી તથા ઉપયોગમાં લેવી, તે સત્યનું લક્ષણ છે.

વસ્તુને બુદ્ધિ વડે જાણવી, વિદ્યા વડે ઓળખવી અને
સત્ય વડે જેવી હોય, તેવી તેનો ઉપયોગ કરવો,
એ બુદ્ધિ અને માયાનો સાર છે.
જ્યારે આપણી બુદ્ધિનું કાર્ય બંધ થાય,
ત્યારે જ આપણને પરમ સત્યની પ્રાપ્તિ થાય.

બુદ્ધિથી સત્યનો નિર્ણય કરવો, તે ધર્મદ્રોહ છે.

કુટિલ બુદ્ધિનો પ્રકાશ આંખને આંધળી કરી દે, તેથી
અનુભવના અંધારખંડમાં જ સત્યનું મિલન શક્ય છે.

બુદ્ધિ તેના સાથીઓને કહે છે કે:
'હું તમારી સમક્ષ કદી મૃષા બોલ્યો છું?'
આ એક જ વેણમાં સત્યનું બળ જણાઈ આવે છે.

જ્ઞાન સત્યને ઓળખાવે છે,
ભક્તિ સત્યનું પારખું કરાવે છે તથા
વિશ્વાસ સત્યને પમાડે છે, તે વડે જ સત્ય જડે.

ખરું જ્ઞાન એ...
બુદ્ધિ અથવા એકત્ર પઠિત સંસ્કારનો સમૂહ નહિ,
પરંતુ સત્યના સાક્ષાત્કારના ભાનમાં ઉપયોગ સહિતપણે
પ્રવેશવું, તે છે. વળી તેમ થવાને માટે
ધ્યાન તથા સૂક્ષ્મ ચિન્તનની અપેક્ષા છે અને એ
વડે જ સત્યનું ભાન ઉદિત થવા માંડે છે, જે આપણી
પ્રકૃતિમાં એકરસ થઈ જીવનનો ભાગ બની જાય છે.

બુદ્ધિ માત્ર વિચાર કરે છે, તેને જ્ઞાન હોતું નથી.
સત્ય વિચારતું નથી, તેનું દર્શન કરવાનું હોય છે.
સત્યનું દર્શન કેવળ દાર્શનિક મનનથી પ્રાપ્ત થતું નથી,
તે ઈશ્વરકૃપાનું ફળ છે. ઈશ્વરકૃપા કેવી રીતે મળે?
ત્યાં પણ બુદ્ધિ નહીં, કિન્તુ કૃપા જ કારણરૂપ છે.
બુદ્ધિ જેટલી શુદ્ધ, તેટલી હૃદયની નિકટ.
બુદ્ધિ જૂદી હોઈ શકે, અનુભવ સત્યનો એક જ હોય છે.
સત્ય એ બુદ્ધિથી નહીં, પરન્તુ હૃદયથી પ્રાપ્ત થાય છે.
હૃદયનું બળ એટલે શ્રદ્ધા, બુદ્ધિનું બળ એટલે જ્ઞાન,
વર્તનનું બળ એટલે ચારિત્ર, સત્યાગ્રહી એટલે શ્રદ્ધાગ્રહી.
બુદ્ધિનો સ્વભાવ સદા પરિપ્રશ્ન પ્રણિપાત વિના ન સંભવે.
સેવા વિના પરિપ્રશ્નની સત્યતાની કસોટી થતી નથી.
બુદ્ધિ સત્યને એટલે કે ન્યાયને જ ઝંખે છે.
બુદ્ધિ અંતે મોક્ષને પામીને જ તૃપ્તિ - સંતોષ અનુભવે છે.
જે અનિત્ય છે, તે અસત્ છે અને
જે અસત્ છે, તેના પ્રત્યે બુદ્ધિને હંમેશા અનાદર છે.

બુદ્ધિનું કામ Anylysis કે તોડફોડ છે, જ્યારે
આત્મજ્યોતિનું કાર્ય સાક્ષાત્કાર છે.

તત્ત્વજ્ઞાન 'દર્શન' કહેવાય. સાક્ષાત્કારનું શાસ્ત્ર એટલે દર્શન.
સત્યનો સાક્ષાત્કાર કરવા મથતાં વિવેકનું માર્ગદર્શન
સ્વીકારે, તો બુદ્ધિ વિશ્વવત્સલ અને વિશ્વસેવક બને છે.

સત્યનું દર્શન બુદ્ધિશાળીની ખામીને લીધે નથી થતું,
એમ ક્યાં છે? સત્યનું દર્શન ખરેખર તો
આપણી બુદ્ધિ ઉપરના મોહાચ્છાદનને લીધે જ થતું નથી,
માટે અનુભવી સત્યશોધન મેળવી,
મોહરૂપી બળિષ્ઠ રિપુનો સંહાર કરવો જોઈએ.

દરેક વાતને તર્ક અને અનુભવ - બન્નેની કસોટીએ
ચઢાવી નિર્ણય કરવાથી એમાં અનુભવની સાથે
બુદ્ધિની પણ પ્રતિષ્ઠા જળવાઈ રહે છે.

સત્યધર્મનું દર્શન + આચરણ કરતાં કરતાં આપણે
એકબીજાને સહાય કરી, બધા જ સુપંથે ચાલીએ,
એ જ સામુદાયિક સાધનાનો સુપંથ છે.

## બુદ્ધિ સત્યની પ્રિયા છે.

સત્ય સમક્ષ શિર ઝુકાવી તેને એ શ્રદ્ધાપૂર્વક ચાહે છે.

સત્યને પ્રિય, હિતકર, સત્ય અને મધુર વચનો
અવસરોચિત રીતે બોલવાં, તે સત્યધર્મ છે.

બધા ધર્મો સત્ય નથી, પરન્તુ બધા ધર્મોમાં સત્ય છે.

જીવો સાથેની ભાવાત્મક એકતા એક સત્ય પદાર્થ છે,
કેમકે તેના પરિણામે આત્મશાંતિ નિપજે છે.

બુદ્ધિનું કાર્ય સત્યને જાણવાનું નથી,
જાણેલા સત્યને નિર્ભ્રાન્તપણે રજૂ કરવાનું છે,
કિન્તુ અતિ સૂક્ષ્મ પ્રત્યક્ષ સત્યને
પચાવવાની તાકાત આપણા સૌમાં નથી.

સમ્યગ્બુદ્ધિ સત્યનો પરિચય કરી શકે છે.
નમસ્કારભાવ વડે બુદ્ધિ પરિશુદ્ધ થઈ સંતુલિત બને છે.

સમન્વય બુદ્ધિ તોડવાનું નથી,
પરન્તુ જે હૃદયને જોડવાનું શીખવે છે,
તે સત્યને ખંડિત કરતી નથી, પૂર્ણ કરીને બતાવે છે.

'બુદ્ધેસ્તત્પક્ષપાતતઃ ।'

બુદ્ધિનો સત્ય માટે પક્ષપાત રહેલો છે.

'બુદ્ધિ સત્યની પક્ષપાતિની છે'

એનો અર્થ કે બુદ્ધિ શ્રેષ્ઠતરને જ ઈચ્છે છે.
જે મળ્યું છે, તેનાથી પણ ચઢીયાતી અવસ્થા
જ્યાં સુધી આવવાની બાકી છે, ત્યાં સુધી
બુદ્ધિ તેનો પક્ષપાત કર્યા સિવાય રહી શકતી નથી.
'સત્ય એટલે ત્રિકાળાબાધ્ય' એવો અર્થ કરીએ,
ત્યારે પણ બુદ્ધિ તેના પક્ષપાતિની છે.
બાધિત વસ્તુ પ્રત્યે બુદ્ધિને આકર્ષણ છે નહીં, પરન્તુ
જે અબાધિત છે, નિરાબાધ અને નિર્વ્યાઘાત છે,
તેના પ્રત્યે જ બુદ્ધિને આકર્ષણ છે.

પાંડિત્ય - બુદ્ધિશાળીપણું કોને કહેવાય ?
સત્યાસત્યનો વિવેક કરી સત્યને આચરવું તે.

નિદિધ્યાસન = સત્યાસત્યનો નિર્ણય કરવો તે.

શાશ્વત સત્યો મનોરંજનથી નહીં, મનોમંથનથી મળે છે.

સત્યની શ્રદ્ધા કે નિષ્ઠામાં જ મુક્તિ છે.

મોક્ષ એ અંતરંગ - અપરિગ્રહી - નિસ્તાપ છે, જ્યારે ભોગ એ બહિરંગ, પરિગ્રહી અને તાપયુક્ત છે.

મહાસત્ય એ જ છે કે દોષવિદ્ધ સંસારનો ત્યાગ અને નિર્દોષ પરમાત્માનો સ્વીકાર એ વિવેક કર્યો તે.

મનુષ્યની શોભા છે સત્ય અને પ્રિય વાણી.

વાણીની શોભા છે દેવ - ગુરુની ભક્તિ તથા સ્તુતિ તથા તેની શોભા છે સ્વપરનું આત્મજ્ઞાન. વળી સ્વપર આત્મજ્ઞાનની શોભા છે સમતા અને શાંતિ. સમતા તથા શાંતિનું ફળ છે મોક્ષ અને નિર્વાણ.

આ રીતે મોક્ષનું મૂળ છે સત્ય વાણી.

સત્ય શાશ્વત છે.

જુઠા તાદાત્મ્યના સ્થાને સત્યની સાથે તાદાત્મ્ય થવું જોઈએ.

સત્ય સાથે તાદાત્મ્યનું નામ મોક્ષ યા આત્મસાક્ષાત્કાર છે.

એનો આધાર યોગ અથવા અધ્યાત્મ છે.

વ્યક્તિગત ચેતનાની ઉપર ઉઠવું, તે યોગનો ઉદ્દેશ છે.

આ જગતમાં અતિ દુર્લભ એવી ૪ વસ્તુ છે:

ઇંદ્રિયોનો વિજય, સત્યધર્મનું આચરણ,

નિરભિમાન અને સન્માનનું દાન.

તમે શાની શોધમાં છો?

ગુરુ, પ્રકૃતિ, સત્ય, શક્તિ, એકતા કે મોક્ષની?

જો વ્યથિત હૃદયે - ઇર્ષાયુક્ત ચિત્તે ધ્યેય સુધી પહોંચવાની કોશિષ કરશો, તો તે ધ્યેય માત્ર શબ્દ જ સાબિત થશે.

જે તત્ત્વ નિત્ય, મહાન, વિસ્તૃત, વિરાટ, દેશ - કાળની સીમાથી પર છે, તે સીમિત સાધનોથી કેમ મેળવી શકાશે?

જો તમારે સત્ય તત્ત્વને, સૃષ્ટિકર્તા તત્ત્વને,

પદાર્થના જીવનને, એ નિત્ય તત્ત્વને પામવું હશે,

તો સૌ પ્રથમ અસત્યમાંથી સત્યને અને ક્ષણજીવીમાંથી ચિરંજીવને પારખતાં શીખી લેવું જોશે તથા એ પછી અંતઃકરણની વિકૃતિઓથી સંપૂર્ણપણે મુક્ત થવું પડશે.

'સત્યં ભૂતહિતં પ્રોક્તમ્ ।' અર્થાત્:

સર્વસ્વનું કલ્યાણ થાય, એ જ સત્ય અને સત્કાર્ય.

મોક્ષની યાત્રા સત્યથી જ શરૂ થાય.

સત્ય, અહિંસા, દયા અને સર્વધર્મ પરમ ગહન છે.
'મને ભાવ્યું, તે જ સત્ય અને તેને જ સ્વીકારવું'
એ રસ્તો શૂરાનો કે હરિનો નહિ, કિન્તુ તોફાનનો છે.

નિઃસત્ય કદાપિ સત્ય હોઈ શકતું નહિ.

અસત્કર્મ નિર્લેપ ન હોય, કિન્તુ
અસત્વૃત્તિ જરૂર નિર્લેપ હોઈ શકે.
ભય, ગભરાટ, ચીડ અને આસક્તિ રૂપી
કંકાસોથી ભરેલી દૃષ્ટિ સત્યને જોઈ શકતી જ નહિ.
સત્ય તો તે છે કે પરહિતમાં પોતાનું હિત જોનાર
સાધકની સાચી પ્રાર્થનામાં સ્વપરભાવ જ રહેતો નહિ.

વિશ્વસત્તાને માર્ગ આપવા શું કરવું ?

આપણે કેવળ સ્થૂળ કર્મની નિષ્ઠા ન રાખી, પરન્તુ
આપણે એવા રચનાત્મક રીતે શાંત રહેવું જોઈએ કે
જેથી આપણાથી ઊંચી સત્તા આપણામાં પણ
પોતાની જ રીતે આગળ વધી શકે.

## મુક્તિ અંતિમ ઈચ્છા છે.

પ્રકૃતિનું સમગ્ર કાર્યતંત્ર એ સત્યને સાર્થક કરવામાં છે.
સત્યથી માનવજન્મ નથી, વિનયથી મોક્ષસુખની પ્રાપ્તિ.

## સત્યને અગણિત પાસાં છે.

સત્યને અનેક બાજુઓ હોઈ શકે,
બાબતના વિચારમાંથી તે શોધવા - સમજવા પ્રયત્ન કરવો
અને તેનો સ્વીકાર કરવો, તે સૂક્ષ્મ કોટિની અહિંસા છે.
સત્યનિષ્ઠમાં મતાગ્રહને અવકાશ જ નથી, મતાગ્રહમાં
માનસિક, વાચિક, બૌદ્ધિક હિંસા, બળજબરીનું તત્ત્વ છે,
તેથી જ ગુરુ કહે છે કે : સત્યને હૃદયમાં સ્થાપો.
અનેક બાજુના ભેદ, પ્રલોભન ઉપરાંત
વાદ અને પ્રતિવાદ તો આપણને ચોરધાડે લૂંટે છે.
આ પરિસ્થિતિમાંથી છૂટવાનો એક જ ઉપાય લાગે છે:
નિર્લેપ સત્યનો સંગ અર્થાત્ સત્સંગ.
ગુણાનુરાગ = સત્યનો રાગ. ગુણદ્વેષ = સત્યનો દ્વેષ.
સંપત્તિ બોલે છે, ત્યારે સત્ય સદા મૌન રહે છે.

## સત્યના હિમાયતી બનવાને બદલે

સત્ય-સ્વરૂપ બનવા ઈચ્છે, તે ઈશ્વરનો પણ ઈશ્વર છે.

વિશ્વવ્યાપક પરમેશ્વર અથવા ઈશ્વરને
સત્ય કહેવો, તે તત્ત્વજ્ઞાનની ભાષા છે, જ્યારે
સત્યને ઈશ્વર કહેવું, તે સાધનાની ભાષા છે.
સત્યનું ફળ = દાર્શનિક, પ્રેમનું ફળ = ઉપાસક.

## સત્ય અને ઈશ્વર વચ્ચે તફાવત

સત્ય કઠોર છે, ઈશ્વર ક્ષમાશીલ છે.
સત્ય ન્યાયાધીશ છે, ઈશ્વર રાષ્ટ્રપતિ છે.
ન્યાયાધીશ ફાંસીની સજા કરશે, તો રાષ્ટ્રપતિ 'પીટીશન ઓફ મર્સી'ના આધારે તે સજા ઘટાડીને જન્મટીપની કરશે.

સમ્યગ્ દર્શન = સાચું દૃષ્ટિબિન્દુ.
'શ્રી જિનેશ્વર દેવે કહ્યું, તે જ સત્ય છે'
એવું સાચું દૃષ્ટિબિન્દુ મળે, ત્યારે જ જ્ઞાન અને ક્રિયા ઉભયનું સમ્યક્ પ્રકારે આરાધન થઈ શકે છે.
સત્યમાં શ્રદ્ધા અને ધૈર્ય - બન્નેને સરખું સ્થાન છે.

સત્ય એટલે : છે, સત્, અસ્તિત્વ,
moral and eternal truth.

The supreme truth is undefinable.

સત્યને પામવાનો ઉપાય સમત્વ છે.

નમ્રતા, તટસ્થતા અને અનાગ્રહથી જ સત્ય શોધાય.

વૈજ્ઞાનિકોની ખોજ સત્ય એ પાયાનો મૌલિક ગુણ છે.

આત્મપ્રાપ્તિ માટે સત્ય એ મહત્ત્વની વસ્તુ છે.

ઈશ્વરને તમે નહિ માનતાં પણ ઈશ્વર તમને માને છે,
માટે ઈશ્વરથી બચવું અશક્ય છે.

કેવળ વાણીનું સત્ય જ નહીં, પરન્તુ
મનસા, વાચા તથા કર્મણા પણ સત્ય જોઈએ.

સત્ય એ જ પરમેશ્વર સુધી પહોંચાડનાર છે.

અભય એ ગુણ છે, સત્યરક્ષા માટે તે અનિવાર્ય છે.

સાધ્ય સત્ય છે, નિર્ભયતા એનું સાધન છે.

'પોતે બીજા કરતાં જુદો છે' એ સત્ય છે.

ત્રિકાળાબાધિત વસ્તુ જ સત્ય હોઈ શકે.

## સત્ય પામવા માટે આપણે શું કરવું ?

ચંદ્રને બતાવતી આંગળીની જેમ શબ્દોની સ્થિતિ છે.
ચંદ્ર એક જ છે અને ઈશારાથી બતાવનારા
આંગળીઓ અનેક છે, તેમ શબ્દો અનેક છે અને
સત્ય એક છે - એક જ હોઈ શકે!
સત્યને ઉપાશ્રયે બાંધી શકાતું નથી.
સત્ય પામવા માટે આપણે ખુલ્લાં થવાનું છે.
સત્ય કોઈ કાળની ઉપજ નથી, એ તો સદા છે જ.
આંખ ખોલો તો જ તે દેખાય છે.

સત્યના માર્ગે જવાના બે માર્ગ છે:
એક સત્યના વિચારનો અને બીજો સત્યની સાધનાનો.

એક માર્ગ છે તર્કનો, બીજો માર્ગ છે યોગનો.
જ્ઞાનનો અંત છે, ત્યાંથી જ પ્રભુનો પ્રારંભ થાય છે.
પ્રભુ કહે છે: સત્ય અને તપ દ્વારા જે વારંવાર
આત્મતત્વને જોવાનો પ્રયત્ન કર્યા કરે છે,
તેને તે પોતાના આત્મામાં જ દેખાય છે.

અચલગઢ, પ્ર-જેઠ વદી-૩, ગુરુવાર સવારે ૧૧:૦૩ વાગે.

પ્રભુ વીરે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના ચાર સિદ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહમાં પાંચમો બ્રહ્મચર્યનો સિદ્ધાંત ઉમેર્યો. એમનો નિશ્ચય એવો હતો કે બ્રહ્મચર્યના પાલન વિના આધ્યાત્મિક દૃષ્ટિનો વિકાસ થતો નથી. નિશ્ચયના પાલનમાં વ્રતો ઉપકારક હોય છે, માટે એમણે વ્રતબદ્ધ જીવન ઉપર ઘણો ભાર મૂક્યો.

અહિંસામાં સત્ય એટલે કે સમ્યગ્‌દર્શન સમાઈ જાય છે.

'જેવા આપણે છીએ, તેવા બીજા છે' અને
'બીજાનું દુઃખ, તે આપણું જ દુઃખ' એ જ
સત્યદર્શન યા સમ્યગ્‌દર્શન છે. એવી લાગણી થાય, ત્યારે જ અહિંસાની આપણા હૃદયમાં પ્રતિષ્ઠા થાય.

ઇંદ્રિયોના પૂરા સંયમ વિના અહિંસા સિદ્ધ થતી નથી અને મનના પૂરા સંયમ વિના સત્ય સિદ્ધ થતું નથી.

અહિંસક કે સત્યનિષ્ઠને કાંઈ કરવું કે બોલવું પડતું નથી, એ ઇચ્છા કરે એટલે બધું થઈ જાય છે.

'તમેવ સચ્ચં નિઃસ્સંકં જં જિણેહિં પવેઇયં ।' અર્થાત્:
તે જ સાચું અને શંકા વગરનું છે, જે ભગવાને કહ્યું છે.

એવી શ્રદ્ધા જ સમ્યક્ત્વનું કારણ છે.

વીતરાગના વિશેષ લક્ષણે જ
નિરાકુળ અને સત્ય સુખની પ્રાપ્તિ થાય છે.

પરમાત્મા જ અંતિમ સત્ય છે, તેથી
તેમની પ્રાપ્તિનો ઉપાય પ્રારંભથી જ સત્ય હોવો ઘટે છે.

આત્મામાં વૃદ્ધિ - હાનિ ન થાય,
એવું નિશ્ચય અને સત્ય જ્ઞાન સંતોષગુણ પેદા કરે છે.
પ્રભુસ્મરણથી આ સત્ય જ્ઞાનનો સાક્ષાત્કાર સહજ બને.

બ્રહ્મપદ એ પરમ સત્ય છે (નિજ સ્વરૂપ),
ઈશ્વરપદ એ વ્યવહાર સત્ય છે અને
જીવપદ એ પ્રાતિભાસિક સત્ય છે (કલ્પનાનું વિશ્વ).
મિથ્યા જંતુઓ અનંત ઈશ્વરના ઐશ્વર્યને પરમ સત્ય
માની મોહ પામે છે, જ્યારે ઈશ્વર પોતાના શિવપદને
અથવા કૈવલ્યપદને સાચું માનીને સદા મુક્ત રહે છે.

સચ્ચિદાનંદ બ્રહ્મતત્ત્વ સત્ય વસ્તુ છે,

અહીં કાળમાં બાધા ન પામે, અબાધિત એ વસ્તુ છે.

સિદ્ધ ભગવંતોમાં જગતના સૌ જીવો પ્રત્યે એક સુંદર,

શિવ અને સત્ય એવો વિલક્ષણ પ્રકારનો ભાવ સનાતન

રીતે વિદ્યમાન છે, જે વિશ્વને શુભ અને શુદ્ધ તરફ

આકર્ષે છે, જગતના જીવોમાં તેવા જ ભાવને જગાડે છે.

જો એવું ન હોય, તો કોઈના પણ હૃદયમાં

શુભ કે શુદ્ધ ભાવ જાગે જ નહીં!

સત્યનો સાક્ષાત્કાર જ પરમાત્માનો સાક્ષાત્કાર છે અને

સત્યની સાધના એ જ આત્માની સાધના છે.

ક્ષમા - સહિષ્ણુતા - મનઃશાંતિનો આધાર પણ સત્ય છે.

સત્યનો વિજય એ સદ્‌ગુણોનો વિજય છે.

સત્ય એ સર્વોપરી શક્તિ, જગતનું સારભૂત તત્ત્વ,

સર્વશ્રેષ્ઠ જપ, તપ, ધર્મ, પરમાત્મા અને ભગવાન છે.

ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે.

સાચ્ચો યોગી ભગવાનને સત્યના રૂપમાં જુએ છે.

પ્રભુ મહાવીરની અહિંસા અને સત્ય ❖ ચૈત્ર સુદ ૧૩

ઈતિહાસમાં ભગવાન મહાવીર જેવા આનંદસ્વરૂપ કોઈ થયાં નહિ. તેમનો જન્મ આત્માના વિકાસ માટે થયો હતો.

ભગવાન મહાવીરે જે છોડ્યું, એ નહીં...

કિન્તુ તેમણે જે મેળવ્યું, તે મહત્વનું છે.

દુ:ખ ભોગવ્યું, તે નહીં... આનંદ મેળવ્યો, તે મહત્વનો છે.

તેઓ ન તો રાગી હતાં - ન વિરાગી હતાં, પરંતુ રાગ-વિરાગ છોડી પરમ ચૈતન્યનો અનુભવ કરનાર હતાં.

આત્માને બાહ્યમાંથી અર્થ વિચારો કરવા તે નહિ, પરંતુ નિર્વિચાર થઈને સત્ય પાસે પહોંચવું તે છે.

વિચારો કરવાથી કદાપિ સત્ય પાસે પહોંચી શકાતું નહિ.

ભગવાનના અસ્તિત્વનો નિર્ભેળતા અને

ગરૂની ગરૂતાનો વિશાળતા ઉપરાંત

સત્ય - અસત્ય વચ્ચે રહેલા ભેદનો નિશ્ચેતા જે છે,

તે આત્મા અપેક્ષાએ દેવનો પણ દેવ,

ગરૂનો પણ ગરૂ અને સત્યનું પણ સત્ય તત્વ છે.

પરમાત્માનું નામ સત્યનું પણ મહાસત્ય છે.

'ઈશ્વર સત્યસ્વરૂપ, દયામય અને ન્યાયસંપન્ન છે'
એવી પ્રતીતિ થવી, તે જ પ્રકૃતિની અનુભૂતિ છે.
સત્ય, દયા, ન્યાય વગેરેની અનુભૂતિ એજ
પરમાર્થથી ઈશ્વરની અનુભૂતિ છે.
જે મન - વચન - કર્મથી સત્યનું પાલન ન કરે,
જે તપોમય જીવન ન જીવે તથા
જે સદાચારી ન હોય, તે પ્રભુને પામી શકે નહીં.
અસત્ય વ્યવહાર, વિષયોના ભોગોમાં પ્રવૃત્તિ,
આળસ અને દુરાચરણ ભક્તિભાવના આવરણ છે.
તે સર્વ અજ્ઞાન જનિત ચિરસ્થાયી આવરણો જ છે.

સત્યશાસ્ત્રોની રચના તીર્થંકરોના ઉપદેશથી થયેલ છે.

જેમના થકી સત્ય, શાશ્વત મંત્ર - યંત્ર - તંત્રાદિ પ્રગટે,
જેના દ્વારા વિશ્વકલ્યાણના કાર્યો
આ પ્રકૃતિનું મહાશાસન નિત્ય યોગબદ્ધ કરી રહેલ છે.
તીર્થંકરોની ભક્તિ વગેરે તેના સહજ ક્રમાનુસારે થાય છે.

# મહાન આત્માઓના નામનો રહસ્યાર્થ

રામ એટલે ન્યાય - સત્ય, કૃષ્ણ એટલે પ્રેમ - ભક્તિ,
હરિ એટલે દુઃખહર અને બુદ્ધ - મહાવીર એ કરૂણા.
'રામ' શબ્દને ઘણુ સત્ય - નિષ્ઠા - શૌર્યનું પ્રતિક માન્યું છે.
રામ, કૃષ્ણ, હરિ એ સત્ય, પ્રેમ, કરૂણાનો પર્યાય છે.

આકર્ષિત શબ્દ ઉપરથી 'કૃષ્ણ' શબ્દ યોજાયો છે.

આથી એ નામ પોતે જ દર્શાવે છે કે કૃષ્ણ એ પરમ સત્ય છે, કેમકે પરમ સત્ય એ જ સૌનું આકર્ષિત છે. રામ એ સત્યની મૂર્તિ અને કૃષ્ણ એ પ્રેમની મૂર્તિ છે.

કિંપાક વૃક્ષના ઝેરી ફળોની જેમ દેખાવમાં રૂડાં અને રળીયામણાં ઘણુ પરિણામે ઝેરની માફક પ્રાણ લેનારાં વિષયોનો જેઓ ત્યાગ કરે છે, તેઓ સર્વે ધન્ય છે. તેઓ જ સત્યને સમજ્યા છે અને સત્યને પામ્યા છે.

સત્ય સચ્ચિદાનંદઘન સ્વરૂપ છે,

આજ સુધી અસત્યના પક્ષપાતથી જીવે જે અનંત ભવભ્રમણ કર્યું, તેમાંથી છોડાવનાર સત્યનો પક્ષપાત છે.

અરિહંત કે ૐ અર્હંને નમસ્કાર એ સત્યનો પક્ષપાત છે.

'ઋતં ચ સત્યં ચ ।'

ઋતના સ્થાને 'ૐ' અને સત્યના સ્થાને 'અર્હં';

બન્ને મળીને વિશ્વના ધારક બને છે.

'ૐ' અથવા 'સોઽહં' મંત્રનો ઉચ્ચાર

એ પરમ સત્યના અનુભવની સાધના છે.

સ્થૂળ નહીં, બ્રહ્મસત્તા જ સત્ય - શાશ્વત - નિરાકાર છે.

પ્રાતિભાસિક સત્ય એ સત્ય નહિ પણ કાલ્પનિક છે.

ચૈતન્ય એક છે, માટે 'ૐ' કે 'સોઽહં' એ

ઉપચાર નહિ, પરન્તુ પરમ સત્ય છે.

તેનો ઉચ્ચાર એ પરમ સત્યના અનુભવની સાધના છે.

'ૐ તત્ સત્ ।' મંત્રમાં... ૐ એટલે હા.

તત્ એટલે તું, તું આ ત્રિગુણાત્મક જગતની પરનો છે.

તત્ એટલે તે, જે સત્ નહિ અને અસત્ નહિ તે.

સત્ એટલે સત્યનો આગ્રહ, અસત્યનો ત્યાગ.

સત્ એટલે શુભ. સત્ ક્રિયાવસ્થાની સિદ્ધિને માટે છે.

## બ્રહ્મ અથવા આત્માને જાણવું = સત્યને જાણવું.

સત્યને જાણવું, એ જ આનંદ પામવું છે.
અહિંસા એ સત્યાનુભૂતિનું પરિણામ છે.
અહિંસા એ અનુભૂતિની જ એક સ્થિતિ છે.
દુઃખના સાક્ષાત્કારમાં જ આત્માનું જાગરણ થાય છે.
આંતરિક પીડાનું આંતરિક જાગરણમાં જ
પર્વતની ચરમ સીમામાં વિસ્ફોટ બની જાય છે.
જે આ સીમા સુધી દુઃખને સહન કરવા ખુશ રહે છે,
તે દુઃખની પેલે પાર પહોંચી જાય છે.
જે મનુષ્ય આ સાહસ ખેડવા તૈયાર થાય છે,
તેને માટે સત્યના દ્વારો ખુલી જાય છે.
'હું કોણ છું' જાણી લેવું જ સત્યને જાણવા બરાબર છે.
આ જાણપણાં સાથે દુઃખ વિસર્જિત થઈ જાય અને
સચ્ચિદાનંદ બ્રહ્મ આત્માની અનુભૂતિ/સાક્ષાત્કાર થાય છે.
સત્યનું જ્ઞાન થવાથી અસત્યજનિત ભય - કંપ - ક્લેશ
આદિનો નાશ તથા મનના અસત્યત્વનું ભાન થાય છે.

'હે ભગવંતો ! મને સત્ય માર્ગ બતાવો!'

સાચા હૃદયથી આ પ્રાર્થના કરનારને
સત્યમાર્ગની પ્રાપ્તિ તુરંત જ થાય છે.

ઈશ્વર જ પ્રેમ છે, સત્ય છે, પ્રકાશ છે, જીવન છે તથા
એ જ પરમ કલ્યાણ છે. અંધકાર વચ્ચે પ્રકાશ બીજ
વિનાશ નિવડે છે, એ પ્રકાશ જે છે, તે જ ઈશ્વર છે.
સત્યની ખ્યાતિ એટલે સત્યનો જીવતો જાગતો પ્રચાર છે.

ઉપનિષદમાં મુખ્યત્વે સત્ય દેખાઈ આવે છે,
બાઈબલમાં મુખ્યત્વે પ્રેમ અને
ઈસ્લામ વગેરે અન્ય ધર્મોમાં કરુણા દેખાઈ આવે છે.
જૈનોમાં તે ત્રણે તત્ત્વો પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશે છે,
તે અનુક્રમે જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ રત્નત્રયી છે.

વિચારમાત્રથી સત્ય જડતું નથી, કિન્તુ સત્યને
જોવા માટે આંખની અને આંખના ઉપચારની જરૂર છે.
પ્રશ્ન ઈશ્વરનો કે સત્યનો નથી, કિન્તુ
ઈશ્વર કે સત્યને જોવાની દૃષ્ટિનો છે.

## ઈશ્વર એટલે...

સત્યમય વિશ્વનો સર્વોચ્ચ અને સર્વશક્તિમાન શાસક.

દુનિયાના પદાર્થો મેળવવા કરતાં નિખાલસ ઉત્સુકતાથી
સાચું જો કહું તો ભગવાન મેળવવા ખરેખર સહેલાં છે.
તમારે જેટલો ભગવાનનો ખપ છે,
તેના કરતાં તમારો ખપ તેને હજાર ગણો અધિક છે.
ભગવાન ઉદાર છે, અદ્ભુત છે, દયાળુ છે, તેથી
ઈશ્વરાભિમુખ થવું, તે સત્યની સમીપે રહેવા બરાબર છે.

## પરમાત્માના નામનું સ્વોત્કર્ષ માટે માહાત્મ્ય

સૌ શાસ્ત્રોના સાર, સૌ વિદ્યાઓનું રહસ્ય, સમસ્ત
સાધનાનો નિષ્કર્ષ, સમગ્ર ઉપાસનાનું હૃદય નામ જ છે.
પ્રભુપ્રાપ્તિ માટે એ સહજસાધ્ય તથા પ્રાપ્ય રાજમાર્ગ છે.
નામ ઉપર ભાવ, શ્રદ્ધા થતાં, તેનો તો બેડો પાર છે.
સત્ય એ જ પરમ ધર્મ છે, સત્ય એ જ પરમેશ્વર છે.
'સત્ શ્રીઅકાલ, જો બોલે સો નિહાલ!'
'સત્ય એ જ ઈશ્વર' એમ માને, તે નિહાલ થઈ જાય.

સત્યેશ જ ચાર પ્રકારના પરમાત્મા મળે છે:
(૧) આદર્શ પરમાત્મા (૨) તારક પરમાત્મા
(૩) પ્રેરણાત્મક પરમાત્મા (૪) વિશ્વોપકારક પરમાત્મા.
આત્મા - જે જગતનું પરમ સત્ય છે,
તે બુદ્ધિ દ્વારા જાણવાની વસ્તુ નહિ, કિન્તુ
જેનું - જેનું હૃદય શ્રદ્ધાપૂર્ણ અને શુદ્ધ છે,
એમને સત્યનું સ્ફુરણ આપોઆપ જ થયાં કરે છે.
સૃષ્ટિના અણુએ અણુમાં આત્મતત્ત્વ સમાયેલું છે,
તે સનાતન સત્ય છે.
ગ્રન્થો બુદ્ધિની જિજ્ઞાસાને ભલે તૃપ્ત કરે, પરન્તુ
સત્યનો સાક્ષાત્કાર તો અનુભવ દ્વારા જ થાય છે.
સત્યને જીવનધર્મ બનાવી તેને આચરણમાં
ઉતારવાનો પ્રયત્ન જ સૌથી શ્રેષ્ઠ - સરલ માર્ગ છે.
જેને યથાર્થ સત્યસ્વભાવની રૂચિ થઈ, તેને સંસાર
તરફનો અશુભ રાગ પલટાવી વીતરાગના સ્મરણનો શુભ
રાગ આવ્યા વિના રહે નહીં, એવો ત્રિકાળ નિયમ છે.

## જ્યાં સત્ય છે, ત્યાં ભગવાન છે.

ધર્મ = સત્ય, તપ, દયા અને પવિત્રતાનો સરવાળો.

કળિયુગમાં સત્ય, તપ કે પવિત્રતા દેખાતાં નથી,

કેવળ દયા - દાન ઉપર જ ધર્મ ટકે છે.

સત્ય, પ્રામાણિકતા, ઈમાન વસે છે, ત્યાં ત્યાં ધર્મ વસે છે.

## ગુરુ ભગવંતને નમસ્કાર થાઓ કે...

જેમણે સમ્યક્ દીપક વડે અભ્યંતર અંધકાર એવા જે

અજ્ઞાનને દૂર કરીને મારી આત્મા નિર્મળ બનાવ્યો.

તે ગુરુ કહે છે કે:

તમે નાશવંતને ન ચાહો, શાશ્વત સાથે પ્રીતિ બાંધો,

સત્યને હૃદયમાં સ્થાપો તથા દુષ્ટ તત્ત્વોને ભગાવી દો.

જ્યાં વિચાર છે, ત્યાં સત્ય નહીં હોય,

કેમકે સત્ય એક જ છે, જ્યારે વિચાર અનેક છે.

સત્યની ખોજ બહાર નહીં પણ અંદર થવી જોઈએ.

તર્ક દ્વારા સત્ય અપ્રાપ્ય છે, કિન્તુ

ધ્યાન - નિદિધ્યાસન દ્વારા જ તે શક્ય છે.

## શબ્દો મનુષ્યને કહે છે કે...

'તું બ્રહ્મ છે. તું પાપી નહિ, તું સંત છે.
સત્ય જ જીવનની મૂળ શક્તિ છે.
જેમ દ્વેષ કરતાં પ્રેમની શક્તિ વધારે છે,
તેમ દુઃખ કરતાં આનંદની શક્તિ વધારે છે,
એ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ.'
જેમ ઝાડ ઉપર મહુડાં પાકે છે, દારૂ નહીં!
દારૂ તો એની વિકૃતિ છે, તે જ પ્રમાણે
સત્ય અને આનંદ જ જીવનનાં પાકાં ફૂલ છે,
દ્વેષ અને દુઃખ તો તેની વિકૃતિ છે.
શબ્દો સત્ય અને અમોઘ હોવા જોઈએ.
'દ્વિઃશરં નાભિસંધત્તે રામો દ્વિર્નાભિભાષતે ।' અર્થાત્:
બાણ બે વાર છોડાતું નહિ,
રામ પણ બે વાર બોલતાં નહિ.
શબ્દો વ્યર્થ ન હોય અને દ્વ્યર્થ પણ ન હોય.
જે શબ્દો સત્ય - સાર્થ - અન્વર્થ હોય, તે જ ભાખવી.

## 'કોમાં અમોઘ વચનમ્ ?'

પ્રકૃતિ: કોના વચન અમોઘ છે ? તેનો જવાબ છે કે:

'યે ચ પુનઃ સત્ય - મૌન - શમ - શીલાઃ ।'

જેના વચનો સત્ય, મૌન, શાંતિ, સદાચારથી યુક્ત છે,
તેનાં વચનો કદાપિ વ્યર્થ જતાં નથી.

સત્ પ્રકૃતિ સત્યના વિરોધનું ફળ નિગોદ જ છે તથા સત્યસેવનનું ફળ અમોઘ વચન અને અમોઘ સંકલ્પ. જે મહારાજ બાળની પાસે રત્ન - દાવો કરે છે, તેઓ પોતાના સુખ અને સંતોષનો આધાર બાળની દયા ઉપર છોડયો હોઈ બાળની તાબેદારી સ્વીકારી લીધા હોય છે, સત્ય અને મુક્ત જીવન તેનાથી દૂર છે.

સાચું સાધુપણું સમાયેલું છે...
સત્ય વચન, સત્ય વિચાર અને સત્ય આચરણમાં.

આખાંડ ૧૨ વર્ષ સુધી મહારાજ જુઠું ન બોલે,
તો તેને વચનસિદ્ધિ થાય છે, ઉપરાંત
લંગડો ચાલતો, બહેરો સાંભળતો ને આંધળો દેખતો થાય.

સત્ય વચની શું ન કરી શકે ?

૧૨ વર્ષ સુધી સત્ય જ બોલવાનો અભ્યાસ હોય, તો વાક્‌લબ્ધિ અને વાક્‌સિદ્ધિ પ્રાપ્ત હોય છે.

ઓષ્ઠથી જાપ ૧ વર્ષ, કંઠથી જાપ ૨ વર્ષ,
હૃદયથી જાપ ૨ વર્ષ અને નાભિથી જાપ ૭ વર્ષ.

એ રીતે કુલ ૧૨ વર્ષ સુધી સતત જાપ કરવાથી મનુષ્ય મોક્ષસ્વરૂપ થઈ એને આત્મસાક્ષાત્કાર થાય છે.
તે માટે એક વખત ભોજન, અલ્પ નિદ્રા, સાધના ગુપ્ત, ભૂમિશયન, મૌન અને એકાન્તવાસ રાખવું આવશ્યક છે.

મનને આત્મામાં જ ડૂબાડી દેવાનો અભ્યાસ ૧૨ માસ સુધી કરવામાં આવે, તો આત્મા સ્વયં બોલતો થશે.
તેના તે વચનથી સત્યબળનો પ્રકાશ આપોઆપ થશે.
મનને આત્મામાં લીન કરવાનો અભ્યાસ જેમ-જેમ વધતો જાય, તેમ-તેમ મનની શક્તિ પણ વધતી જાય.
પછી તે જે ઇચ્છે, તે કરી શકે છે.

એક ચોરી ન શકે તેવો ખજાનો શું? સત્ય, શીલ, વિદ્યા.

## ભગવાન ૧૨ાા વર્ષ તપમાં શું કરે?

તેઓ અંતરના સત્ય સ્વરૂપનો વિચાર કરે, વળી તેમનાં શરીરની અંદર રહેલ ૭ ચક્રો ઉઘાડ્યાં કરે છે. શરીરમાં અમૃત વધે છે, તે આમ તો અંદર બળી જાય છે, કિન્તુ તે ગળે આવે, તો ૬ માસ સુધી આહાર વિના ચાલે. અહિંસા, સત્ય વગેરે શરીરની શક્તિ તથા સિદ્ધિ છે.

## નવકારવાળીમાં ૧૦૮ પારા છે, કેમકે...

શરીરની ચિત્રા નામની નાડીમાં ૧૦૮ ગાંઠ હોય છે.
૧૦૮ મહામંત્ર ગણવાથી તે ગાંઠો તૂટે છે, ભેદાય છે,
તેથી આત્માનું દિવ્ય અને સત્યસ્વરૂપ પ્રગટે છે કે...

તું કોણ છે?

તું સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન, સત્યસ્વરૂપી આત્મા છે, પરમાત્મા સ્વરૂપી છે, સંસારની માયાથી અલિપ્ત છે. મહાપુરુષનો વિચાર કરવામાં ગુણ ન હોય, તો ય ગુણનો આરોપ કરવો, તે જૂઠ નથી. વાસ્તવિકમાં જે વસ્તુ શુદ્ધ છે, તે સત્ય છે અને દેવસ્વરૂપ છે, તે જૂઠું છે.

ભગવાનને આપણે પ્રાર્થના કરીએ છીએ કે:

'તિત્થયરા મે પસીયંતુ |' 'સમાહિવરમુત્તમં દિંતુ |'

'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ |'

ઇત્યાકારક પ્રાર્થના વાક્યો સત્ય ભાષારૂપ છે?
અસત્ય ભાષારૂપ છે? કે મિશ્ર ભાષારૂપ છે?
ઉત્તરમાં શાસ્ત્રકાર ભગવંતો ત્રણે રૂપે નિષેધ કરે છે
અને તેને ચોથી ભાષારૂપ કહે છે.

ચોથી ભાષા સત્ય નહિ, અસત્ય નહિ,
સત્યાસત્યના મિશ્રણરૂપ પણ નહિ છતાં કાર્યકરી છે,
નહીં કે છોડી દેવા કે વ્યવહાર ન કરવા લાયક કહે છે.
વ્યવહાર કરવા લાયક તે જ હોય કે જેના વડે કાર્યસિદ્ધિ
થતી હોય અને જેના અભાવમાં કાર્ય સિદ્ધ થતું ન હોય.

'પ્રયોજનં વિના મન્દોऽપિ ન પ્રવર્તતે |'

જેનાથી પ્રયોજનની સિદ્ધિ ન થતી હોય,
તેમાં મન્દબુદ્ધિવાળા પણ પ્રયત્ન કરે નહીં અને જેનાથી
ફલપ્રાપ્તિ ન હોય, તેને ઉત્તમ પુરુષો કદી સ્વીકારે નહીં.

## અનન્ય ભક્તિનાં ૫ સાધનો

(૧) સત્ય વચન (૨) ભગવત્પ્રેમ (૩) વાસનારહિતતા
(૪) સમદર્શિત્વ તથા (૫) અજપાજપ.

## એવું શાસ્ત્ર વચન છે કે...

'સત્ય જ વિજયવંત છે, અસત્ય નહીં જ.'

સત્યવાદીનું મન હંમેશા શાંત હોવાથી ચિંતા હોતી નથી અને તેને સૌ કોઈ પૂજ્યનું પાત્ર ગણાવે જરૂર છે.

ન્યાયશાસ્ત્ર સત્ય - અસત્યનો ભેદ કરે છે,
સૌંદર્યશાસ્ત્ર સુંદરતા - કુરૂપતાનો ભેદ કરે છે અને
નીતિશાસ્ત્ર ભદ્ર - અભદ્રમાં ભેદ કરે છે.

જેટલો અહંકાર, તેટલું સત્યનું પાલન ઓછું.

જેટલું સત્યનું પાલન ઓછું, તેટલું જિતેન્દ્રિયપણું ઓછું તથા કામ, ક્રોધ અને લોભનું બળ વધારે.

નમસ્કારમાં ન્યાય છે, સત્ય છે, દાન છે અને સેવાનો ભાવ રહેલો છે તથા ન્યાયમાં ક્ષાત્રવટ, સત્ય અને તેના બહુમાનમાં કલ્યાણ છે.

## એક શાશ્વત પ્રશ્ન

પ્રશ્ન : સાચા મહાપુરુષોની કસોટી શા માટે થતી હશે ?

ઉત્તર : એમના સત્યની જગતને જાણ કરવા માટે.

પંચપરમેષ્ઠિ ભગવંત સમાધિસ્થ સત્ય મેળવે છે.

સમાધિમાં સત્યનું દર્શન થાય છે.

સત્ય સંપૂર્ણ જીવનને જ બદલી નાંખે છે,
તેનાથી વ્યક્તિનો જાણે જ જન્મ થાય છે અને
એ જ ભાગવત જન્મની શરૂઆત છે.

સમાધિ પછી બહાર હિંસાને સ્થાને અહિંસા, અસત્યને સ્થાને સત્ય, રાગને સ્થાને વિરાગ અને વિષાદને સ્થાને આનંદ અનુભવાય છે અને તેથી ભાળી શકાય છે કે આપણી અંદર સમાધિરૂપી દીવો પ્રગટી જ ચૂક્યો છે.
મહાપુરુષ કહે છે: 'સત્ય મારું નહિ પણ હું સત્યનો છું.'
સમાધિનું દ્વાર ખૂલે છે, ત્યારે 'હું' વિલીન થઈ જાય છે.
તર્ક કે બુદ્ધિ વડે પરમ સત્યનો પાર પામી શકાતો નહિ.
એ કામ સમાધિ અને પ્રજ્ઞાની સહાયથી સિદ્ધ થઈ શકે છે.

ઋગ્વેદ ૧/૧૬૪/૪૬માં કહ્યું છે કે:

'एकं सद् विप्रा बहुधा वदन्ति ।' અર્થાત્:

સત્ય પદાર્થ એક છે, વિદ્વાનો તેને અનેક નામોથી કહે છે.
જીવાત્માઓ પરમાત્માનાં જ અંશો છે, એ પરમ સત્ય છે.

ધર્મના મૂળ સમા અહિંસા - સત્યનું રક્ષણ કરવા અર્થની શુચિતા આવશ્યક છે. તે જેના જીવનમાં છે, તે શુચિ છે.
સત્ય વર્તનવાળો અહિંસા - હિંસાદિનું સર્વાંશ પાલન કરીને ઇંદ્રિયો સર્વ વિષયો અને કષાયોથી દૂર રહે છે.

સત્યની એક બાજુ અહિંસા અને
બીજી બાજુ હિંસાને રોકવાનું કારણ પણ એ છે કે...
બીજાના સત્યદર્શનમાં અસત્યનું આરોપણ એ અહિંસાનો ભંગ છે અને પોતાના અસત્ય - અપૂર્ણ દર્શનમાં અથવા પ્રકૃતિનું અભિમાન કરવામાં હિંસાવ્રતના ભંગનો ભય છે.

Sixth Sense એટલે સત્ય, યુક્તિ,
દિવ્યદૃષ્ટિ, પરાપ્રેરણા, સ્વયંભૂ સ્ફૂરણા, આંતરપ્રેરણા, આંતરદર્શન, આત્મજ્ઞાન, પરાત્પરતત્ત્વ, અનંતતા, પ્રભુતા.

બ્રહ્મ એ સત્ય છે, જગત એ મિથ્યા છે.
બાહ્ય વસ્તુ બ્રહ્મ નથી, તેથી અસત્ય - પરિવર્તનશીલ છે.
સત્ય નમ્રતાથી શોભે છે.
તેની ચરિતાર્થતા નમ્રતા, અન્ય પ્રતિ પૂરા આદર તથા
વર્તન અને વ્યવહારની પૂરી સૌમ્યતામાં રહેલી છે.
સત્ય બુદ્ધિવાળો નમ્ર આત્મા
સર્વ નયો, નિક્ષેપ, પ્રમાણોને યથાસ્થાને માન્ય રાખે છે.
જેનામાં સંપૂર્ણપણે નમ્રતાનું ભાન જાગ્યું નથી,
તેનાથી કદી સત્યની શોધ થઈ શકતી નથી.
સત્યના સમુદ્રની સપાટી ઉપર સહજપણે તરવું હોય, તો
તમારે શૂન્ય - પરિપૂર્ણ - નમ્ર બની જવું આવશ્યક છે.
સત્યથી જ નમ્ર વિચારો શરૂ થાય છે.
દુનિયાના લોકો સામે સ્પષ્ટ તથા સત્યવક્તા થવું સારું,
પરંતુ એ માટે કાંઈ કડવા થવાની જરૂર નથી.
સત્ય જો નમ્રતા અને મધુરતાથી કહેવાય,
તો સાંભળનારને ધક્કો ન લાગે. મધ્યમ માર્ગે ચાલવું.

## માનવમાંથી મહામાનવ બનવા ધ્યાન.

સત્યની પ્રાપ્તિ મન અને ચિત્તના નિગ્રહને માંગે છે.
આત્માનો આનંદ એ જ સત્ય છે, નિત્ય છે, ધ્રુવ છે.
ધ્યાન એ કોઈ ગોખવા કે કંઠસ્થ કરવાની ચીજ નથી,
એ તો માનવમાંથી મહામાનવ બનવાની મહાપ્રક્રિયા છે.
આત્મતત્વ જ સત્ય છે, બાકી બધું પરિવર્તનશીલ છે.

મનાતીત અવસ્થામાં દાખલ થઈને પરમાત્માનો
અપરોક્ષાનુભવ કરવાની શક્તિ પ્રત્યેક પ્રાણીમાં છે.

આ અપરોક્ષ અનુભૂતિથી જ સત્યની પ્રાપ્તિ અને
પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ મળી શકે છે.
જે નિત્ય સુખની ઝંખના સર્વને હોય છે, તેની
પ્રાપ્તિનો રસ્તો આ સિવાય બીજો કોઈ છે જ નહિ.
સામાન્ય બુદ્ધિ પણ આ સત્યને ગ્રહણ કરી શકે છે.
સર્વ દર્શના સંસ્થાપકોએ આ અનુભવ કર્યો છે,
તેથી તેમના વચનોમાં પ્રચંડ શક્તિ રહેલ છે અને
કરોડો મનુષ્યો હજારો વર્ષો સુધી તેમને માને છે.

જેટલું જગતનું કારણ બ્રહ્મ એ સત્ય છે,
તેટલું જ બ્રહ્મનું કાર્ય જગત પણ સત્ય છે.
નવપદમાં અરિહંત છે અને અરિહંતમાં નવપદ છે,
એ જેટલું સત્ય છે, તેટલું જ સત્ય...
અરિહંતમાં આત્મા અને આત્મામાં અરિહંત છે, રહે છે.
પૂર્વના ઋષિઓ 'સત્યદ્રષ્ટા' સિવાય
અન્ય કોઈને પણ મનુષ્ય ગણતાં નથી.
તેઓ માનતાં કે બાકીના મનુષ્યો અને પશુઓમાં
કાંઈ ફેર જ હોતો નથી, બન્ને અવિદ્યાથી ભરપૂર છે.
સત્યને અંશતઃ પામી ન શકાય, સમગ્રપણે જ પમાય.
જે અમુક માનસિક સ્થિતિમાં જ શુદ્ધ સત્યનું દર્શન
થાય છે, તે પરમ સ્થિતિ શુદ્ધ સત્ય રૂપ ઉન્મની છે.
જેમ મધ્ય રાત્રિએ સૂર્ય ઉગતો નથી,
અસ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબ પણ પડતું નથી, તેમ
સાધનસંપન્ન ન હોય, તે મનમાં સત્યનો પ્રકાશ નથી.
એવું મન સત્ય પામે, તો એ સત્યને મલિન કરવા જ.

આત્માનું સત્યસ્વરૂપ તીર્થયાત્રા થકી સમજ આવે.

જે વડે સંસારસાગર કે દુઃખરૂપ જીવનને વટાવી જવાય,
એવી કોઈ યોજના, સંસ્થા કે શક્તિનું નામ 'તીર્થ.'
'તૃ' ધાતુ ઉપરથી 'તીર્થ' શબ્દ બન્યો છે.
'તૃ' એટલે ઓળંગી જવું, વટાવી જવું.
એ શક્તિ જેના વડે પ્રકટે કે એવી યોજના જેનાથી ઘડાય કે
એવું સંઘટન જેનાથી થવા પામે, તે તીર્થના કરનાર 'તીર્થંકર.'
એ યોજના કે એણે ઉપજાવેલી શક્તિ એટલે 'ધર્મ.'
ધર્મ એ કોઈ કલ્પના નથી, કિન્તુ જીવવાના સઘળા પ્રશ્નો
સાથે સંબંધ ધરાવતી સુવ્યવસ્થિત યોજના કે શક્તિ છે.
તેથી જ કહેવાય છે કે...
તીર્થંકર = Supreme artist, મહાન કલાકાર.
સંસારની તુચ્છ વિગતોના ભાન કરતાં
તીર્થંકરે દુનિયાદારીમાં છૂપેલ સત્યનું ભાન બતાવનાર છે,
કેમકે સત્યનું થોડું પણ ભાન
વિગતોના ઘણાં ભાન કરતાં પણ ઘણું વધુ ઉપકારક છે.

'सत्यं वद, धर्मं चर ।' સત્ય બોલ અને ધર્મને કર.

'स्वाध्यायात् मा प्रमदः ।' સ્વાધ્યાયમાં પ્રમાદ ન કર.

સત્ય ચિન્તન અને સત્ય વચન એ
પરમાત્માની ઉત્તમ ભક્તિ છે.

સ્વાધ્યાય સત્યરૂપ અને પ્રવચન એ તપરૂપ છે.

સામાન્ય રીતે તપ સાથે ક્રોધ અને સત્ય સાથે
'હું જ સાચો' એવા શેખાઈ જોડાયેલા હોય છે, કિન્તુ
બહિર્બોધ શૂન્ય અને અંતર્બોધ પૂર્ણ રહેવું,
એ જ એક સત્ય વસ્તુ છે.

ત્રણે કાળ ટકી રહેનાર હોય, તે જ સત્ય છે.

સત્ય શાશ્વત છે, તેથી કાળથી તે સડતું નથી.

સત્યનો અંકુર અહિંસા છે, પલ્લવ અચૌર્ય છે,
પુષ્પ એ બ્રહ્મચર્ય છે અને સત્યનું ફળ અપરિગ્રહ છે.

'अहं ब्रह्माऽस्मि ।' વાક્યમાં મોક્ષનો ઉપાય રહેલો છે.

સ્થૂળસત્તા એ સત્ય નથી, પરન્તુ બ્રહ્મસત્તા એ જ
પરમ સત્ય - શાશ્વત - નિર્વિકાર - સુખદુઃખથી પર છે.

सर्वं खल्विदं ब्रह्म। એ જાતિ અપેક્ષાએ સત્ય છે.
सर्वं द्रव्यपर्यायात्मकं। એ વ્યક્તિ અપેક્ષાએ સત્ય છે.
सर्वं उत्पादव्ययध्रौव्ययुक्तं। એ દાર્શનિક અપેક્ષાએ અને
सर्वं परस्परोपग्रहकारकं। એ સાધના અપેક્ષાએ સત્ય છે.

બ્રહ્માંડને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પરંતુ
સમગ્ર વિશ્વ સૌને શક્ય રીતે સહાયક બની રહ્યું છે.
We are related with all & everything.
આ સહાયના સ્વીકારથી સૌ અનુગ્રહ પામીએ છીએ.

અસ્વીકાર દ્વારા સૌનો નિગ્રહ થાય છે.

આ સહાયના સ્વીકારથી સત્યનો સ્વીકાર નથી,

અસ્વીકારથી સત્યનો ઇન્કાર થાય છે.

આપણામાંના અવગ્રહ રૂપી રોગને

સત્ય રૂપી ઔષધના સેવનથી મટાડવો જોઈશે.

જે મન ભૂતકાળના સર્વ સંચયોને કાપીને, છૂટું થઈને
સંપૂર્ણ અમર્યાદિત બનેલ છે, એવા શાંત મનમાં જ

સત્ય દૃશ્ય અને અનુભવ થઈ શકે.

## બ્રહ્મની બે અવસ્થાઓ

એક સત્ય પરબ્રહ્મ અને બીજું સ્વપ્નોપમ જગત.

સ્વપ્નપ્રપંચનો બોધ દૃશ્ય મિથ્યા અને દૃગ્ સત્ય છે.

જે પરિણામી તે અસત્ - જે અપરિણામી તે સત્.

સત્યનો અને સર્જનનો આનંદ ક્યાં ઉભરાય ?

શાંત કરેલા નહીં પણ શાંત થયેલા મનમાં.

માંગણી વિના લાગણીથી નિરીક્ષણ કરતું રહે,

તો એ મન નિર્વિકારી બને, સત્યરૂપ બની રહે નક્કી,

સત્ય શોધવું ન પડે, પરન્તુ આપમેળે પ્રગટ થાય.

વસ્તુનું પૂર્ણ દર્શન કરાવે, તે પ્રમાણ અને

પૂર્ણ સત્યનો એક અંશ જણાવે, તે 'નય' છે.

નય અને પ્રમાણના આશ્રય વિના

સત્ય માર્ગ ન પામી શકાય.

એક અંશને સંપૂર્ણ સત્ય માનનાર મિથ્યાદૃષ્ટિના મતમાં

જેઓ રાચતાં નથી, તેઓ જ સાચું સમકિત પામી શકે

અને સમકિત વિના ગુણસ્થાન બનાતું નથી.

સત્યજ્ઞાનના ધ્યાન દ્વારા આત્મજ્ઞાન મળે અને
પછી આત્મજ્ઞાની સત્યને પૂજે છે.

સાંભળીને થયેલું આત્મજ્ઞાન ઉધાર છે, જ્યારે
અનુભવીને થયેલું આત્મજ્ઞાન સત્ય છે.

આત્મજ્ઞાન માટે સત્યનું વારંવાર અનુશીલન આવશ્યક છે.
સત્યનું જ્ઞાન થયે ગુરૂનો ઉપદેશ 'તત્ત્વમસિ' રૂપે મળે.
એ સત્યના અનુશીલનથી 'અહં બ્રહ્માસ્મિ' નો બોધ થાય.

સત્યથી વિમુખ જનાર પસ્તાય.

કાચના ટુકડાને હીરો, બનાવટી ફૂલોને ફૂલો અને
બનાવટી ફૂલોને સત્ય ફૂલો માનનારાની જેમ
સંસારની માયાને સત્ય માનનારા અંતે પસ્તાય છે.

સ્થાયી તત્ત્વને સત્ય કહેવામાં આવે, તો તેના
વિરોધી તત્ત્વને લઈ દર્શાવવા માટે અસત્ય કહેવું જોઈએ.

સૌના વિચારે ધર્મનો પ્રારંભ, એકના ધર્મથી સૌને લાભ.

એક વાર સ્ફૂરેલું સત્ય એને પ્રગટ કરવાના
વાર્તાલાપના અભાવે ઝાંખુ પડતું જાય છે.

સત્ય એ સાધ્ય છે, પ્રેમ એ તેનું સાધન છે.
નિર્ગુણ સત્ય પર્યાય છે, સગુણ પ્રેમ પર્યાય છે.
સત્ય નિર્વિકાર છે, પ્રેમ સવિકાર - નિર્વિકાર બન્ને છે.
વિશુદ્ધ પ્રેમમાં સામા માણસનાં દોષનું દર્શન નથી,
પોતાના સુખની વાસના ન હોવાથી
એ પ્રેમ કદી રીસાતો, ઘટતો કે મટતો નથી.
પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.
જ્યાં સ્વ નથી અને પર નથી, ત્યાં સત્ય જ છે.
સત્ય માટે જીવને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે.
પ્રેમ અને સત્ય પર્યાયવાચક છે.
જ્યાં પ્રેમી અને પ્રિય મટી જાય અને
કેવળ પ્રેમ જ શેષ રહી જાય, તે 'સત્ય' છે.
જેટલા પ્રમાણમાં પ્રેમરસ વહેવડાવી શકીએ,
તેટલા પ્રમાણમાં મન ઉપર વિજય થાય છે.
તેનો ટૂંકામાં ટૂંકો રસ્તો એટલે અહંકારના ટૂકડે ટૂકડા કરી,
તેને કોરી કાઢી, ભીતરમાં રહેલાં સત્યને શોધી કાઢવું.

સત્ય અને અહિંસાનો પાયો ત્યાગ અને પ્રેમ જ છે.

પ્રેમ અને ત્યાગની ભાવના વિના

સત્ય અને અહિંસા એ તો વાસી અન્ન છે.

ઈશ્વરકૃપા એ વાસી અન્નને ખાવાનું જ નથી.

દિલ દરિયા જેવું મોટું નહીં હોય, મન સદા અહંકારથી ફૂલેલ હશે, બીજાનાં દુઃખ કે વેદના સમજવાની સુકોમળ ભાવના નહીં હોય, તો સત્ય અને અહિંસા - બન્ને શબ્દો એ માત્ર ગળામાં ઘાલેલાં બે પથરા રૂપ જ રહેશે.

અહિંસાથી પ્રેમ અને સત્યથી વિશ્વાસ જન્મે છે.

પ્રેમ એટલે ઈશ્વરીય ભાવે ચાહવું.

તપ અને સત્ય વિના ઈશ્વરીય પ્રેમની સંભાવના નથી.

'સત્યાન્નાસ્તિ પરોધર્મઃ ।' સત્યથી શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી.

સત્ય એ જાણવાની વસ્તુ, પ્રેમ એ થવાની વસ્તુ છે.

પ્રેમ સમગ્ર વિશ્વની સાથે જોડે છે.

પ્રેમના અભાવમાં સત્તાથી દૂર અને એકલા થવાય છે.

પોતાનામાં પૂરાઈ જવું, તે જીવતાં મુડદા થવા બરાબર છે.

સત્યના સાક્ષાત્કારનું પ્રથમ સૂત્ર એ છે કે:
'તું આત્માનું શરણું લે' અને
પ્રેમનું લક્ષણ છે કે: 'ભાવ પહેલાં અને પછી પોતે.'
આનંદ એ પ્રેમનું જ બીજું સ્વરૂપ છે.
બીજાને દુઃખ દેવાની અસમર્થતા, તે પ્રેમ છે.
પ્રેમમાં અહંભાવનું અસ્તિત્વ નથી.
દર્શન એ સત્ય અને પ્રેમનો સાક્ષાત્કાર છે,
જ્ઞાન એ સત્ય અને પ્રેમનો પરિચય છે તથા
ચારિત્ર એ સત્ય અને પ્રેમની સ્થિતિ છે.
દર્શનમાં સત્યનું દર્શન, જ્ઞાનમાં સત્યનો વિશેષ પરિચય
અને ચારિત્રમાં સત્યની અંદર સ્થિતિ છે.
શ્રદ્ધા એટલે સત્યનો પ્રેમ, તીવ્ર રુચિ, આચરણની ઉત્કંઠા.
પ્રેમધર્મના ચાર પાયા = તપ, શૌચ, દયા અને સત્ય.
આ ચાર પાયાની આવશ્યકતા હંમેશા રહેતી હોવાથી
એ ધર્મને 'સનાતન ધર્મ' કહ્યો છે.
ઋત, સત્ય અને સનાતનનો અર્થ એક જ છે.

## સત્ય, દયા અને પ્રેમમાં - પ્રેમ સર્વશ્રેષ્ઠ છે,
## કેમકે તે સત્ય અને દયાનું મૂળ છે.

જ્યાં સ્વ કે પર નથી, ત્યાં જ સત્ય છે.
સત્ય માટે જેમને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે.
સત્યનું બીજું નામ ન્યાય છે. નમસ્કારમાં ન્યાય છે,
માટે એ સત્ય છે. નમસ્કારમાં પ્રેમ છે, માટે કર્તવ્ય છે.
પ્રભુ સત્ય છે, માટે સત્ય બોલનારને જ તે મળે.
પ્રભુ પ્રેમસ્વરૂપ છે, માટે
સર્વ જીવોને ચાહનારને જ પ્રભુનો સાક્ષાત્કાર થાય.

## પ્રેમ - કરુણા - સત્ય જ સાચી સંપત્તિ

બીજાનાં સુખે સુખી થવું, તે પ્રેમ.
બીજાનાં દુઃખે દુઃખી થવું, તે કરુણા.
મન, વાણી અને કર્મથી એકરૂપ થવું, તે સત્ય.
પ્રેમ અને કરુણા તે ગુણ નથી, પર્યાય છે અને
સત્ય, કે જે એનો આત્મા છે, તે દ્રવ્ય છે.
સત્યનું અન્વેષણ રાગ-દ્વેષથી પર થયેલાં જ કરી શકે.

તત્ત્વની જો જાણ છે: પરમ પ્રેમ અને પરમ સત્ય.

સત્ય અને પ્રેમનો મેળ જબરો કઠણ છે.

પ્રેમ વધે-સત્ય ઘટે, તેથી એ જરૂરી છે કે બંનેની માત્રા
સમતોલ રહે. તેથી જ કહ્યું કે: કોઈનો દ્વેષ પણ ન કરો.
સદ્વૃત્તિનું પ્રધાન લક્ષણ સત્યનિષ્ઠા કે પ્રામાણિકતા છે.
સત્યનિષ્ઠાથી વર્તવું એ સર્વદા આપણા હાથમાં જ છે.
એમાં આપણા પોતાના વિના કોઈની જરૂર ન પડે!

પ્રેમપૂર્વક શુભ વિચારો કરવા એટલે...

સત્ય બોલવું, પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છવું,
મન, વચન, કાયાથી કોઈને પીડા ન કરવી,
પારકી વસ્તુને તેની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી,
બ્રહ્મચર્ય પાળવું, તત્ત્વનો વિચાર કરવો,
પરસ્ત્રીને માતા તથા ભગિની સમાન ગણવી,
માતા-પિતાની સેવા કરવી, જપ કરવા,
પ્રભુગુણકીર્તન કરવા સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો,
ધારણા-ધ્યાન આદિ સંયમસાધક ક્રિયાઓ કરવી વગેરે.

આ વિશ્વમાં જેટલું પણ શુભ કાર્ય થાય છે,
તે સત્ય - પ્રેમ - કરૂણા આદિ ગુણો દ્વારા થાય છે.
ગુણો તો આત્માનું સત્ય સ્વરૂપ છે.
મન પારકા વિચારોથી મુક્ત થશે, ત્યારે જ શાંત થશે.
ત્યારે જે નવી અનુભૂતિ થશે, એ કાંઈક જુદી જ હશે.
શૂન્ય દશાની એ સ્થિતિમાં જે અનુભૂતિ થશે, તે
કાં તો સત્યનું દર્શન હશે, જ્ઞાનની નવી ક્ષિતિજ હશે
અથવા તો સાક્ષાત પરમાત્માનો સાક્ષાત્કાર હશે.
મન હટી જવાથી સત્ય સ્વયં પ્રગટ થાય છે.
અહંકાર અને સત્યને નિત્ય વિરોધ છે.
ઉત્તેજિત મન સત્યને સમજી શકતું નથી.
સત્યનો સથવારો - આધાર કેવળ શૂન્યમાં જ મળે છે.
શૂન્યમાં ટકવું અઘરું છે, કિન્તુ ટકનારને જ પૂર્ણતા મળે
અને ભયથી શૂન્યમાં ન જનાર પૂર્ણથી અટકે છે.
પ્રેમપૂર્વક ધર્યું ધ્યાન શૂન્યમાં જવા સહાય કરે છે અને
શૂન્યમાં જઈ શકનાર અવશ્યપણે પૂર્ણને જઈ મળે છે.

સત્ય, પ્રેમ અને અહિંસા જુદાં પડી શકતાં નહિ,
તે ત્રણે પરસ્પર સંબંધિત છે.

અહિંસા અને સત્યમાંથી અહિંસાનો 'અ' સત્યની
આગળ ગોઠવવાથી જેમ અર્થનો અનર્થ થાય છે, તેમ
'God is now here' એ વાક્યને 'god is
no where' એમ લખવાથી પણ અર્થનો અનર્થ થાય.

ઈશ્વર સત્યાકારે - આટલું જ છે,
તેમ હિંસા અને અસત્યમાંથી અસત્યનો 'અ' લઈને
હિંસાની પહેલાં ગોઠવવાથી એજ શબ્દો
અહિંસા અને સત્યનું રૂપ ધારણ કરે છે.

વાક્ ચ સત્યાત્પ્રીતિરનપોઽનૃતા । સદ્ગુરુ:
વાણી એ સાચો પ્રકાશ છે, અસત્ય વાણી અંધકાર છે.

o

Spirit, life, love and truth -
are the 4 scriptural names of god.
There, I am with you always.

દુનિયાના બધાં જ ધર્મો એમાં એકમત છે કે...
દૃશ્યજગતની પાછળ જે પરમ તત્ત્વ રહેલ છે અને
જે અંતિમ સત્ય છે, તેને જ જીવનનું ધ્યેય બનાવી
તેનો અનુભવ કરવો અને તેની સાથે તાદાત્મ્ય સાધવું.
દૃશ્યજગત મિથ્યા છે, તેની પાછળ રહેલ આત્મતત્ત્વ
કે જેને લઈને જગત સત્ય લાગે છે, તે સત્ય છે.
સર્પ દૃશ્ય એ વસ્તુતઃ સત્ય નહિ પણ તેવો આભાસ
ઉત્પન્ન કરે છે. અધિષ્ઠાન ચૈતન્ય જ ફક્ત સત્ય છે,
વાસ્તવિક છે, અંદર - બહાર નહિ, ઓતપ્રોત ભરેલું છે.
આત્મા સત્ છે - ત્રિકાળાબાધિત છે, જગત મિથ્યા છે,
સદા પરિવર્તનશીલ છે. મિથ્યા જગત રૂપી કોડી માટે
સત્ય આત્મા રૂપી રત્નને ગુમાવવું ન જોઈએ.

બ્રહ્મદૃષ્ટિએ કાંઈ પણ અસત્ય નહિ અને
જગતરૂપ દૃષ્ટિએ જોતાં કાંઈ પણ સત્ય નહિ.
સત્ય - અસત્ય, તેજ - તિમિર, જીવન - મૃત્યુ;
એ દરેક વચ્ચેનો સંગ્રામ, તેનું નામ સૃષ્ટિ.

સત્યનો ખરો ઉપાસક કોણ?

જે બધા સંજોગોમાં શાંત, ધૈર્યવાન, ક્ષમાશીલ હોય તે.

o

He who is patient,
calm and forgiving under all
circumstances manifests the truth.
You can acquire truth only by practice.
You shall know the truth and
the truth shall make you free.
Truth એટલે સત્ય - Reality. It is one.
Beauty is truth. Truth is beauty.
Truth is immortal, error is mortal.
We can only know the relative truth,
the absolute truth is known
only to the universal observer.

'It comes to pass' એટલે Bibleના
એક phraseની કહ્યું છે કે:
Everything or any event or
any person comes to pass us
in the examination of life,
but not to fail us or harm us.
'It comes to pass'નો અર્થ છે:
This too shall pass away. આ વાક્યની
Itનું નામ = સત્ય અને comes to passનું ચક્ર.
આપણામાં જે કોઈ ઘટનાઓ સત્યમાંથી બને છે,
તે આપણા હિત માટે હોય છે, તેથી
તેનો વિરોધ કે ભય - શોક આદિ અકર્તવ્ય છે.
સત્યનો મોટો શત્રુ બુદ્ધિ છે.
મતિ એ સત્યનો સૌથી પ્રબળ અને છેલ્લો શત્રુ છે.
જેણે એને દૂર કર્યો, તેઓ સત્યને પહોંચી શક્યા છે.

'Truth' may be defined as:
That which has been & ever will be,
that which eternally is.
As you realise the truth, you will
understand how the world changes
in 15 minutes or in 1 minute,
for 'Time' means
nothing in relation to Truth.
The Truth of God is Reality - the
same yesterday & today & forever.
Both truth & God stand for the
ultimate Reality that 'truth will out'.
God's instant be a second or
a century depends upon our
individual application of Truth.

સત્ય બે પ્રકારના છે : પારમાર્થિક અને સાંવૃતિક.

'સાંવૃતિક સત્ય' એટલે પૂર્વજન્મના સંચિત સંસ્કારોના કારણે દિમાગમાં રહેલ વિભિન્ન રૂપોનું પ્રક્ષેપણ. પ્રજ્ઞા અને ઉપાય એ બે માર્ગ છે. પ્રજ્ઞા વડે પરમાર્થ સત્ય જાણી શકાય છે અને ઉપાય વડે સાંવૃત સત્ય. તત્ત્વતઃ જે બધું માયિક - કાલ્પનિક અને અસત્ય છે,

તે ખરું અને મનને સત્ય લાગે છે.

વિવર્તવાદ = માયિક કાર્યવાદ. એક પારમાર્થિક સત્યનો સ્વીકાર, જે ઉત્પાદક પણ નથી, પરિણામ પણ નથી.

માયાવાદીઓ બૌદ્ધ જૈનદર્શન જગતને કેવળ ભાસ કે કાલ્પનિક નહિ માનતું પણ જગતને સત્ય માને છે.

દૃષ્ટિદોષ એટલે...

વિવિધ રૂપે દેખાતાં આ જગતને નિભાવી રહેલાં એક જ પરમ અરૂપ - બ્રહ્મને જોઈ શકી, તેના સત્યમાં જ બ્રહ્મરૂપ થઈ તદ્રૂપ જીવનમાં ભળી જતા નહિ રહેલાં દ્રષ્ટાઓમાં ય નીતિના ઉપદેશની આળપ કરવી તે.

અહીં પ્રકરણના પાપમાં અસત્ય પ્રથમ

૪ વાચિક પાપ: અસત્ય, ચાડી, ગાળ અને બકવાદ.

૩ શારીરિક પાપ: બ્રહ્મઘાત, ચોરી અને વ્યભિચાર.

૬ માનસિક પાપ: પરધન અને બીજાના નાશની ઇચ્છા

તથા સત્ય, અહિંસા, દયા, દાન વગેરેમાં અશ્રદ્ધા.

'આત્મા અસલ સ્વરૂપમાં પરિપૂર્ણ છે,

જ્ઞાનમય - શક્તિમય - આનંદમય છે.'

આ સત્યથી વિરોધી વિચારોને મનમાં પ્રવેશ કરવા દેવા

એ જ પાપ છે, એ જ હીનતા છે.

સત્યના માત્ર હિમાયતી બનવા કરતાં

પોતે જ સત્યસ્વરૂપ થવા ઇચ્છવું જોઇએ.

જ્યારે આપણું મન સત્યમાં લીન થઈ જાય છે,

ત્યારે પોતાની મેળે જ બ્રહ્મચર્ય થઈ જાય છે.

બ્રહ્મ, ગુદાદ્વાર, ઉદર અને ઇંદ્રિયો વગેરે

તે જ વખતે આખા શરીરમાં પૂર્ણ થઈ જાય છે.

સત્યના જ્ઞાન કરતાં સત્યની ઝાંખી, એ જુદી ચીજ છે.

## ૧૦ પ્રકારનાં સત્ય

(૧) જનપદ સત્ય : પય, પિચ્ચ, ઉદક, નીર.

(૨) સમ્મત સત્ય : પંકજ = કમળ.

(૩) સ્થાપના સત્ય : શતરંજના હાથી, સિક્કા.

(૪) નામ સત્ય : કુળવર્ધન, ધનવર્ધન.

(૫) રૂપ સત્ય : વેષધારી.

(૬) પ્રતીત્ય સત્ય : સાપેક્ષ - નાનું, મોટું ઇત્યાદિ.

(૭) વ્યવહાર સત્ય : પર્વત બળે છે, ઘડો ઝરે છે.

(૮) ભાવ સત્ય : ભ્રમર કાળો, બગલો ધોળો, સુંદર કન્યા.

(૯) યોગ સત્ય : દંડી, છત્રી ઇત્યાદિ.

(૧૦) ઔપમ્ય સત્ય : સમુદ્ર જેવડું સરોવર.

## ૧૦ પ્રકારનાં અસત્ય

(૧) ક્રોધનિસૃત (૨) માનનિસૃત (૩) માયાનિસૃત

(૪) લોભનિસૃત (૫) પ્રેમનિસૃત (૬) દ્વેષનિસૃત

(૭) હાસ્યનિસૃત (૮) ભયનિસૃત (૯) આખ્યાયિકાનિસૃત

(૧૦) ઉપઘાતનિસૃત - અભ્યાખ્યાન.

'સત્ય' એટલે ઈશ્વર, 'અસત્ય' એટલે સંસાર.

અસત્ય જેટલું દૂષણ અને સત્ય જેટલું સબળ કોઈ નહિ!
જીવનશક્તિનો આધાર તેજ ઉપર છે અને તે તેજ
અસત્યમાં વેડફી નાંખવાથી માનવ તેજહીન બને છે.
જૂઠું બોલનાર મનુષ્યની જીવનશક્તિ ઘસાઈ જાય છે.
સામાન્ય રોગોનો તે ભોગ થઈ પડે છે.
અસત્ય ઉચ્ચારથી હૃદય-મગજના જ્ઞાનતંતુ બુઠ્ઠા બને છે
અને લાંબે ગાળે તે હૃદયના રોગ, ક્ષયરોગ,
ગાંડપણ, પથરી, લકવો વગેરે રોગોથી પીડાય છે.
અસત્યમાંથી દંભ, પાખંડ પેદા થાય છે, તે જીવશત્રુ છે.
શત્રુને જીવતો રાખી કોઈ સુખી થાય?
સત્ય વડે પોષણ અને અસત્ય વડે શોષણ થાય છે.

લાગણીશૂન્ય સત્ય વચન અસત્ય છે, જ્યારે
લાગણીયુક્ત અસત્ય વચન પણ સત્ય છે.

પ્રત્યેક પ્રતીતિ આંશિક હોય છે, તેને
સંપૂર્ણતાનું નામ આપવામાં આવે, તો તે અસત્ય છે.

ભૂખનો પાછો અસત્ય પોતે, જે બહુ કાળ ટકી શકતું નથી.

આમ બધાં સૂક્ષ્મ સત્યો અતીન્દ્રિય છે,
માત્ર મંત્ર અને અનિત્ય ભાવના સ્વાનુભવ અને
અતીન્દ્રિય જ્ઞાનના પુરાવાથી સાબિત થઈ શકે છે.

માનવ વિજ્ઞાનમય શોધખોળોનો દુરુપયોગ કરે,
તોય સ્થૂળ જગતનું તેણે પ્રાપ્ત કરેલું જ્ઞાન
કાંઈ નિરુપયોગી કે અસત્ય ઠરતું નથી, તે જ રીતે
કોઈપણ સિદ્ધાંતના અનુયાયીઓ અધૂરા રહે,
તોય તે સિદ્ધાંત કાંઈ અસત્ય ઠરતો નથી.

અસત્યની પ્રગટ શિક્ષા એ છે કે જ્યારે તે સત્ય
બોલે છે, ત્યારે પણ કોઈ એની વાત માનતું નથી.

સત્ય એ ઈશ્વર છે, જૂઠ એ માયા છે.
ઈશ્વર હિતકર છે, માયા અહિતકર છે.

સત્યનું પ્રતિપાદન એ ઈશ્વરની સેવા છે, જ્યારે
અસત્યનું ઉચ્ચારણ એ માયાની ઉપાસના છે.

અસત્યથી ઉત્ક્રાન્તિ નહીં, પરન્તુ પતન જ થાય છે.

## ચાર પ્રકારનાં અસત્ય

(I) ભૂતનિહ્નવ - આત્મા નથી.

(II) અભૂતોદ્ભાવન - આત્મા સર્વગત છે.

(III) અર્થાન્તર - અનાત્માને આત્મા કહેવો અથવા તો મનુષ્યને જાનવર કે પ્રાણી કહેવો.

(IV) ગર્હા - આંધળાને આંધળો કહેવો.

સત્ય બોલનારો માતાનો એક વિશ્વસનીય, ગુરુનો એક પૂજનીય અને સગાંનો એક પ્રિયજન બને છે.

'પરદ્રવ્યેષુલોષ્ઠવત્ |' એ શાહુકારી છે અને સત્ય અપનાવવું - અસત્ય ત્યજવું, તે ખાનદાની છે.

Elementary = મૌલિક અસત્ય એ નૈતિક દોષ છે, બાકી બધાં અસત્ય એ વ્યાવહારિક દોષ છે.

બધાં દુર્ગુણોમાં અસત્ય સૌથી મોટો દુર્ગુણ અને બધાં સદ્ગુણોમાં સત્ય એ સૌથી મોટો ગુણ છે.

જગતનું પ્રતીયમાન રૂપ માયાજનિત ઔપાધિક અસત્ય છે, જગતનું વાસ્તવિક રૂપ બ્રહ્મ છે, માટે સત્ય છે.

## અસત્ પુરુષાર્થ

આત્માનો વીર્ય નામનો ગુણ છે, તેથી જીવ અનાદિથી
પુરુષાર્થ કરે છે પણ તે શુભ - અશુભ ભાવોમાં કરે છે,
તેથી જ્ઞાનીઓ તેને 'અસત્ પુરુષાર્થ' કહે છે. પરનો
પુરુષાર્થ થઈ શકતો નથી છતાં જીવ 'પરનું કરી શકું'
એમ માની પુરુષાર્થ કરે છે, તે 'અસત્ પુરુષાર્થ' છે.

અસત્થી ઉત્ક્રાંતિ નહીં, પતન થાય છે.

સત્પુરુષના માર્ગનું સેવન કરીશું, તો જરૂર સુખી થઈશું.

## સત્ પુરુષાર્થ

શરીર 'પર' છે, કેમકે તે અનંત પુદ્ગલનો પિંડ છે.
તેમાં જીવનો પુરુષાર્થ ચાલી શકે નહીં,
છતાં તેમાં ઉપાય કરવો, તે અસત્ પુરુષાર્થ છે.
રાગ-દ્વેષ, મોહાદિ ટાળવા લાયક છે, તેથી તેને ટાળવા
જે પુરુષાર્થ થાય, તેને 'સત્ પુરુષાર્થ' કહે છે.

'વાસી ખાવું' એટલે પૂર્વની કમાઈને ખાઈ જવી. આ
ભવ પ્રકરમાંથી કોઈપણ નવી કમાઈ કરવી નહીં.

વસ્તુનો અર્થે ઉપયોગ એ અસત્યની સેવા છે.

જે અસ્તિત્વરૂપ છે, તે સત્ય - જે નથી, તે અસત્ય છે.

પર્યાય અસત્ય છે, દ્રવ્ય સત્ય છે.

દ્રવ્ય શાશ્વત છે, પર્યાય અશાશ્વત - અલ્પાયક છે.

પર્યાય દ્રવ્યને બાધક નથી તો સત્ય, અન્યથા અસત્ય છે.

'પર્યાયોની વિવિધતામાં દ્રવ્ય એક જ છે'

આ સત્યનું વિસ્મરણ થવું, એ મિથ્યાત્વ છે.

પ્રેમ ઉપર અહંકાર છવાય છે, ત્યારે બાહ્ય વૃત્તિઓનો આભાસ થાય છે, પરંતુ એ વૃત્તિઓ નાસ્તિરૂપ છે

અસ્તિ તેમાં પ્રેમમાત્રનો આભાસ છે.

## અશુભ વિચાર...

અસત્યવાદથી બાળકને ઠગવા, તે અશુભ વિચાર છે.

તેનાથી મણિપુર ચક્ર સંકોચાય છે, જીવનતત્ત્વ ઘટતું અટકી જઈ અશાંતિ વધે, વ્યાધિના ભોગ થઈ પડાય છે.

મણિપુર ચક્રમાંથી જે જીવનસ્ત્રોત વહે છે,

તેનો સ્વાત્મ જ્ઞાનપૂર્વક કરાતો શુભ વિચાર છે.

ભગવાનનો ઉપદેશ છે કે...

અસત્ય ન બોલવું, ગુસ્સો ન કરવો, મંત્રજાપ ન છોડવો,
કેમકે સત્ય બોલવું, ક્ષમા આપવી અને મંત્ર જપવો,
એ ત્રણેને પરસ્પર સંબંધ છે,
કારણકે એક જ ગુણ ઉપર તે ત્રણે ક્રિયા થાય છે.

નિંદા કરનાર દરેકમાં 3 તત્ત્વો અવશ્ય રહેલ છે:
અસત્ય, ક્રૂરતા અને અવિશ્વાસ.

ક્ષીર-નીરની જેમ સત્ય - અસત્યનો વિવેક કરીને
અસત્ય છોડીને સત્યનો સ્વીકાર કરવો,
તે સાધુજનનો સ્વાભાવિક ધર્મ છે.
'અસત્ય એ હેય - અકર્તવ્ય અને
સત્ય એ ઉપાદેય - કર્તવ્ય છે' એવી બુદ્ધિ તે વિવેક છે.
વિવેક અસત્ય સાથે માંડવાળ કરવા અશક્ત છે.
વિવેક વિચારથી જન્મે અને વિચાર એ સત્યની શોધ છે.
દેવમાં સત્ય છે, દૈત્યમાં અસત્ય છે, પરંતુ
અંતે સત્ય સામે અસત્ય ક્યારેય ટકતું નથી.

અસત્ય હોય, ત્યાં શુદ્ધ સત્યાત્માને ફળ ન મળે!

'દ્રષ્ટિ તેવી સૃષ્ટિ' કહેવતમાં અસત્યની ભૂલ છે,

'સૃષ્ટિ તેવી દ્રષ્ટિ'માં સત્યનિષ્ઠા અથવા સત્યપાલન છે.

સંતોષથી વર્તવામાં સત્યનિષ્ઠા છે,

તેથી ઊલટું વર્તવામાં અસત્યાચરણ છે.

'હું કાંઈ કરું છું' એવી ભાવના અહંકારમાંથી જન્મે છે.

મમતા અને અહંકાર અસત્ય વિના જીવી શકતાં નથી.

જીવનના અસત્ય અને ભૌતિક પદાર્થોમાં ગૂંચવાઈ

ન જવામાં જ અનાસક્તિની મૂળભૂત ભાવના અને

નિષ્કામ કર્મયોગનું અંતિમ રહસ્ય રહેલું છે.

સત્ક્રિયાથી સત્ત્વગુણ વધે છે.

સત્ત્વગુણ થોડો અહંભાવ લાવી સત્ત્વગુણનો નાશ કરે છે.

કામ, ક્રોધ, લોભ - એ ત્રણ તમોદ્વાર છે.

કામ ૧૧ સ્થળે રહેલો છે: ૧૦ ઇંદ્રિયો અને મન.

કામ રાવણ છે, તેને ૧૦ ઇંદ્રિયો રૂપી ૧૦ માથાં છે.

'૧૦ મુખવાળો' એટલે અસત્યવાદી.

સત્ય એક છે, અસત્ય અનેક છે.

અનેક અસત્યનો અંત તે અનેકાંત.

અસત્યના ભાન વિના સત્યનું ભાન કેવી રીતે થાય?

હિંસા, અસત્ય વગેરેની પ્રતિક્રમણપૂર્વકની નિવૃત્તિ દ્વારા પૌદ્ગલિક શુદ્ધિ બનતી જાય છે.

અસત્ય - ચોરી - અનાચારનું સેવન કદાપિ ન કરવું.

અસત્ય મોક્ષનો નાશ કરે, હિંસા ધર્મનો નાશ કરે, સ્તેય ધનનો નાશ કરે, અબ્રહ્મ કામસુખનો નાશ કરે અને પરિગ્રહ તો ઉપરના ચારે ચારનો નાશ કરે છે.

અસત્યવાદી મુખનો રોગી, પરિગ્રહી મનનો રોગી, હિંસક શરીરનો રોગી, અબ્રહ્મસેવી ઇંદ્રિયનો રોગી અને ચોર ઐશ્વર્ય અર્થાત્ ધનનો રોગી બને છે.

માયા એટલે અસત્ય, સત્યનો નિન્હવ, સત્યનો અપલાપ.

ચૈતન્યના સ્વરૂપમાં સ્થિર થવાથી ભાવપ્રાણ જે આત્મભાવની હિંસા થતી નથી તથા દિવ્ય ભાનમાં સ્થિર થવાથી તેના અનંત પ્રકાશમાં અસત્ય સ્પર્શી શકતું નથી.

## દુનિયામાં સૌથી મોટું અસત્ય કયું ?

'હું', 'અહમ્' અને ego sense.

'અહં'ને છોડવો, તે જ તાત્વિક સંન્યાસ છે,

કેમકે 'અહં' એ જ સંસાર છે.

સત્ય જાગૃતિ છે, અસત્ય સુષુપ્તિ છે.

જુદુંજુદુંની કોઈ સ્વતંત્ર સત્તા નથી, છતાં 'હું'નું જુદુંજુદું

સત્તાપ્રવાહથી પોતાને ભિન્ન માને, તે જ અસત્ય છે.

અહિંસા દ્વારા અસત્ય તરફ ઉપેક્ષાવૃત્તિ કેળવવી.

આત્મા સત્ય, અવિનાશી તથા ઉપાદેય છે અને

પર વસ્તુ હેય છે, કારણકે પુદ્ગલ આદિ

સર્વ તો વિનાશી, નાશવંત અને અસત્ય છે.

અસત્યથી બચવું હશે, તો સદ્ગુણની કેળવણી જોઈશે.

અસત્ય વચનના કારણ બે છે:

એક અજ્ઞાન અને બીજા રાગ-દ્વેષાદિ.

બીજાને ઠગવા માટેનું અસત્ય વર્જ્ય છે,

હિતબુદ્ધિથી કે કલ્યાણભાવનાથી તે જ નિર્દોષ છે.

જે અસત્યનું અવલંબન કરે,

તેની પ્રતિજ્ઞા - તેની આત્મસ્થિરતા ગયેલી જ છે.

તેઓ બાહ્ય પ્રતિજ્ઞા પાળતાં હોય, તો પણ તેઓએ

અસત્યના અવલંબન વડે આંતરિક પ્રતિજ્ઞા ગુમાવી છે,

તેથી તેઓના હૃદયમાં સદાકાળ આગ લાગેલી હોય છે.

દૃશ્ય પદાર્થની લાલસા જ અસત્ય ઉપરાંત

અનીતિનું અવલંબન કરાવે છે, તેથી

તેની લાલસાનો ત્યાગ જ ઇષ્ટ છે.

દેહ - ઇંદ્રિય - મન - બુદ્ધિ - પ્રાણ, એ બધા આપણા

નથી, છતાં 'એ બધાનો માલિક છું' એ જ અસત્ય છે.

જે અસત્ય છે, તેનું ખરું અસ્તિત્વ નથી.

સ્વપક્ષને છોડી અન્ય પક્ષનું ખંડન કરે, તે અસત્ય છે

અને સ્વપક્ષનું ખંડન કરે, તો તે સત્ય છે.

સત્યની વ્યાખ્યા નથી. વ્યાખ્યાનો આધાર જ સત્ય છે.

ઐશ્વર્ય કરતાં સત્ય વધે છે, કેમકે તે અંતે અસત્ય છે

અને એક આત્મા જ સત્ય છે, સદા ટકનાર અમૃત છે.

# અસત્યનો આગ્રહ તે અસત્યાગ્રહ.

પારકાના ધનથી પોતાને ધનવાન માનનાર અને પારકાની સ્ત્રીથી પોતાને પરણેતર માનનાર જેમ દુષ્ટ છે - પાપી છે - અધમ છે - નીચ છે, તેમ પરપુદ્‌ગલ દ્રવ્યના સંબંધથી પોતાને રૂપવાન, બળવાન, બુદ્ધિમાન, જાતિમાન ઈત્યાદિ માન્યતા અસત્ય છે અને તેનો આગ્રહ રાખવો, તે અસત્યનો આગ્રહ છે. જેને સત્યનો આગ્રહ રાખવો હોય, તેણે પરવસ્તુને પર તરીકે તથા સ્વવસ્તુને સ્વ તરીકે સ્વીકારવા રહી. સ્વવસ્તુ પોતાના જ્ઞાનાદિ ગુણો છે, બાકીનું બધું પર છે, તેથી પરના સંબંધથી સ્વને સુખી અથવા દુઃખી માનીને રાગ - દ્વેષયુક્ત થવું, તે અસત્યાગ્રહ છે અને તેમાં નિર્લેપ રહેવા કોશિષ કરવી, તે સત્યનો આગ્રહ છે. જેમ અસત્ય કરતાં સત્ય અનંતગણું જોરદાર હોય, તેવી જ રીતે પાપ કરતાં પુણ્યનું બળ અને બુરાઈ કરતાં ભલાઈનું બળ અધિકતર હોય છે.

સત્ય એટલે સોનું, અસત્ય એટલે પિત્તળ.

સમ્યગ્ દર્શન દ્વારા અસત્યમાંથી સત્ય પ્રત્યે,
અજ્ઞાનમાંથી જ્ઞાન તથા માનવતામાંથી દિવ્યતા પ્રત્યે
આરોહણ કરવાની પ્રેરણા માનવના
સમગ્ર ઈતિહાસના પટમાં યુગ-યુગથી મળ્યાં કરી છે.
જીવનમાં અસત્યનો આશરો લઈને
સત્યની શોધ કરવી ક્યારેય શક્ય નથી.

જેનાથી સ્વ-પરહિત થાય, તે સત્ય અને
જેનાથી સ્વ અને પરનું અહિત થાય, તે અસત્ય.

અપવિત્ર કરતાં પવિત્ર વિચારોમાં ઘણું બળ રહેલ છે,
કેમકે અસત્ય પોલું છે, જ્યારે સત્ય નક્કર છે.
અસત્યને સમજવાથી તે કાંઈ સત્યની જ્યોત ન ચમકે.
અસત્યની વચ્ચે સત્ય ટકી રહે છે,
અંધકારની વચ્ચે પ્રકાશ પ્રવર્તી રહે છે.
એથી ઈશ્વર એજ આશા છે, એજ સત્ય છે,
પ્રકાશ છે, પ્રેમ છે, જીવન છે અને પરબ્રહ્મ છે.

કુદરતના કાનુનોથી સજાણ કે અજાણ દૂર કર્યું,
એજ અસત્ય, એજ અન્યાય અને એજ અધર્મ.
પ્રભુની વાણી સ્યાદ્વાદમયી છે = અનાગ્રહથી પૂર્ણ છે.
વાસ્તવમાં સત્ય મહાન વસ્તુ છે,
તેના અભાવ વિશ્વનું સઘળું અસત્ય વામન છે.
કોઈપણ જે સ્વરૂપમાંથી ગૌણને ઉડાવી દઈ
મુખ્ય સ્વરૂપને જ તથ્ય કહેવું, તે અસત્ય બને છે.

o

'આતમ અરપણ વસ્તુ વિચારતાં ભરમ ટળે મતિદોષ,
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ.'
આનંદઘનના આ વાક્યનો મારી ઉપર ખૂબ પ્રભાવ છે.
આત્માર્પણ કરનારને સત્ય માર્ગ દેખાયા વિના
રહેતો જ નથી. ભલેને પછી એ માટે સમય લાગે!
આરાધનામાં મગ્નતા દાખવનાર આપ સર્વ
અસત્યમાં સત્ય તથા પરમાં સ્વબુદ્ધિ ધારણા કરી,
તે મિથ્યાત્વ મોહનીયનો નાશ પામો, એવી ભાવના.

# શ્રુતદેવીનો તરાપો એટલે
# અનુપમ હસ્તાક્ષરોની આ લઘુશ્રેણી!

રોજ ખૂલતી વિરાટની અટારીમાંથી અસ્તિત્વને ભીંજવતો આનંદનો અહાલેક સંભળાય છે અંતિમ દસથી અધિક વર્ષોથી! નિત્ય નવી અનુભૂતિ... સમજણની નિત્ય નવી બારી ખૂલતી! શાશ્વત અધ્યાત્મભર્યા શબ્દોનું નિત્ય નવા અજવાળામાં સદ્યસ્નાતા બનવાનું પુણ્ય જાગ્યું અને બધી જ ભાષાઓ નિરવ થઈ જાય, તેવી શાંતિ અર્પનાર આ અપૂર્વ હસ્તાક્ષરોનો ધોધ ઝીલવાનું પરમ સૌભાગ્ય સાંપડ્યું!

આ બદલાયેલી દિશા તરફ ગતિ કરતાં નથી જડયો ક્યારેય ઉદ્વેગ કે નથી ભેટો થયો ક્યારેય ઉલ્લાસવિહોણી એક્કે ય ક્ષણનો! પ્રભાતે બ્રહ્માંડનો રવ સુણાય, તે પૂર્વેથી મનની ડાળે ઝૂલવા માંડે પૂજ્ય ગુરૂમહારાજની રરજ રોજનીશીઓમાં કંડારાયેલી તેઓના હસ્તાક્ષર મઢિત અ-ક્ષર અનુપ્રેક્ષાઓ! ચાર ભાગના આ લઘુસંપુટમાં છે સત્ય, શ્રદ્ધા, કષાયો, તપસ્યા અને પરમાત્મા જેવા અનુભૂત વિષયોનો ઉઘાડ.

આજે પણ ઉરમાં જેના શબ્દો ધબકી રહ્યા છે,
તેવા ઋષિકવિ શ્રી ઉમાશંકર જોશીના શબ્દો સ્મરે છેઃ
'શતાબ્દીઓના ચિર શાંત ઘુમ્મટો ગજાવતો ચેતનમંત્ર આવતો...
ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો!'

મંગલ એવા સત્ય વિષયને લગતો આ ભાગ આપ સૌનાં ચરણે...
એવં અંતિમ મંગલ એવા 'મોક્ષ' ભાગમાં વળી મળીશું ઢળી ગુરૂશરણે!

**ભારતી દિપક મહેતાના સાદર વંદન**

॥ शुभम् भवतु ॥ ॥ शुभम् भवतु ॥

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... દશમું સ્વપ્ન પદ્મસરોવર.



સૂર્યવિકાસી, ચંદ્રવિકાસી અને જાત્યકમળોથી પરિપૂર્ણ
સૂર્યનાં કિરણોથી પ્રફૂલ્લિત કમળોની સૌરભથી સુગંધિત
પદ્મસરોવર આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

હજાર પાંખડીવાળા કમળોથી સુશોભિત સરોવરની
જેમ આ બાળક પણ ૧૦૦૮ શુભ લક્ષણોથી યુકત બનશે.



**: સત્ય જ્યાં છે, તેને સ્વીકારવું :**

સત્ય શોધવાનું છે, સત્ય શીખવાનું નથી.
સત્ય મેળવવાનું નથી, પરંતુ સત્ય થવાનું છે.
સત્ય લેવાતું અથવા દેવાતું પણ નથી.
સત્યનું કોઈથી દાન પણ થઈ શકે નહીં.
સત્ય સંપત્તિ નહીં, કિન્તુ સ્વત્વ છે,
તેથી તે બીજા કોઈને પણ આપી શકાય નહીં.

www.fiestadesigns.in